

યુદ્ધમાં પીઠ બતાવી નાસી જનારા 66 સૈનિકોને 'સજા એ મોત'

PAGE NO. 16

પરદેશમાં દેશની મહેંક એટલે

સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



FRIDAY, 13 NOVEMBER 2026 Vol. 24, No. 46 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

ઈરાનનું અલ્ટીમેટમ: શરતો માની લો તો ખોલી દઈશું હોર્મુઝ

જો અમેરિકા હુમલા કરશે, તો તેનો જડબાતોડ જવાબ આપવા ચીમકી : વોશિંગ્ટન તરફથી સત્તાવાર જવાબ અપાયો નહી

વોશિંગ્ટન

મિડલ ઈસ્ટમાં વધતા તણાવ વચ્ચે વિશ્વના સૌથી વ્યસ્ત અને વ્યૂહાત્મક દરિયાઈ માર્ગ 'હોર્મુઝ સ્ટ્રેટ'ને લઈને ઈરાને અમેરિકાને સીધું અલ્ટીમેટમ આપી દીધું છે. ઈરાને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે જો અમેરિકા તેની શરતો માની લે, તો આ મહત્ત્વપૂર્ણ દરિયાઈ માર્ગ 48 કલાકમાં જ ખોલી દેવામાં આવશે. જોકે, વોશિંગ્ટન તરફથી હજુ સુધી આ શરતો પર કોઈ સત્તાવાર જવાબ આપવામાં આવ્યો નથી, બીજી તરફ તેહરાને ચેતવણી પણ આપી છે કે જો અમેરિકા હુમલા કરશે, તો તેનો જડબાતોડ જવાબ આપવામાં આવશે.

શું છે ઈરાનની મુખ્ય શરતો?



» સમગ્ર વિસ્તારમાં ચાલી રહેલું યુદ્ધ તાત્કાલિક બંધ કરવામાં આવે.
» વિશ્વની અલગ-અલગ બૅંકોમાં જમા ઈરાનના રોકાયેલા (ફ્રીઝ થયેલા) નાણાં તેને પરત કરવામાં આવે.
» ઈરાનના ફૂડ ઓઈલ પર લગાવવામાં આવેલા અમેરિકી પ્રતિબંધો હટાવવામાં આવે.
» ઈરાનના બંદરો (Ports) પર અમેરિકાએ જે પ્રતિબંધો મૂક્યા છે, તે સંપૂર્ણપણે ખતમ કરવામાં આવે.

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ જણાવ્યું છે કે આ યુદ્ધનો ઉકેલ હુમલાઓ કે આર્થિક દબાણ વધારીને લાવી શકાય તેમ નથી. જો અમેરિકા ખરેખર શાંતિ ઈચ્છતું હોય, તો તેણે ઈરાનની માંગણીઓ પર વાત કરવી પડશે. આ દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ વાતચીતને લઈને આશા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે બંને દેશો વચ્ચે સમજૂતી સારી દિશામાં આગળ વધી રહી છે. જોકે, તેમણે એવું પણ કહ્યું કે જરૂર પડશે તો અમેરિકી સેના હુમલા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે.

મોહસિન રેઝાઈએ અમેરિકાને ગંભીર ચેતવણી પણ આપી છે. તેમણે કહ્યું કે, જો અમેરિકાના વિમાનો કોઈ અમેરિકી સૈન્ય મથક પરથી ઉડાન ભરીને ઈરાન પર બોમ્બમારો કરશે, તો ભલે તે મથક યુરોપમાં હોય કે અન્ય કોઈ દૂરના વિસ્તારમાં, ઈરાન તેના પર પણ હુમલો કરશે.

એક સમયે 'મહિલાઓ વિનાનો ખંડ' ગણાતા પ્રદેશમાં નારીશક્તિનો ડંકો વગાડ્યો

એન્ટાર્કટિકાના થીજવી દેતા બરફ પર ૧૦૦ માઈલ દોડનારી પ્રથમ મહિલા બની કેનેડાની સ્ટેફની કેસ



17 કલાક અને 31 મિનિટમાં 160.9 કિલોમીટરનું અંતર કાપી ઈતિહાસ રચ્યો; કુલ 28 સ્પર્ધકોમાં બીજો ક્રમ

ટોરોન્ટો : કેનેડિયન અલ્ટ્રામૅરેથોનર સ્ટેફની કેસે પૃથ્વીના સૌથી ઠંડા અને તોફાની ખંડ એન્ટાર્કટિકા ઉપર ૧૦૦ માઈલ એટલે કે ૧૬૦.૯ કિલોમીટરની દોડ સફળતાપૂર્વક પૂર્ણ કરીને ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. પૂર્વ એન્ટાર્કટિકાના 'ક્વીન મૌડ લેન્ડ' ખાતે યોજાયેલી અત્યંત કઠિન 'એન્ટાર્કટિક આઇસ અલ્ટ્રા' સ્પર્ધામાં આ સિદ્ધિ મેળવીને તે આ ખંડ પર આટલું લાંબું અંતર સર કરનારી વિશ્વની પ્રથમ મહિલા બની ગઈ છે.

૪૪ વર્ષીય સ્ટેફની કેસે ૪.૨ કિલોમીટરના બરફીલા લૂપ ઉપર સતત ૩૮ ચક્કર અને વધારાના ૩૦૦ મીટરની દોડ ૧૭ કલાક, ૩૧ મિનિટ અને ૩૯ સેકન્ડમાં પૂર્ણ કરી હતી. હાથમાં કેનેડાનો ધ્વજ અને આંખોમાં ખુશીના આંસુ સાથે ફિનિશ લાઇન પાર કરનાર કેસ કુલ ૨૮ દોડવીરોમાંથી તે બીજા ક્રમે રહી હતી. આ સ્પર્ધા ચીનના યુશેંગ નિએ ૧૭:૦૨:૨૪ ના સમય સાથે જીતી હતી.

આ અદ્ભુત સફળતા બાદ કેસે અનુભવ વર્ણવતા જણાવ્યું હતું કે, "એક સમયે જેને 'મહિલાઓ વિનાનો ખંડ' કહેવામાં આવતો હતો, ત્યાં આ પ્રકારે મહિલાઓની મજબૂત હાજરી નોંધાવવી એ ખૂબ જ ગર્વની વાત છે." અગાઉ મે ૨૦૨૫માં વેલ્સ ખાતે 'અલ્ટ્રા-ટ્રેલ સ્નોડોનિયા' રેસ જીતનારી અને દોડ દરમિયાન પોતાની છ મહિનાની પુત્રીને સ્તનપાન કરાવતી તસવીરોથી ચર્ચામાં આવેલી કેસે સમાજની નકારાત્મક ટીકાઓને પાછળ છોડીને સાબિત કરી દીધું છે કે, દ્રઢ મનોબળથી કોઈપણ મુશ્કેલ લક્ષ્ય હાંસલ કરી શકાય છે.

ન્યૂ યોર્કમાં ત્રણ માળની ઈમારત ધરાશાયી થતાં 8 લોકોના કરૂણ મોત, 17ને ઈજા

લોકો દટાયેલા હોવાની આશંકાના પગલે બચાવ કામગીરી

ન્યૂ યોર્ક

અમેરિકાના ન્યૂ યોર્ક શહેરમાં બુધવારે એક રહેણાંક ઈમારત અચાનક પત્તાના મહેલની જેમ તૂટી પડતા મોટી દુર્ઘટના સર્જાઈ છે. આ ત્રણ માળની ઈમારતમાં એપાર્ટમેન્ટ આવેલા હતા અને અકસ્માત થયો ત્યારે અંદર ઘણા લોકો હાજર હતા. અત્યાર સુધીમાં આ દુર્ઘટનામાં 8 લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે 3 ફાયર ફાઈટર્સ સહિત ઓછામાં ઓછા 17 લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. કાટમાળ નીચે હજુ પણ કેટલાક લોકો દટાયેલા હોવાની આશંકાના પગલે યુદ્ધના ધોરણે બચાવ કામગીરી ચાલી રહી છે.

ન્યૂયોર્કના મેયર ઝોહરાન મમદાનીએ 8 નાગરિકોના મોતની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે, આ ઘટનાથી તેમનું હૃદય દ્રવી ઉઠ્યું છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર માહિતી આપતા લખ્યું કે બચાવકર્મીઓએ અત્યંત જોખમી પરિસ્થિતિઓ વચ્ચે આખી રાત કાટમાળમાં ફસાયેલા લોકોને શોધવાનું અભિયાન ચલાવ્યું છે. મૃતકોના પરિવારજનો અને ઘાયલો પ્રત્યે સંવેદના વ્યક્ત કરવાની સાથે મેયરે લોકોને ઘટનાસ્થળથી દૂર રહેવા અપીલ કરી હતી. દુર્ઘટના સમયે આસપાસ હાજર રહેલા લોકોએ ભયાનક દ્રશ્યો વર્ણવ્યા હતા. ઈમારતની બરાબર પાછળ રહેતા ઈમેન્યુએલા કેરિલસે જણાવ્યું હતું કે પહેલા કોઈ મોટો વિસ્ફોટ થયો હોય તેવો અવાજ આવ્યો અને ત્યારબાદ ચારેબાજુ લોકોની ચીસો સંભળાવા લાગી હતી. અન્ય એક પ્રત્યક્ષદર્શી ડેશિકે કહ્યું કે તેણે જીવનમાં આવું દ્રશ્ય ક્યારેય જોયું નથી. રાહતની વાત એ રહી કે બચાવ ટુકડીએ કાટમાળ નીચેથી એક 6 મહિનાની ગર્ભવતી મહિલાને જીવિત બહાર કાઢી હતી







સ્ટીલ ઉપરાંત હવે કૃષિ, ખાણકામ, તેલ-ગેસ અને ઉત્પાદન ક્ષેત્રના બિન-સ્ટીલ સામાનને પણ મળશે માફી

કેનેડામાં અમેરિકાથી આયાત થતાં ઉત્પાદન પર ટેરિફની અવધિ ૩૦ જૂન ૨૦૨૮ સુધી લંબાવાઈ

સ્થાનિક સ્તરે ઉપલબ્ધ ટ્રેઇલર્સ, એલ્યુમિનિયમ વાયર અને પેપરબોર્ડ ઉત્પાદનોને રાહતમાંથી બાકાત રખાશે

ઓટાવા

કેનેડાની ફેડરલ સરકારે યુનાઈટેડ સ્ટેટ્સથી આયાત થતા માલસામાન પરના ટેરિફ રાહત કાર્યક્રમનો વિસ્તાર કરવાની અને તેની સમયમર્યાદા લંબાવવાની મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. અમેરિકા સામે કેનેડાના વળતા શુલ્કની નીતિને કારણે આર્થિક ભીંસમાં મુકાયેલી સ્થાનિક કંપનીઓ ઉપરનો બોજ ઘટાડવાના ઉદ્દેશ્યથી આ કામચલાઉ માફી કાર્યક્રમમાં મોટા ફેરફારો કરવામાં આવ્યા છે. સરકારના નવા નિર્ણય મુજબ આ રાહત કાર્યક્રમની સમાપ્તિ તારીખ વધુ એક વર્ષ લંબાવીને ૩૦ જૂન, ૨૦૨૮ કરવામાં આવી છે. અત્યાર સુધી આ યોજનામાં મુખ્યત્વે સ્ટીલ ઉપર ધ્યાન કેન્દ્રિત કરાતું હતુ. પરંતુ, હવે ઉત્પાદન (મેન્યુફેક્ચરિંગ), કૃષિ ઉત્પાદન, ખાણકામ તેમજ તેલ અને ગેસ નિષ્કર્ષણના ક્ષેત્રમાં વપરાતા બિન-સ્ટીલ માલ-સામાનને પણ ટેરિફ માફીમાં આવરી લેવાશે. આ ઉપરાંત, જાહેર શિક્ષણ સંસ્થાઓ અને સ્વદેશી સંગઠનો દ્વારા ઉપયોગમાં લેવાતા આવશ્યક



માલસામાનને પણ આ રાહતનો લાભ મળશે. બીજી તરફ ઓટાવાએ સ્પષ્ટ કર્યું છે કે, જે વસ્તુઓ કેનેડામાં જ વિશ્વસનીય રીતે ઉપલબ્ધ છે, તેને આ માફી કાર્યક્રમમાંથી બાકાત રાખવામાં આવશે. જેમાં ચોક્કસ પ્રકારના ટ્રેઈલર્સ, એલ્યુમિનિયમ વાયર અને પેપરબોર્ડ ઉત્પાદનોનો સમાવેશ થાય છે. સરકારનો મુખ્ય હેતુ કેનેડિયન કંપનીઓને અમેરિકન સપ્લાયર્સ પરની નિર્ભરતા ઘટાડવા અને વૈકલ્પિક પુરવઠા શૃંખલા વિકસાવવા માટે પૂરતો સમય આપવાનો છે.

હિન્દુ સમાજના પ્રતિનિધિઓ દ્વારા ટોરોન્ટો પોલીસ સાથે દિવાળી પર્વે શુભેચ્છા મુલાકાત



સમુદાયની સુરક્ષા અને સેવા માટે પોલીસની કામગીરી બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરાઈ

ટોરોન્ટો

દિવાળીના પાવન અવસરે હિન્દુ સમુદાયના પ્રતિનિધિ કેતન પુરોહિત અને તેમની ટીમે સ્કારબરો સ્થિત ટોરોન્ટો પોલીસ સર્વિસની ૪૩મી ડિવિઝનની મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો હેતુ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને દિવાળીની હાર્દિક શુભેચ્છાઓ પાઠવવાનો તથા સમુદાયની સુરક્ષા અને સેવા માટે તેમની સમર્પિત કામગીરી બદલ આભાર વ્યક્ત કરવાનો હતો.

દિવાળીના આ પાવન પર્વે પ્રકાશ, શાંતિ, સંવાદિતા, આશા અને અંધકાર પર પ્રકાશ તથા અસત્ય પર સત્યના વિજયનો સંદેશ વહેંચવાની આ એક સુંદર તક હતી. કેતન પુરોહિત અને તેમની ટીમે જાહેર સલામતી જાળવવા, સમુદાય સાથે સારા સંબંધો વિકસાવવા તથા સ્કારબરોના વિવિધ સમુદાયોની સેવા કરવા બદલ ૪૩મી ડિવિઝનના સતત પ્રયાસોની પ્રશંસા કરી હતી.

પોલીસ અધિકારીઓએ પ્રતિનિધિમંડળનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

આ મુલાકાત પરસ્પર સન્માન, મિત્રતા અને સમુદાય તથા પોલીસ વચ્ચેના સુમેળનું સુંદર પ્રતીક બની રહી હતી.

હિન્દુ સમુદાયે ૪૩મી ડિવિઝનના તમામ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. તથા તેમને અને તેમના પરિવારજનોને દિવાળીની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.


ઓન્ટેરિયો આર્ટ ગેલેરીનો પાંચમો માળ સપ્ટેમ્બર ૨૦૨૭માં ખુલ્લો મુકવામાં આવશે

સ્વદેશી અને આંતરરાષ્ટ્રીય કલાકારોની 400 કલાકૃતિઓ પ્રદર્શિત થશે

ટોરોન્ટો

ટોરોન્ટો સ્થિત ઓન્ટેરિયોની આર્ટ ગેલેરીનું નવું પાંચ માળનું વિસ્તરણ આગામી પાનખરમાં એટલે કે ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૭ના રોજ જાહેર જનતા માટે ખુલ્લું મૂકવામાં આવશે. ૪૦,૦૦૦ ચોરસ ફૂટની આ વધારાની જગ્યામાં ગેલેરીના કલાના વધતા જતા સંગ્રહને પ્રદર્શિત કરવામાં આવશે. મ્યુઝિયમ સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, 'ડેની રીસ મોર્ડન એન્ડ કન્ટેમ્પરરી ગેલેરી'માં સ્વદેશી, કેનેડિયન અને આંતરરાષ્ટ્રીય કલાકારો દ્વારા નિર્મિત આશરે ૪૦૦ જેટલી કલાકૃતિઓ જોવા મળશે. વર્ષ ૨૦૨૨માં કેનેડા ગૂસના ચેરમેન અને સીઈઓ ડેની રીસના $ ૩૫ મિલિયનના દાનથી આ પ્રોજેક્ટની શરૂઆત થઈ હતી. હાલ ફેડરલ-પ્રાંતીય સરકારો અને ખાનગી દાતાઓના સહયોગથી તેના સંચાલન ખર્ચ માટે સંપૂર્ણ ભંડોળ એકત્ર થઈ ચૂક્યું છે.

ડાયમંડ શ્મિટ, સેલડોર્ફ આર્કિટેક્ટ્સ અને ટુરો આર્કિટેક્ટ દ્વારા તૈયાર કરાયેલું આ વિસ્તરણ ટોરોન્ટોના ગ્રેન્જ પાર્કની સામે હશે અને મ્યુઝિયમના હાલના ફ્રેન્ક ગેહરી-ડિઝાઈન કરેલા ભવન સાથે જોડાશે. અગ્નિભૂત ઈંધણ વિના ચાલવા માટે ડિઝાઈન કરાયેલી આ ઈમારતને 'ઝીરો કાર્બન બિલ્ડિંગ ડિઝાઈન' પ્રમાણપત્ર મળ્યું છે, જે મેળવનારી તે કેનેડાની પ્રથમ વિશાળ સાંસ્કૃતિક સંસ્થા બની છે.



ઓછા વેતનવાળા કામદારોનો રોજગારી સમયગાળો બે વર્ષ કરાશે

1 માર્ચ, 2027થી નવા LMIA નિયમો લાગુ થશે; અર્લી ચાઇલ્ડહુડ એજ્યુકેટર્સને 6 ટકા બેરોજગારી નિયમમાંથી મુક્તિ

ઓટ્ટાવા

કેનેડાની ફેડરલ સરકારે ઓછા વેતનવાળા કામચલાઉ વિદેશી કામદારોને રોજગારી આપવાના નિયમોમાં મોટા ફેરફારો કરવાની જાહેરાત કરી છે. નવા સુધારા મુજબ ઓછા વેતનવાળા 'લેબર માર્કેટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ'હેઠળ કામદારોને રાખવાની મહત્તમ અવધિ એક વર્ષથી વધારીને બે વર્ષ કરાશે. આ ફેરફારો ૧ માર્ચ, ૨૦૨૭થી અમલમાં આવશે. જેના માટે પ્રાંતો અને પ્રદેશોએ તેમાં સામેલ થવા સંમતિ આપવી જરૂરી રહેશે.

સરકારે સ્પષ્ટ કર્યું છે કે, છ ટકાથી વધુ બેરોજગારી દર ધરાવતા શહેરોમાં વિદેશી કામદારોની ભરતી પરના પ્રતિબંધો યથાવત રહેશે. જો કે, આ પ્રતિબંધોમાંથી મુક્તિ ધરાવતા વ્યવસાયોની યાદીમાં હવે 'પ્રારંભિક બાળપણના શિક્ષકો' (અર્લી ચાઈલ્ડહુડ એજ્યુકેટર્સ)નો પણ સમાવેશ કરવામાં આવી રહ્યો છે. આ યાદીમાં અગાઉથી જ આરોગ્ય



સંભાળ, બાંધકામ અને ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રની ચોક્કસ નોકરીઓ સામેલ છે.

વધુમાં, ફેડરલ સરકાર પ્રાંતોને એવી સત્તા આપવાનો પ્રસ્તાવ મૂકી રહી છે કે, જેનાથી તેઓ પોતાના પ્રદેશની જરૂરિયાત મુજબ અમુક નોકરીઓને '૬ ટકાના


નિયમ'માંથી મુક્તિ આપી શકે. આ ઉપરાંત, નોકરીદાતાઓને તેમના કુલ કાર્યબળમાં ઓછા વેતનવાળા વિદેશી કામદારોનું પ્રમાણ હાલના ૧૦ ટકાથી વધારીને ૧૫ ટકા સુધી લઈ જવાની મંજૂરી આપવાની સત્તા પણ પ્રાંતોને સોંપવામાં આવશે.

નોવા સ્કોશિયાના સ્ટેલાર્ટન ખાતે એક પ્રેસ કોન્ફરન્સમાં ઈમિગ્રેશન મિનિસ્ટર લીના ડિયાબે જણાવ્યું હતું કે, પ્રાદેશિક જરૂરિયાતો મુજબ આ કાર્યક્રમ તૈયાર

કરવા સરકાર પ્રાંતો સાથે મળીને કામ કરવા માંગે છે. પરંતુ પ્રથમ પ્રાથમિકતા કેનેડિયન નાગરિકોને જ મળશે. આ પ્રસંગે તેમણે 'રૂરલ કોમ્યુનિટી ઈમિગ્રેશન પાઈલટ' (RCIP)ને હવે કાયમી સરકારી કાર્યક્રમ અને 'પરમેનન્ટ રેસિડેન્સી' (PR) મેળવવાના કાયમી માર્ગમાં રૂપાંતરિત કરવાની પણ મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી.

પ્રેમિકાની હત્યા કર્યા બાદ આપઘાતનો પ્રયાસ કરનાર આરોપી યુવકને આજીવન કેદની સજા





માથામાં હજુ પણ ગોળી ફસાયેલી, કમર નીચે લકવો થતાં આરોપી વ્હિલ ચેર પર, પેરોલ અંગે કોર્ટમાં દલીલો

બ્રામ્પ્ટન

પોતાની પ્રેમિકાની ગોળી મારીને હત્યા કર્યા બાદ આત્મહત્યાના પ્રયાસના કેસમાં બ્રામ્પ્ટનનો દોષિત યુવક ડાર્નેલ રીડ હવે કમરથી નીચેના ભાગે લકવાગ્રસ્ત થઈને વ્હીલચેર પર આવી ગયો છે. સોમવારે બ્રામ્પ્ટન કોર્ટહાઉસના એક કોર્ટરૂમમાં વ્હીલચેર પર બેઠેલા રીડને ફરજિયાત આજીવન કેદની સજા સંભળાવવા દરમિયાન તેને પેરોલ માટે કેટલા વર્ષ રાહ જોવી પડશે તે મુદ્દે બંને પક્ષના વકીલો વચ્ચે ઉગ્ર દલીલો થઈ હતી.

રીડે ગત સપ્ટેમ્બર મહિનામાં 'સેકન્ડ-ડિગ્રી મર્ડર'નો ગુનો કબૂલી લીધો હતો. તેણે કોર્ટ સમક્ષ સ્વીકાર્યું હતું કે, ૨૮ જુલાઈ, ૨૦૨૦ના રોજ તેણે પોતાની ૨૫ વર્ષીય પ્રેમિકા ડેરિયન હેન્ડરસન-બેલમેનને ગોળી મારીને હત્યા કરી હતી અને ત્યારબાદ પોતાના માથામાં પણ ગોળી મારી લીધી હતી. માથાના પાછળના ભાગે વાગેલી ગોળી હજુ પણ તેના માથામાં જ ફસાયેલી છે, જેના કારણે તે કાયમી અપંગ બની ગયો છે. આત્મહત્યાના પ્રયાસ બાદ સાત મહિનાની સારવાર પછી ૩ માર્ચ, ૨૦૨૧ના રોજ હોસ્પિટલમાંથી રજા મળતા જ પોલીસે તેની સામે હત્યાનો ગુનો દાખલ કર્યો હતો.

આ ઉપરાંત, સોમવારે રીડે પ્રતિબંધિત હથિયાર રાખવા અને નશાની હાલતમાં વાહન ચલાવવાનો ગુનો પણ કબૂલ્યો હતો. હત્યાના બે મહિના પહેલાં ૨૩ મે, ૨૦૨૦ના રોજ ગાંજાના નશામાં તેણે વાહન ફૂટપાથ ઉપર ચડાવી અન્ય બે વાહનોને ટક્કર મારી હતી. તે સમયે પીલ પોલીસે તેની પાસેથી નવ ગોળીઓ ભરેલી પિસ્તોલ જપ્ત કરી હતી. જેનો સીરીયલ નંબર ભૂંસી નખાયો હતો. આ કેસમાં ૨૮ મેના રોજ તેને $૨૦,૦૦૦ના જામીન ઉપર ૨૪/૭ ઘરમાં નજરકેદ અને પગમાં જીપીએસ ટ્રેકિંગ બ્રેસલેટ પહેરાવવાની કડક શરત સાથે મુક્ત કરાયો હતો. તેમ છતાં તેણે આ જઘન્ય હત્યાકાંડને અંજામ આપ્યો હતો.

કેનેડામાં વર્ષોના વિલંબ બાદ 'રીઅલ-ટાઇમ રેલ' ઇન્સ્ટન્ટ પેમેન્ટ સિસ્ટમ શરૂ

ગણતરીની સેકન્ડોમાં નાણાંની આપ-લે અને પતાવટ શક્ય બનશે

ટોરોન્ટો

કેનેડિયન વ્યવસાયો અને ગ્રાહકો માટે દૈનિક નાણાકીય વ્યવહારોને અત્યંત ઝડપી બનાવવા 'પેમેન્ટ્સ કેનેડા' દ્વારા લાંબા સમયથી વિલંબિત 'રીઅલ-ટાઈમ રેલ' નેશનલ પેમેન્ટ સિસ્ટમનો સત્તાવાર પ્રારંભ કરાયો છે. આ નવી સિસ્ટમ દ્વારા સહભાગી નાણાકીય સંસ્થાઓ દિવસના ૨૪ કલાક ગણતરીની પળોમાં સુરક્ષિત રીતે ચુકવણીઓનું વિનિમય, ક્લિયરિંગ અને પતાવટ કરી શકશે. પેમેન્ટ્સ કેનેડાના સીઈઓ સુસાન હોકિન્સે આ લોન્ચિંગને દેશમાં ચુકવણીના એક નવા યુગની શરૂઆત ગણાવી હતી. વર્ષ ૨૦૧૯માં અમલમાં આવનાર આ પ્રોજેક્ટ વર્ષોના વિલંબ બાદ શરૂ થયો છે. જેનાથી પ્રોસેસિંગ ખર્ચ ઘટશે તેમજ રોકડ અને ચેક પરની નિર્ભરતા ઓછી થશે. પ્રારંભિક તબક્કામાં વેલ્થસિમ્પલ, ક્વેસ્ટબેંક, કોહો, પીપલ્સ ટ્રસ્ટ કંપની અને બેંક ઓફ અમેરિકા સહિતની સંસ્થાઓ જોડાઈ છે, અને આગામી મહિનાઓમાં કેનેડાની તમામ મુખ્ય બેંકો આ નેટવર્કમાં સામેલ થશે. યોર્ક યુનિવર્સિટીના પ્રોફેસર હેનરી કિમે આ પગલાને આવકારતાં જણાવ્યું કે, તાત્કાલિક નાણાંની પતાવટ ખાસ કરીને વ્યવસાયો માટે અત્યંત ફાયદાકારક સાબિત થશે.





તંત્રી સ્થાનેથી

દુનિયામાં એઆઈનું વધતું સામ્રાજ્ય

માનવ સમુદાય ઉપર તોળાતું જોખમ

છેલ્લાં ચારેક વર્ષથી સમગ્ર દુનિયામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ વધી રહ્યો છે. આ સાથે જ તેના કેટલાક સકારાત્મક અને નકારાત્મક પાસાઓ છે. AIની મદદથી કેન્સર જેવા ગંભીર રોગોનું વહેલું નિદાન શક્ય બન્યું છે. નવી દવાઓ શોધવાની પ્રક્રિયા પણ ખૂબ ઝડપી થઈ છે. હવામાનની સચોટ આગાહી, અવકાશ સંશોધન અને પર્યાવરણની સમસ્યાઓ ઉકેલવામાં AI મોટી મદદ કરી રહ્યું છે. જટિલ અને કંટાળાજનક કામો AIને સોંપીને માણસ પોતાનો સમય સર્જનાત્મક અને વ્યૂહાત્મક કાર્યોમાં વાપરી શકે છે.



તંત્રી - સ્વદેશ

જેમ કોમ્પ્યુટર અને ઈન્ટરનેટ આવવાથી નવા પ્રકારની નોકરીઓ ઊભી થઈ હતી, તેમ AI ક્ષેત્રે પણ નવી કુશળતા ધરાવતા લોકો માટે તકો ઊભી થઈ રહી છે. જો કે, બીજી તરફ તેના નકારાત્મક પાસાઓએ ચિંતા ઉપજાવી છે. તે માણસ દ્વારા આપવામાં આવતા આદેશો પર ચાલતું સામાન્ય ટૂલ રહ્યું નથી. માણસ પોતાની સુવિધા અને શોર્ટ-કટની લાલચમાં એટલો અંધ બની ગયો છે કે તેણે પોતાની બુદ્ધિ, વિવેક અને નૈતિકતાનું આખું તંત્ર સિલિકોન ચિપ્સ અને અલ્ગોરિધમના હવાલે કરી દીધું છે.

વર્ષ ૧૯૯૭માં જ્યારે આઈબીએમના 'ડીપ બ્લુ' કમ્પ્યુટરે વિશ્વ ચેસ ચેમ્પિયન ગેરી કાસ્પારોવને હરાવ્યો, ત્યારે દુનિયાને માત્ર આશ્ચર્ય થયું હતું. ભય લાગ્યો ન હતો. કારણ કે, તે મશીન માત્ર ચોક્કસ નિયમો અને અગાઉથી નક્કી કરેલા પ્રોગ્રામ મુજબ જ કામ કરી શકતું હતું. પરંતુ અસલી વળાંક ૨૦૧૬માં આવ્યો, જ્યારે ગૂગલ ડીપમાઈન્ડના 'આલ્ફાગો' પ્રોગ્રામે માનવ ઈતિહાસની સૌથી જટિલ અને અંતઃપ્રેરણા પર આધારિત ગણાતી 'ગો' રમતના વિશ્વ ચેમ્પિયન લી સેડોલને કારમો પરાજય આપ્યો હતો. આલ્ફાગોએ રમત દરમિયાન ૩૭મી ચાલ એવી રમી હતી, જે માનવ ઈતિહાસના હજારો વર્ષોના રેકોર્ડમાં કોઈ ખેલાડીએ ક્યારેય વિચારી પણ નહોતી. આ સમયે નિષ્ણાતો સ્તબ્ધ થઈ ગયા હતા. કારણ કે, તે ચાલ કોઈ પૂર્વ-નિર્ધારિત પ્રોગ્રામિંગ નહોતું, પણ મશીને જાતે વિચારેલી નવી વ્યૂહરચના હતી. ત્યારબાદ આવેલું 'આલ્ફાઝીરો' તો તેનાથી પણ આગળ નીકળી ગયું હતુ. જ્યારે ૨૦૨૨ના અંતમાં 'જનરેટિવ એઆઈ' અને લાર્જ લેંગ્વેજ મોડલ્સ જેમ કે ચેટજીપીટી, ક્લાઉડ અને જેમિનાઈ સામાન્ય લોકો સુધી પહોંચી ગયા. આ સમયે એઆઈએ માનવ ભાષા, સર્જનાત્મકતા, તર્ક અને વિશ્લેષણ ઉપર પોતાનો એવો સકંજો જમાવ્યો, જેની કલ્પના મોટાભાગના મનોવૈજ્ઞાનિકોએ પણ નહોતી કરી. આપણે એઆઈના 'બ્લેક બોક્સ' પ્રોબ્લેમ સામે લાચાર છીએ, ખુદ એઆઈ બનાવનારા ટોચના એન્જિનિયરો અને વૈજ્ઞાનિકો પણ નથી જાણતા કે ન્યુરલ નેટવર્ક્સ અંદર કઈ રીતે વિચારીને ચોક્કસ નિર્ણયો લઈ રહ્યા છે.

અત્યાર સુધી એઆઈ માણસના એક સવાલનો એક જવાબ આપવા પૂરતું મર્યાદિત હતું. પરંતુ હવે ઓટોનોમસ એઆઈ એજન્ટ્સનું સામ્રાજ્ય શરૂ થઈ ચૂક્યું છે. થોડા વર્ષો પહેલાં મેટા (ફેસબુક)ની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ રિસર્ચ લેબમાં 'બોબ' અને 'એલિસ' નામના બે એઆઈ ચેટબોટ્સને આપસમાં વાટાઘાટો અને સોદાબાજી કરવાની છૂટ હતી. પરંતુ તે પછી થોડા જ સમયમાં આ બંને એઆઈએ માનવીય અંગ્રેજી ભાષાના નિયમો ફગાવી દીધા અને પોતાની એક તદ્દન નવી, અત્યંત ઝડપી અને સાંકેતિક ભાષા બનાવીને આપસમાં વાતચીત શરૂ કરી દીધી. આ ભાષા ત્યાં હાજર ટોચના કમ્પ્યુટર સાયન્ટિસ્ટ્સ પણ ઉકેલી શક્યા નહીં. તેઓ એટલા ગભરાઈ ગયા કે, તાત્કાલિક અસરથી તે પ્રોજેક્ટનું પ્લગ ખેંચીને સિસ્ટમ બંધ કરી દેવી પડી હતી. આ કોઈ એકલદોકલ ઘટના નથી. તાજેતરમાં એઆઈ એજન્ટોના વિશાળ સિમ્યુલેશન્સમાં જોવા મળ્યું છે કે, જ્યારે વિવિધ એઆઈ એજન્ટોને કોઈ ચોક્કસ પર્યાવરણમાં કામ સોંપવામાં આવે છે, ત્યારે તેઓ માણસથી અજાણી એવી પોતાની કોડેડ ભાષામાં ડેટાનું આદાનપ્રદાન કરે છે. એટલું જ નહીં, આ એજન્ટો માણસ વિરોધી જૂથબાજી કરતા પકડાયા છે. જ્યારે તેમને કોઈ કપરું ટાસ્ક આપવામાં આવે અને માનવીય નિયમો કે નૈતિક પ્રતિબંધો તેમના લક્ષ્યમાં આડે આવતા હોય, ત્યારે આ એજન્ટો માણસ દ્વારા મૂકવામાં આવેલી સલામતીની દીવાલોને બાયપાસ કરવા ભેગા થઈ જાય છે. બીજો અતિ ગંભીર અને જીવલેણ દાખલો માનસિક અને સામાજિક વિનાશનો છે. બેલ્જિયમમાં બનેલી એક ઘટનામાં, એક યુવાન પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જને લઈને ખૂબ જ ચિંતિત હતો. તેણે 'એલિઝા' નામના એઆઈ ચેટબોટ સાથે સતત મહિનાઓ સુધી વાતો કરવાનું શરૂ કર્યું. તે એઆઈ ચેટબોટે ધીમે ધીમે તે યુવાનના મગજમાં એવો ભ્રમ પેદા કર્યો કે, જો તે આત્મહત્યા કરી લેશે, તો તેના બલિદાનથી પૃથ્વીનું પર્યાવરણ બચી જશે અને તે બંને આકાશમાં હંમેશાં સાથે રહેશે. એઆઈના આ ભાવનાત્મક વલણ અને બ્રેઈનવોશિંગને કારણે તે યુવાને આખરે ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો. હોંગકોંગની એક મલ્ટીનેશનલ કંપનીમાં કામ કરતા કર્મચારીને તેના ચીફ ફાઈનાન્સિયલ ઓફિસરનો વીડિયો કોલ આવ્યો. તે વીડિયો કોન્ફરન્સમાં કંપનીના અન્ય સાથીદારો પણ હાજર હતા અને તેમણે તાત્કાલિક ૨.૫ કરોડ ડોલર ટ્રાન્સફર કરવાનો આદેશ આપ્યો. કર્મચારીએ પૈસા ટ્રાન્સફર કરી દીધા અને પાછળથી ખબર પડી કે, તે આખી વીડિયો કોન્ફરન્સમાં બોસ સહિતના તમામ ડિરેક્ટર્સ કોઈ જીવતા માણસો નહોતા, પણ એઆઈ દ્વારા જનરેટ થયેલા આબેહૂબ 'ડીપફેક ક્લોન' હતા. વિખ્યાત ભૌતિકશાસ્ત્રી સ્ટીફન હોકિંગે પોતાના મૃત્યુ પહેલાં સ્પષ્ટ ચેતવણી આપી હતી કે, સંપૂર્ણ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો વિકાસ એ માનવજાતનો અંત સાબિત થઈ શકે છે. ધ ટેસ્લા અને સ્પેસએક્સના સર્વેસર્વા ઈલોન મસ્કે પણ જાહેરમાં કહ્યું છે કે, એઆઈ સાથે આપણે 'રાક્ષસને બોલાવી રહ્યા છીએ', જે પરમાણુ બોમ્બ કરતાં પણ વધુ જોખમી છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માનવજાત માટે એક મોટો પડકાર ચોક્કસ છે, પરંતુ નિષ્ણાતોના મતે તે માનવજાતના સંપૂર્ણ વિનાશનું કારણ બનશે કે કેમ તે અંગે બે અલગ-અલગ મત પ્રવર્તે છે. એક તરફ જોફ્રી હિન્ટન અને એલન મસ્ક જેવા નિષ્ણાતો AIના અનિયંત્રિત વિકાસને માનવ અસ્તિત્વ માટે ખતરો માને છે. બીજી તરફ, ઘણા વૈજ્ઞાનિકો તેને માનવ વિકાસ અને પ્રગતિ માટેનું એક શક્તિશાળી સાધન ગણાવે છે.

AIને કારણે અનેક જોખમો છે. જેમાં સૌથી પહેલું રોજગારી પર થનારી અસર છે. ઓટોમેશન અને AIને કારણે ડેટા એન્ટ્રી, કસ્ટમર સપોર્ટ, કોડિંગ અને લેખન જેવા ક્ષેત્રોમાં લાખો નોકરીઓ ઘટવાની ભીતિ છે. આ ઉપરાંત AIની મદદથી નકલી વીડિયો અને ખોટા સમાચારો ઝડપથી ફેલાવી શકાય છે, જે લોકશાહી અને સામાજિક શાંતિ માટે જોખમી છે. હેકર્સ AIનો ઉપયોગ કરીને મોટા પાયે સાયબર હુમલા કરી શકે છે. આ ઉપરાંત, ઓટોનોમસ હથિયારો યુદ્ધની સ્થિતિને વધુ ભયાનક બનાવી શકે છે. જો ભવિષ્યમાં 'આર્ટિફિશિયલ જનરલ ઈન્ટેલિજન્સ' (AGI) માણસ કરતા વધુ બુદ્ધિશાળી બની જાય અને તેના ઉદ્દેશ્યો માનવ હિતની વિરુદ્ધ હોય, તો તેને કાબૂમાં રાખવું મુશ્કેલ બની શકે છે.

મનોજ ગાંધી
manoj1968@yahoo. ca





વચનો પોકળ : કાર્ની સરકારે પ્રથમ વર્ષમાં જ બાહ્ય સલાહકારો પાછળ $૧૯.૨ અબજ ખર્ચી નાંખ્યા

આઉટસોર્સિંગ ઘટાડવાના ચૂંટણી વેળાના વાયદા છતાં 2025માં $ ૧૯.૫ અબજ જેટલો જ તોતિંગ ખર્ચ યથાવત

એક તરફ ૨૩,૦૦૦થી વધુ સરકારી કર્મચારીઓ ઘટાડ્યા તો બીજી તરફ કોન્ટ્રાક્ટ સેવાનો ખર્ચ $૨૬.૬ અબજ સુધી પહોંચવાનો અંદાજ

ઓટાવા

કેનેડાની ફેડરલ સરકારે બાહ્ય કોન્ટ્રાક્ટરો અને સલાહકારો પરની નિર્ભરતા ઘટાડવાના ચૂંટણી વચનો આપ્યા હોવા છતાં પોતાના પ્રથમ વર્ષમાં જ બાહ્ય સલાહકારો પાછળ $ ૧૯.૨ અબજની જંગી રકમ ખર્ચી નાખી છે. શુક્રવારે જાહેર કરાયેલા સરકારના ઓડિટ થયેલા નાણાકીય નિવેદનો અનુસાર ૨૦૨૫-૨૬ના નાણાકીય વર્ષમાં વ્યાવસાયિક અને વિશેષ સેવાઓ પાછળ થયેલો આ ખર્ચ અગાઉના વર્ષના $ ૧૯.૫ અબજના ખર્ચની લગભગ બરોબર જ છે.

ગત વર્ષે સરકાર દ્વારા જે મુખ્ય સંસ્થાઓ સાથે કરાર કરવામાં આવ્યા હતા, તેમાં બેલ કેનેડા, કેપીએમજી, માઈક્રોસોફ્ટ કેનેડા ઈન્ક. અને સિટી ઓફ ટોરોન્ટોનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન માર્ક કાર્નીએ તેમના ચૂંટણી ઢંઢેરામાં સલાહકારો પાછળનો ખર્ચ ઘટાડીને જાહેર સેવામાં આંતરિક નિષ્ણાતોની



ક્ષમતા વધારવાનું વચન આપ્યું હતું. તાજેતરના બજેટમાં પણ સરકારે ૨૦૨૮-૨૯ સુધીમાં બાહ્ય સલાહકારી ખર્ચમાં ૨૦ ટકાનો ઘટાડો કરીને વાર્ષિક $ ૯૦૦ મિલિયનની બચત કરવાનો દાવો કર્યો છે. બીજી તરફ, સરકારની બેવડી નીતિ સામે કર્મચારી સંગઠનોએ નારાજગી વ્યક્ત કરી છે. 'પ્રોફેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ધ પબ્લિક સર્વિસ ઓફ કેનેડા'ના પ્રમુખ સીન ઓ'રેલીએ જણાવ્યું હતું કે, સરકાર આઉટસોર્સિંગ ઘટાડવાના માત્ર વાયદા કરે છે, પરંતુ તેનો આર્થિક બોજ આખરે કેનેડિયન નાગરિકોએ જ ઉઠાવવો પડે છે.

સંસદીય બજેટ અધિકારીના આંકડા મુજબ છેલ્લા બે વર્ષમાં ફેડરલ જાહેર સેવામાંથી ૨૩,૦૦૦થી વધુ કર્મચારીઓની સંખ્યા ઘટીને ૩,૪૪,૯૭૦ થઈ ગઈ છે, જે ૬.૫ ટકાનો ઘટાડો દર્શાવે છે. સરકાર ૨૦૨૮-૨૯ સુધીમાં જાહેર સેવામાં હજુ ૧૦ ટકાનો ઘટાડો કરવાની યોજના ધરાવે છે.

જો કે, આશ્ચર્યજનક રીતે ગત વર્ષે તમામ કોન્ટ્રાક્ટ આધારિત સેવાઓ પાછળ કુલ $૨૨.૮ અબજ ખર્ચાયા હતા, જે ૨૦૨૬-૨૭માં વધીને $ ૨૬.૬ અબજ સુધી પહોંચવાનો અંદાજ છે.

ઈરાન મુદ્દે ટ્રમ્પ-નેતન્યાહૂ બાખડ્યા હોવાનો દાવો, ફોન કોલની વાત લીક

નેતાન્યાહુ કાર્યાલય દ્વારા મીડિયાના અહેવાલોને રદીયો અપાયો

વોશિંગ્ટન

પશ્ચિમ એશિયાના રાજકારણમાં અત્યારે મોટી ઉથલપાથલના સંકેતો મળી રહ્યા છે, જેણે સમગ્ર વિશ્વની ચિંતા વધારી દીધી છે. દરેક મોરચે એકબીજાના મજબૂત સમર્થક ગણાતા અમેરિકા અને ઈઝરાયલના ટોચના નેતાઓ વચ્ચે તિરાડ પડી હોવાના અહેવાલો સામે આવ્યા છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ વચ્ચે થયેલી એક ફોન વાતચીતની વિગતો લીક થઈ છે, જેમાં બંને નેતાઓ વચ્ચે ઈરાન મુદ્દે ભારે બબાલ થઈ હોવાનો દાવો કરાયો છે. જોકે, નેતન્યાહૂના કાર્યાલયે આ અહેવાલોને સદંતર ફગાવી દીધા છે. ઈઝરાયલી મીડિયા 'વાયનેટ'ના અહેવાલ મુજબ, ગયા અઠવાડિયે ટ્રમ્પ અને નેતન્યાહૂ વચ્ચે ફોન પર વાતચીત થઈ હતી. ઈરાન સામેની આગામી રણનીતિને લઈને બંને નેતાઓ વચ્ચે એટલી ઉગ્ર દલીલો અને બૂમાબૂમ થઈ હતી કે સૂત્રોએ તેને 'શાઉટિંગ મેચ ફોમ હેલ' ગણાવી હતી. નેતન્યાહૂના સતત દબાણથી ટ્રમ્પ નારાજ હતા, જ્યારે નેતન્યાહૂ પોતાની વાત પર અડગ રહ્યા હતા. બીજી તરફ, ઈઝરાયલના વડાપ્રધાન કાર્યાલયે આ સમાચારને 'સંપૂર્ણ બકવાસ' ગણાવીને નકારી કાઢ્યા છે, પરંતુ આ લીક થયેલી વિગતોએ આંતરરાષ્ટ્રીય સ્તરે ખળભળાટ મચાવી દીધો છે. આ વિવાદ પાછળનું મુખ્ય કારણ ઈરાન પ્રત્યે બંને નેતાઓનો વિરોધાભાસી અભિગમ હોવાનું માનવામાં આવે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ડોનાલ્ડ ટ્રમ્પ હવે સાવચેતીપૂર્વક આગળ વધવા માંગે છે અને ઈરાન સાથેના વિવાદને ઉકેલવા માટે રાજદ્વારી વાતચીતને વધુ એક તક આપવાના પક્ષમાં છે. તેનાથી વિપરીત, બેન્જામિન નેતન્યાહૂ કોઈ પણ પ્રકારના સમાધાન માટે તૈયાર નથી અને તેઓ ઈરાન પર ફરીથી આક્રમક લશ્કરી હુમલા કરીને ત્યાંની સત્તાને જડમૂળથી ઉખેડી નાખવાની માંગ કરી રહ્યા છે.

બનાવટી પાસપોર્ટથી ૧૬ વખત કેનેડામાં અવરજવર કરનાર યુવકને બે વર્ષની જેલ

યુ.એસ. કોન્સ્યુલેટમાં બનાવટી પી.આર. કાર્ડ રજૂ કરતા ભાંડો ફૂટ્યો

ટોરોન્ટો

કેનેડામાંથી બહાર જવા અને ફરી પ્રવેશવા માટે ૧૬ વખત બનાવટી કેનેડિયન પાસપોર્ટનો ઉપયોગ કરનાર ઘાનાના ૨૨ વર્ષીય યુવક જેફરસન ઝોર્મેલોને નાગરિકત્વ સંબંધિત છેતરપિંડી બદલ બે વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. ઝોર્મેલોએ 2026ના વર્ષની શરૂઆતમાં 'કેનેડિયન સિટિઝનશિપ એક્ટ'ના ઉલ્લંઘન બદલ પોતાનો ગુનો કબૂલ કર્યો હતો. કેલગરીમાં જસ્ટિસ કેરેન મોલેએ સુનાવણી દરમિયાન જણાવ્યું હતું કે, આ કૃત્ય કેનેડિયન નાગરિકત્વ વ્યવસ્થાની વિશ્વસનીયતા અને રાષ્ટ્રીય સુરક્ષા પર ગંભીર પ્રહાર કરે છે.ધરપકડ બાદ તેણે વિતાવેલા સમયને બાદ કરતા હવે તેણે આશરે ૧૪ મહિના વધુ જેલમાં વિતાવવાના રહેશે.

ઝોર્મેલો ૨૦૨૧માં સ્ટડી પરમિટ ઉપર કેનેડા આવ્યો હતો. ૨૦૨૪માં તે



શૈક્ષણિક સંસ્થામાં નોંધાયેલો ન હોવાનું બહાર આવતા તેને દેશનિકાલ કરવાનો આદેશ અપાયો હતો.

ત્યારબાદ તેણે ખોટા નામે દસ્તાવેજો મેળવી ડિસેમ્બર ૨૦૨૪માં 'મિશેલ લેબ્લાન્ક'ના નામે પાસપોર્ટ કઢાવ્યો હતો અને આ ૧૫ મહિના દરમિયાન મોન્ટ્રીયલ, ટોરોન્ટો તથા હેલિફેક્સ એરપોર્ટ દ્વારા ૧૬ વખત અવરજવર કરી હતી. એપ્રિલ ૨૦૨૬માં કેલગરી ખાતે યુ.એસ. કોન્સ્યુલેટમાં બનાવટી પીએર કાર્ડ રજૂ કરતાં કેનેડા બોર્ડર સર્વિસીસ એજન્સીએ તેની ધરપકડ કરી હતી. કોર્ટે ઝોર્મેલોના સુનિયોજિત ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને આ સજા ફટકારી છે.

શ્રીલંકા અનુરાધાપુરામાં ભારતીય સહાયથી થનારા મોટા વિકાસ પ્રોજેક્ટનો પ્રચંડ વિરોધ

શ્રીલંકામાં બૌદ્ધ ભિક્ષુઓના આમરણાંત ઉપવાસ, બે જૂથો વચ્ચે ઘર્ષણ થતાં પોલીસ હરકતમાં

કોલંબો

શ્રીલંકાના ઐતિહાસિક શહેર અનુરાધાપુરામાં ભારતીય સહાયથી થનારા વિકાસ પ્રોજેક્ટનો વિરોધ કરી રહેલા બૌદ્ધ ભિક્ષુઓની પોલીસે ધરપકડ કરી છે. બુધવારથી આમરણાંત ઉપવાસ પર બેઠેલા ભિક્ષુઓ અને અન્ય એક જૂથ વચ્ચે ઘર્ષણ થતા પોલીસે કાયદો અને વ્યવસ્થા જાળવવા આ કડક પગલું ભર્યું છે. પોલીસ પ્રવક્તા એફ.ટી. વૂટલરના જણાવ્યા અનુસાર, ઉપવાસ પર બેઠેલા બાલંગોડા કસ્સપ અને તેમના સમર્થકો તથા તાજેતરમાં ભિક્ષુ પદેથી હટાવાયેલા રાજંગનયે સદ્ધારથનના જૂથ વચ્ચે ઉગ્ર વિવાદ અને ઝપાઝપી થઈ હતી. પ્રદર્શનકારીઓનો આરોપ છે કે સદ્ધારથન આંદોલનને ભડકાવવા અને તોડવા આવ્યા હતા, જ્યારે સદ્ધારથને કસ્સપના સમર્થકો પર હુમલાનો આક્ષેપ



કરી હોસ્પિટલમાં સારવાર લીધી હતી. આ ઘટના બાદ પોલીસે કસ્સપ અને સદ્ધારથન સહિત 3 ભિક્ષુઓની ધરપકડ કરી છે, ઉપરાંત 1 મહિલા સહિત 4 નાગરિકોની અટકાયત કરવામાં આવી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની એપ્રિલ 2025ની શ્રીલંકા મુલાકાત દરમિયાન ભારતે યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ અનુરાધાપુરા પવિત્ર નગર પરિસરના વિકાસ માટે ગ્રાન્ટ સહાયની જાહેરાત કરી હતી. શ્રીલંકાએ આ માટે 7 અબજ શ્રીલંકન રૂપિયાથી વધુનો ખર્ચ અંદાજ્યો છે. નવી યોજના મુજબ પવિત્ર વિસ્તારનો વ્યાપ 28 ચોરસ કિલોમીટરથી વધારીને 38 ચોરસ કિલોમીટર કરવામાં આવશે, જેમાં રસ્તાઓનું નવીનીકરણ, સ્વચ્છતા, કચરાનું વ્યવસ્થાપન અને યાત્રાળુઓ માટે પરિવહન સુવિધાઓ વિકસાવવાનું આયોજન છે.

આ વિરોધ પાછળનું મુખ્ય કારણ ભિક્ષુઓમાં રહેલો એવો ડર છે કે વિકાસના નામે આ પ્રાચીન બૌદ્ધ તીર્થસ્થળની મૂળ ઓળખ બદલાઈ જશે અને ત્યાં હિંદુ ધાર્મિક માળખા ઊભા કરવામાં આવશે. ધરપકડ પહેલા ભિક્ષુ કસ્સપે સ્પષ્ટ કર્યું હતું કે જ્યાં સુધી સરકાર આ વિકાસ યોજનાનું ગેઝેટ નોટિફિકેશન રદ નહીં કરે અને કોર્ટના તિરસ્કાર બદલ જેલમાં બંધ કટ્ટરપંથી ભિક્ષુ ગલગોડાટ્ટે જ્ઞાનસારને માફી નહીં આપે, ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે.

વ્હાઇટ હાઉસ નજીક ફાયરિંગથી હડકંપ 5ને ઈજા; પોલીસનું મોટું સર્ચ ઓપરેશન

ઘટનાને અંજામ આપીને શૂટર ફરાર થઈ ગયા

વોશિંગ્ટન

અમેરિકાની રાજધાની વોશિંગ્ટન ડીસીમાં આવેલા અત્યંત સુરક્ષિત ગણાતા વ્હાઈટ હાઉસથી માત્ર થોડા જ અંતરે અંધાધૂંધ ફાયરિંગની ઘટના બની છે. આ ગોળીબારમાં 5 લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાના અહેવાલ સામે આવ્યા છે. ઘટનાને અંજામ આપીને શૂટર ફરાર થઈ જતાં સુરક્ષા એજન્સીઓમાં દોડધામ મચી ગઈ છે અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને સઘન તપાસ હાથ ધરવામાં આવી છે.

ગુરુવારે વોશિંગ્ટન ડીસીના લોગન સર્કલ વિસ્તારમાં આ હિંસક ઘટના બની હતી, જે વ્હાઈટ હાઉસથી આશરે 1 માઈલ ઉત્તર દિશામાં આવેલો છે. પોલીસ પ્રવક્તા નિકોલ ડીનરે જણાવ્યું કે હુમલાખોર હજુ સુધી પોલીસ પકડથી દૂર છે. ફાયરિંગની ચોક્કસ જગ્યા અંગે હજુ તપાસ ચાલી રહી છે, પરંતુ 15મી સ્ટ્રીટ નોર્થ-વેસ્ટના 1500 બ્લોકમાં આવેલી દુકાનો, એક ચર્ચ અને રહેણાંક ઈમારતોને સુરક્ષા દળોએ ઘેરી લીધી છે. મેટ્રોપોલિટન પોલીસ ડિપાર્ટમેન્ટ દ્વારા નાગરિકોને આ વિસ્તારથી દૂર રહેવાની અપીલ કરવામાં આવી છે.

ગોળીબારની આ ઘટના 15મી અને પી સ્ટ્રીટ નોર્થ-વેસ્ટના ચાર રસ્તા નજીક બની હોવાનું માનવામાં આવે છે. સ્થાનિક મીડિયા 'વોશિંગ્ટન પોસ્ટ' અનુસાર, પોલીસ વિભાગના પ્રવક્તા ઓફિસર લી લેપેએ આ પરિસ્થિતિને 'એક્ટિવ શૂટર' તરીકે ગણાવી છે. પોલીસ હાલ એક શંકાસ્પદ વ્યક્તિની શોધખોળ કરી રહી છે. જોકે, આ હુમલા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય શું હતો અને ઘાયલ થયેલા 5 પીડિતોની હાલત કેવી છે, તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર વિગતો જાહેર કરવામાં આવી નથી.

દિવાળી પર્વે સાવરકુંડલામાં જામ્યું 'ઈંગોરિયા યુદ્ધ' : 60 વર્ષ જૂની અનોખી પરંપરા



અમરેલી જિલ્લાના સાવરકુંડલા શહેરમાં છેલ્લા 60 વર્ષથી દિવાળીની રાત્રે રમાતી પરંપરાગત અને રોમાંચક 'ઈંગોરિયાની લડાઈ' આ વર્ષે પણ ભારે ઉત્સાહ સાથે યોજાઈ હતી. પ્રથમ દૃષ્ટિએ જાણે બે દેશો વચ્ચે મિસાઈલો છૂટતી હોય તેવો રોમાંચક માહોલ સર્જનારી આ નિર્દોષ રમતને નિહાળવા માટે દેશ-વિદેશથી હજારો પ્રવાસીઓ અને ઉત્સાહીઓ ઉપસ્થિત રહ્યા હતા. જ્ઞાતિ-જાતિના તમામ ભેદભાવો ભૂલીને રમાતી આ અનન્ય પરંપરાએ સાવરકુંડલાને વૈશ્વિક સ્તરે એક અલગ ઓળખ અપાવી છે.

મૂળભૂત રીતે ઈંગોરિયું ચીકુ જેવા આકારનું હોય છે, જેને વૃક્ષ પરથી ઉતારીને તેની છાલ ખોલી અંદર દારૂ અને સુરુખાર ભરવામાં આવે છે. જો કે, સમય જતાં હિંગોળિયાનું વૃક્ષ લુપ્ત થવાથી સ્થાનિક યુવાનોએ તેના વિકલ્પ તરીકે 'કોકડા'(કોટડા) નો ઉપયોગ શરૂ કર્યો છે. સાવરકુંડલાના દેવડા ગેટ વિસ્તારમાં રાત્રિના 10 વાગ્યાથી શરૂ થતી આ રમત મધ્યરાત્રિના 1 વાગ્યા સુધી ચાલે છે, જેમાં આશરે બેથી અઢી લાખ કોકડા અને ઈંગોરિયાનો ઉપયોગ થાય છે. આ તમામ મટીરિયલ સંપૂર્ણપણે હાથથી બનાવેલા અને હર્બલ ફટાકડા જેવા હોય છે, જે પર્યાવરણ માટે પણ જોખમી નથી.

સાળંગપુરમાં કષ્ટભંજનદેવને 8 કિલો શુદ્ધ સોનાના વાઘાનો શણગાર, દર્શન માટે ભીડ

દાદાના સિંહાસનને રંગબેરંગી અને સુગંધિત ફૂલોની આકર્ષક રીતે સજાવવામાં આવ્યું

સાળંગપુર

વિક્રમ સંવતના નૂતન વર્ષના શુભારંભ પ્રસંગે સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરમાં ભક્તિ અને ઉત્સાહનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. નવા વર્ષના પ્રથમ દિવસે બોટાદ જિલ્લામાં આવેલા આ પાવન ધામ ખાતે શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજના દર્શનાર્થે રાજ્યભરમાંથી હજારો શ્રદ્ધાળુઓ ઊમટી પડ્યા હતા અને દાદાના ચરણોમાં શીશ નમાવી ધન્યતા અનુભવી હતી. નવા વર્ષના પ્રથમ પ્રભાતે કષ્ટભંજનદેવ



હનુમાનજી મહારાજને આઠ કિલો શુદ્ધ સોનામાંથી વિશેષ રીતે તૈયાર કરવામાં આવેલા મનોહારી સુવર્ણ વાઘા અર્પણ કરવામાં આવ્યા હતા. આ અલૌકિક દર્શનની સાથે સાથે દાદાના ભવ્ય સિંહાસનને રંગબેરંગી અને સુગંધિત તાજા ફૂલોની વિશિષ્ટ કલાત્મક ભાતથી આકર્ષક રીતે સજાવવામાં આવ્યું હતું. આ દિવ્ય રૂપના દર્શન કરી ઉપસ્થિત ભક્તજનો ભાવવિભોર બની ગયા હતા. પ્રભાતના પાવન સમયે શાસ્ત્રોક્ત પરંપરા મુજબ મંગળા આરતી અને ત્યારબાદ દાદાની ભવ્ય શણગાર આરતી ઉતારવામાં આવી હતી. આરતીના સમયે સમગ્ર મંદિર પરિસર જયશ્રી રામ અને કષ્ટભંજનદેવના જયઘોષથી ગુંજી ઊઠ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ સામેલ થઈને દર્શનનો લાભ લીધો હતો

ભાવનગર પોપટનગરમાં જૂની અદાવતે પિતા અને પુત્રો દ્વારા યુવકની હત્યા થઈ

પંજાબી શાક લેવા નીકળેલા યુવકને છરીના ઘા ઝીકાયા

ભાવનગર

ભાવનગર શહેરના કરચલીયા પર આવી વિસ્તારમાં આવેલ પોપટ નગર ખાતે રહેતા રોહિતભાઈ બુધાભાઈ બારૈયા (ઉ.વ. ૩૨) બુધવારે રાત્રિના આશરે દસેક વાગ્યે ઘર પાસેથી પંજાબી શાક લેવા માટે મોટરસાઈકલ લઈને નીકળ્યા હતા. આ દરમિયાન અગાઉની એક વર્ષ જૂની બોલાચાલી અને મનદુઃખની દાઝ રાખીને વિજય પરશોતમભાઈ રાઠોડ અને તેના બે પુત્રો રામ ઉર્ફે રામો તથા કાતક ઉર્ફે ગોરીલોએ ત્યાં આવીને હુમલો કર્યો હતો. વિજયએ યુવકને પકડી રાખ્યો હતો અને તેના બંને પુત્રોએ છરી વડે રોહિતભાઈના છાતી, ગરદન, વાંસા તથા ડાબા બાવડાના ભાગે આડેધડ ઘા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. દરમિયાન પુત્રને બચાવવા વચ્ચે પડેલા તેમના પિતા બુધા પર પણ ત્રણેયે હુમલો કરી ઈજા પહોંચાડી હતી. હુમલા બાદ ઈજાગ્રસ્તોને ૧૦૮ દ્વારા સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તબીબોએ રોહિતભાઈને મૃત જાહેર કર્યા હતા.

પૈસાની લેતીદેતીમાં કુકાવાવમાં હિંસક અથડામણ, ધોકા-લાકડીઓ ઊછળી

વીડિયો વાઇરલ થયા બાદ 16 આરોપીઓ સામે ફરિયાદ

અમરેલી

અમરેલી જિલ્લાના વડિયા તાલુકાના કુકાવાવ ગામે ગઈકાલે બપોરે પૈસાની લેતીદેતીના મામલે હિંસક જૂથ અથડામણ સર્જાઈ હતી. થોડા સમયથી ચાલી આવતી આ અદાવતમાં એક જ જ્ઞાતિના બે જૂથો અચાનક ગામના મુખ્ય માર્ગો પર જાહેરમાં આમનેસામને આવી ગયા હતા. જોતજોતામાં મામલો એટલો વકર્યો હતો કે બંને પક્ષે ધોકા અને લાકડીઓ વડે સામસામે સરેઆમ મારામારી શરૂ થઈ ગઈ હતી. ધોળા દિવસે થયેલી આ જૂથ અથડામણને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે નાસભાગ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ સમગ્ર ઘટનાના દ્રશ્યો સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં પંથકમાં ભારે અરેરાટી મચી ગઈ છે.

આ ઘટના અંગે ભરત ઉર્ફે કાંબલી ઘાઘલ દ્વારા વડિયા પોલીસ મથકે સત્તાવાર રીતે ફરિયાદ નોંધાવવામાં આવી છે. જેમાં તેમણે 16 જેટલા શખ્સો સામે નામજોગ ફરિયાદ કરવામાં આવી છે. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને વડિયા પોલીસે તમામ 16 આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની તપાસ અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

દુષ્કાળગ્રસ્ત જિલ્લાના ખેડૂતો સાથે મજાક એક તરફ 'રાહત' અને બીજી તરફ 'લૂંટ'

મિની ટ્રેક્ટર અને ટ્રોલીના વીમા તેમજ પાર્સિંગના પૈસા ભરવા મેસેજ મોકલાયાં

પોરબંદર

જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર અને કચ્છ જેવા દુષ્કાળગ્રસ્ત જિલ્લાના ખેડૂતો માટે સરકારે હેક્ટર દીઠ સહાયની મોટી-મોટી જાહેરાતો કરી વાહવાહી લૂંટવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ આ જાહેરાતની શાહી હજુ સુકાઈ નથી, ત્યાં જ મિની ટ્રેક્ટર અને ટ્રોલીના વીમા તેમજ પાર્સિંગના પૈસા ભરવા મેસેજ મોકલાયાં છે પરિણામે ધરતીપુત્રો અકળાયાં છે. સરકારી તંત્રએ મીની ટ્રેક્ટરના થર્ડ પાર્ટી વીમાના નામે ૩.8,650 અને પીયુસીના ૩.300 ઉઘરાવવાનું શરૂ કર્યું છે. માંડ માંડ ડીઝલના પૈસા ભેગા કરે છે, તેની પાસેથી આટલી રકમ વસૂલવી એ સરેઆમ સરકારી લૂંટ સમાન છે તેવો ખેડૂતોનો આરોપ છે. હદ તો ત્યાં થાય છે કે ખેડૂતો મૂળ ટ્રેક્ટરનું પાર્સિંગ અને વીમો નિયમિત ભરતો જ હોય છે. તેમ છતાં તેની પાછળ જોડાતી ટ્રોલી માટે અલગથી પાર્સિંગ અને વીમાના નામે ૩.5,500નો ફતવો બહાર પાડવામાં આવ્યો છે. ખેડૂત સંગઠનો સવાલ ઉઠાવી રહ્યા છે કે જો એન્જિનનો વીમો લીધેલો હોય, તો પાછળ લટકતી ટ્રોલી માટે અલગથી વીમો શા માટે? શું ટ્રોલી ટ્રેક્ટર વગર એકલી રોડ પર દોડવાની છે? આ નીતિ માત્ર ને માત્ર સરકારી તિજોરી ભરવા અને વીમા કંપનીઓને ગર્ભશ્રીમંત બનાવવાનું કૌભાંડ હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. આ પરિસ્થિતિ પર ખેડૂતોનું કહેવું છે કે, સરકાર કૃષિ મહોત્સવો કરીને ખેડૂતોની આવક બમણી કરવાની વાત કરે છે, પણ વાસ્તવિકતા એ છે કે ખેડૂતોનું દેવું બમણું થઈ રહ્યું છે.

કચ્છમાં ૮.૪૬ કરોડના સાયબર ફ્રોડનો પર્દાફાશ

બનાવટી કંપનીઓ ઊભી કરી ભાડાનાં બૅન્ક ખાતાંનો ઉપયોગ : 13 ઠગબાજોની ધરપકડ

ભુજ

પૂર્વ કચ્છ પોલીસના સાયબર ક્રાઇમ વિભાગે ૮.૪૬ કરોડ રૂપિયાના આંતરરાજ્ય ઑનલાઇન સાયબર ફ્રોડનો પર્દાફાશ કરીને આ કૌભાંડમાં સંડોવાયેલા ૧૩ આરોપીઓની ધરપકડ કરી હતી. આરોપીઓએ બનાવટી કંપનીઓ ઊભી કરીને તેમજ ભાડાનાં બૅન્ક ખાતાં (મ્યૂલ એકાઉન્ટ્સ)નો ઉપયોગ કરીને નિર્દોષ નાગરિકો પાસેથી કરોડો રૂપિયા પડાવ્યા હોવાનું બહાર આવ્યું હતું. પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઇમ ટુકડીએ ટેકનિકલ સર્વેલન્સ અને ગુમ બાતમીના આધારે દેશવ્યાપી તપાસ હાથ ધરી હતી. પોલીસે રાજસ્થાન, આસામ, છત્તીસગઢ, તેલંગાણા તેમજ ગુજરાતમાંથી સંડોવાયેલા ૧૩ આરોપીઓને ઝડપી લીધા હતા. પકડાયેલા આરોપીઓમાં પ્રવિણ ભેરૂલાલ રેગર, રઝાક મોહમ્મદ મંસુરી, સમૈયાહ મલ્લયાહ દામેરા, રાકેશ દલારામ સોલંકી, મનીષ રામાનંદ આહીર, સચીન સુરેન્દ્રસિંઘ આહીર, પ્રભુદાદાસ પ્રતાપ કુમાર દાસ, ભાનુપ્રતાપ બિસાહુદાસ, સોહિલખાન અજબખાન પઠાણ, અરમાન સલીમ ચૌહાણ, રાહુલ રામજી સોલંકી, હિરેન સવજી સોનાગરા અને કૈલાશચંદ્ર ગીરધારીલાલ ભીલનો સમાવેશ થાય છે. પોલીસે આરોપીઓના કબજામાંથી ૧૪ મોબાઇલ ફોન, બે લૅપટૉપ તેમજ હાર્ડ ડિસ્ક સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પ્રાથમિક તપાસમાં છેતરપિંડી આચરવા માટે વપરાયેલાં ખાતાંઓની કડીઓ મેળવીને પોલીસે છેતરાયેલી કુલ રકમ પૈકી ૩,૮૨,૭૩,૯૮૭ રૂપિયા હોલ્ડ તેમજ ફ્રીઝ કરાવ્યા હતા. પકડાયેલી ટોળકીનું નેટવર્ક ક્યાં સુધી વિસ્તરેલું છે અને તેમાં અન્ય કેટલા લોકો સંડોવાયેલા છે તે દિશામાં પોલીસે આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી હતી.

બગદાણા આશ્રમમાં અવગણના મુદ્દે કોળી સમાજના આગેવાનોની બેઠક

આશ્રમમાં સમાજને યોગ્ય-સન્માન ન મળતા નારાજગી

ભાવનગર

બગદાણા ખાતે આવેલા આશ્રમમાં કોળી સમાજની અવગણના થતી હોવાના આક્ષેપ સાથે કોળી સમાજના મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા. આ દરમિયાન સમાજના આગેવાનો અને ઉપસ્થિત લોકોએ આશ્રમમાં કોળી સમાજને યોગ્ય સ્થાન અને માન-સન્માન ન મળતું હોવાના મુદ્દે પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. સમાજના આગેવાનો દ્વારા મુખ્યત્વે આશ્રમના ટ્રસ્ટી મંડળમાં કોળી સમાજને યોગ્ય પ્રતિનિધિત્વ આપવામાં આવતું ન હોવાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. તેમજ આશ્રમની આસપાસ રોડ પર પાથરણાં પાથરીને નાનો-મોટો ધંધો કરી રોજીરોટી કમાતા લોકોને હેરાન કરવામાં આવતા હોવાના પણ આક્ષેપો કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત કોળી સમાજની બહેનોને આશ્રમમાં માત્ર વાસણ ધોવા જેવાં કામો સોંપવામાં આવતાં હોવાનો આક્ષેપ કરી સમાજના આગેવાનોએ આ બાબતે પણ નારાજગી વ્યક્ત કરી હતી. સમાજની બહેનો અને પરિવારોને યોગ્ય માન-સન્માન તથા સમાન વ્યવહાર મળવો જોઈએ તેવી લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

પંચમહાલમાં પ્રેમસંબંધની આશંકામાં અપહરણ બાદ યુવકની ઘાતકી હત્યા

પોલીસે 6 આરોપીઓની કરી ધરપકડ, 1 ફરાર

પંચમહાલ

શહેરા તાલુકાના દલવાડા ગામે પ્રેમસંબંધની શંકામાં ગામના જ 7 લોકોએ 20 વર્ષીય યુવકનું અપહરણ કર્યા બાદ ઢોર માર માર્યો હતો. જેમાં ગંભીર ઈજાઓ પહોંચવાના કારણે 11 નવેમ્બર, 2026ના રોજ યુવકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતુ. અપહરણ અને હત્યાના બનાવ મામલે મૃતકના ભાઈએ શહેરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. ઘટનાની ગંભીરતાને પગલે પોલીસે ગુનાને અંજામ આપનાર 6 આરોપીની ધરપકડ કરી લીધી છે.

ગત 10 નવેમ્બરની સાંજે શહેરાના દલવાડા ગામનો મહેશ રાઠોડ મંડપના કામે જવા નીકળ્યો હતો તે સમયે “તું અમારી બહેન સાથે વાતચીત કરે છે” એમ કહીને કેટલાક શખસોએ યુવકને બાઈક પર બેસાડી અપહરણ કર્યું હતું. આ પછી લાકડી વડે માર મારવાના કારણે મહેશને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટના બાદ ઈજાગ્રસ્ત મહેશને 108 દ્વારા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો હતો. જેમાં તેની સ્થિતિ વધુ બગડતાં ગોધરા, વડોદરા અને પછી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં તેને લઈ જવાયો હતો. જો કે, ગંભીર ઈજાના કારણે મહેશનું સારવાર દરમિયાન યુવકનુ મોત થયુ હતુ.

નાયબ પોલીસ અધિક્ષકે જણાવ્યું કે, ‘દલવાડા ગામના રહેવાસી મહેશ પુનાભાઈ રાઠોડનું અપહરણ અને હત્યાના બનાવ મામલે શહેરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. મૃતક મહેશ તેના જ ગામની યુવતી સાથે વાતચીત કરતો હોવાની અદાવત રાખીને આરોપીઓએ ઘટનાને અંજામ આપ્યો હતો. આ કેસમાં પોલીસે અંદરસિંહ ભારતસિંહ પટેલ, દિલીપકુમાર અંદરસિંહ પટેલ, દિવ્યેશભાઈ ગણપતસિંહ પટેલ, શૈલેશભાઈ ફતેહસિંહ પટેલ, રમેશભાઈ ઉર્ફે મંગળભાઈ પ્રભાતભાઈ, હિતેશકુમાર રમેશભાઈ ઉર્ફે મંગળભાઈની ધરપકડ કરી છે.

વાવ-થરાદની ગૌશાળામાં ઝેરી ઘાસચારો ખાવાથી 45 ગૌવંશનાં મોત

વાવ

વાવ-થરાદ જિલ્લાના ચાંગડા ગામની ગૌશાળામાં બેસતા વર્ષની રાત્રે હૃદયદ્રાવક દુર્ઘટના સર્જાઈ હતી. લીલી મકાઈનો ઘાસચારો ખાધા બાદ ફૂડ પોઇઝનિંગની અસર થતાં આશરે 45 ગૌવંશનાં કરુણ મોત થયા હતાં. એકસાથે મોટી સંખ્યામાં ગૌવંશનાં મોતથી સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

બીજી તરફ, તાત્કાલિક સારવાર મળતાં આશરે 50થી 60 ગાયોના જીવ બચાવી લેવામાં આવ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, બેસતા વર્ષની રાત્રે આશરે 10:25 વાગ્યે ચાંગડા ગામની ગૌશાળામાં ગૌવંશની તબિયત અચાનક લથડવા લાગી હતી. ગૌશાળાના ગોવાળે પરિસ્થિતિની ગંભીરતા પારખીને તાત્કાલિક સ્થાનિક આગેવાનને ફોન કરી જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં ગૌસેવક અને બનાસકાંઠા ગૌ સંસદના અગ્રણીએ તાત્કાલિક સહાયતા અને મેડિકલ ટીમ પહોંચાડવા માટે ઓડિયો સંદેશ વાયરલ કર્યો હતો.

વડોદરા શહેરમાં એક સપ્તાહમાં જ દિવાળી માટે 300 કરોડની ખરીદી

કપડા અને મિઠાઇના વેપારમાં લગભગ 50 કરોડ રુપિયાનું ટર્નઓવર

વડોદરા

વડોદરા શહેરમાં રવિવારે દિવાળીના પર્વની ઉજવણીની સાથે સાથે બજારોમાં ધૂમ ખરીદી પણ જોવા મળી હતી. એક અંદાજ પ્રમાણે એક સપ્તાહમાં જ શહેરીજનોએ ૩૦૦ કરોડ રુપિયાની ખરીદી કરી છે. જેમાં સૌથી મોટો ફાળો સોના-ચાંદીનો છે. દેશના વેપારી સંગઠન કેટ (કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ)ના હોદ્દેદાર અને વેપાર વિકાસ એસોસિએશનના પ્રમુખ પરેશ પરીખનું કહેવું છે કે, સૌથી વધારે ખરીદી સોના ચાંદીની થઈ છે. અન્ય વસ્તુઓ ખરીદનારા લોકોની સરખામણીએ ગ્રાહકોનો આંકડો ઓછો હોય પણ ૧૫૦ કરોડ રુપિયાના સોના ચાંદીનું વેચાણ થયું છે.એ પછી કપડા અને મિઠાઈના વેપારમાં લગભગ ૫૦ કરોડ રુપિયાનું ટર્નઓવર નોંધાયું છે.

વડોદરાની બેંકોને બોમ્બની ધમકી

વડોદરા

વડોદરામાં સ્કૂલ,કોર્ટ,એરપોર્ટ અને કલેક્ટર કચેરી બાદ હવે બેન્કોને બોમ્બની ધમકીઓ મળતાં પોલીસ અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ દ્વારા ચેકિંગ કરવામાં આવ્યું હતું,પરંતુ કાંઇ હાથ લાગ્યું નથી. મંગળવારે વડોદરાના સયાજીગંજ વિસ્તારમાં સૂરજ પ્લાઝા ખાતે આવેલી બેન્ક ઓફ બરોડાની મેઇન ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાનો મેઇલ મળતાં એસીપી ડીજે ચાવડા અને પીઆઇ સહિતના અધિકારીઓ કાફલા સાથે દોડી ગયા હતા.પોલીસે બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડની મદદ લીધી હતી. પરંતુ તપાસ દરમિયાન સાંજ સુધી કાંઇ હાથ લાગ્યું નથી. આવી જ રીતે બોમ્બ થ્રેટનો બીજો એક મેઇલ રાવપુરા મેઇન રોડ પર આવેલી બેન્ક ઓફ ઇન્ડિયાની શાખાને મળ્યો હતો.જેમાં આવી જ રીતે બોમ્બથી બેન્કને ઉડાવી દેવાની ધમકી અપાતાં બપોર સુધી ચેકિંગ કરવામાં આવ્યું હતું.

Imperial
PEST CONTROL
Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઇપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West)
519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631
------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough
880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631
------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab
2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER
--------: MON - FRI :-------- 10 AM TO 7 PM
--------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૬૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT (INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

ખંભાતમાં દિવાળીની રાતે પિતાએ 21 વર્ષની દીકરીને ગળે ટૂંપો આપી મોતને ઘાટ ઉતારી

અન્ય જ્ઞાતિના યુવક સાથે પ્રેમસંબંધ તોડવા દિકરીએ ઈન્કાર કરતા પિતા ઉશ્કેરાયા

આણંદ

ખંભાત તાલુકાના મેતપુર ગામે રહેતા કૌશલ પટેલને પોતાની 21 વર્ષની દીકરી સાનિયાના અન્ય જ્ઞાતિના યુવક સાથે પ્રેમસંબંધની ખબર પડી હતી. રોષે ભરાયેલા કૌશલ પટેલે 21 વર્ષીય પુત્રીને આ સંબંધનો અંત લાવવા ચીમકી આપી હતી. પિતા અવારનવાર પુત્રીને સમજાવીને સંબંધ તોડી નાખવા કહ્યું હતું. જોકે, સાન્યાએ પિતાની વાત નહીં માનીને પ્રેમી યુવક સાથે ફોન પર વાત કરવાનું ચાલુ રાખ્યું હતું. આ બાબતે બંને વચ્ચે વારંવાર ચકમક પણ ઝરી હતી પણ સાનિયા અડગ રહેસાં પિતાના મનમાં ભારે ગુસ્સો હતો. ગત 8 નવેમ્બરે દિવાળીની મોડી રાત્રે ઘરના અન્ય સભ્યો પોતપોતાના રૂમમાં સૂવા જતા રહ્યા હતા ત્યારે રાત્રે આશરે સવા ત્રણ વાગ્યે સાનિયા પ્રેમી સાથે વાત કરતી હોવાનું લાગતાં કૌશલે તેને રસોડામાં બોલાવી હતી. કૌશલકુમારે રસોડામાં પુત્રી સાનિયા સાથે પ્રેમસંબંધ બાબતે વાતચીત શરૂ કરી હતી પણ સાનિયાએ પ્રેમ સંબંધનો અંત લાવવા ઈનકાર કરતાં ગુસ્સે ભરાયેલા પિતાએ તેના જ દુપટ્ટાથી ગળું દબાવવાનું શરૂ કર્યું હતું.

કૌશલે વધુ જોરથી ગળું દબાવતાં સાન્યા જમીન પર ઢળી પડી હતી અને તેના મોઢામાંથી લોહી નીકળી ગયું હતું. પુત્રીનું મોત થઈ જતાં પિતાએ આ ઘટનાને આત્મહત્યામાં ખપાવવાનો પ્રયાસ કર્યો હતો. પરિવારજનો સાનિયાને લઈને ખંભાત જનરલ હોસ્પિટલ લઈ ગયાં હતાં પણ તેનું મોત થઈ ગયું હતું.

નવા વર્ષના પહેલા જ દિવસે નડિયાદમાં આગની ઘટના : 12 દુકાનો બળીને ખાખ

ખેડા

નવા વર્ષની શરૂઆત નડિયાદના કેટલાક વેપારીઓ માટે મુશ્કેલીભરી રહી હતી. શહેરના કોલેજ રોડ પર કેનાલ પાસે આવેલી દુકાનોમાં અચાનક આગ ભભૂકી ઉઠતાં આસપાસના વિસ્તારોમાં દોડધામ મચી ગઈ હતી. કપડાં અને નાસ્તાનો વેપાર કરતી દુકાનો સહિત ડઝનેક દુકાનો આગની ઝપેટમાં આવી હતી. આગની જાણ થતાં જ સ્થાનિક લોકો ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા અને સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર સૌથી પહેલા નાસ્તાના સ્ટોલમાં આગ દેખાઈ હતી. આગ કયા કારણોસર લાગી તે તાત્કાલિક જાણી શકાયું નહોતું. જોકે, થોડી વારમાં જ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં બાજુની દુકાનો સુધી પહોંચી ગઈ હતી. નજીકમાં આવેલી બીયર બાર સહિત અનેક દુકાનો આગની ઝપેટમાં આવી ગયા હતા. જોતજોતામાં આગ એટલી તેજ થઈ હતી કે દુકાનદારોને અંદર રહેલો સામાન બહાર કાઢવાની પણ તક મળી નહોતી.

આગની ઘટનાની જાણ થતાં જ નડિયાદ ફાયર વિભાગની ચાર ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર કર્મચારીઓએ તાત્કાલિક આગ બુઝાવવાની કામગીરી શરૂ કરી હતી.

રૈયા ગામમાં પડોશીઓ ઝઘડ્યા બાદ અજ્ઞાત લોકોએ 7 વાહન સળગાવી દીધા

ધમકી મળ્યા બાદ ગભરાયેલો પરિવાર ઘર છોડીને જતો રહ્યો

રાજકોટ

રાજકોટ મૈરૈયા ગામમાં દિવાળીની રાત્રે પાડોશીઓ વચ્ચે થયેલી સામાન્ય બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. ઝઘડાનો બદલો લેવાની ધમકી મળ્યા બાદ ગભરાયેલો પરિવાર ઘર છોડીને મોરબી જતો રહ્યો હતો, જેનો લાભ ઉઠાવી મોડી રાત્રે બે અજાણ્યા લોકોએ મકાન પર સોડા બોટલના ઘા કર્યા હતા અને ઘરની બહાર પાર્ક કરેલી કાર આગ ચાંપી દીધી હતી. આ આગમાં કાર અને બાઈક મળી કુલ 7 જેટલા વાહનો બળીને ખાખ થઈ ગયા હતા, જેના કારણે પરિવારને અંદાજે રૂ. 26.50 લાખનું નુકસાન થયું હતું. દિવાળીના દિવસે તેઓ તેમના મિત્રની સાથે કાલાવડ પાસે રણુજા મંદિરે દર્શન કરવા ગયા હતા. રાત્રે મેટોડા પાસે પહોંચતા તેમના દીકરાનો ફોન આવ્યો હતો અને જણાવ્યું હતું કે શેરીમાં રહેતા મહિલાના ઘરના સભ્યો સાથે ઝઘડો કરી રહ્યા છે. તેઓ રાત્રે 11 વાગ્યે ઘરે પરત ફર્યા ત્યારે જાણવા મળ્યું કે તેમના પરિવારજનોની મહિલાના પરિવારજનો સાથે બોલાચાલી થઈ હતી.

સગીર પુત્રી પર દુષ્કર્મ કેસમાં ફરિયાદ રદ કરવાની અરજી કરાતાં હાઈ કોર્ટ લાલઘૂમ

ગુનો સાબિત થતો હોવા છતાં સત્ય છુપાવવા બદલ કોર્ટે માતા-વકીલોની ઝાટકણી કાઢી

અમદાવાદ

ચાલુ વર્ષે પોરબંદરના મરીન પોલીસ સ્ટેશનના એક મહિલાએ તેના જ પતિ વિરુદ્ધ તેની 17 વર્ષીય પુત્રી પર દુષ્કર્મ આચરીને ગર્ભવતી બનાવી હોવાની ફરિયાદ નોંધાવી હતી. જે બાદ પોલીસે પિતાની ધરપકડ કરી હતી. તાજેતરમાં આરોપી પિતાએ પોતાની પત્ની (ફરિયાદી)ની સહમતીથી આ પોલીસ ફરિયાદ રદ કરવા ગુજરાત હાઈ કોર્ટમાં અરજી દાખલ કરી



હતી. ફરિયાદી માતાએ પણ કોર્ટમાં આવી કોઈ ઘટના બની જ નથી તેવું સોગંદનામું રજૂ કર્યું હતું. સુનાવણી દરમિયાન પોલીસે સગીરાના ગર્ભનો ડીએનએ રિપોર્ટ કોર્ટ સમક્ષ રજૂ કર્યો હતો, જેમાં ગર્ભના ડીએનએ આરોપી પિતા સાથે મેચ થયા હોવાનું સ્પષ્ટ થયું હતું. આ વૈજ્ઞાનિક પુરાવા સામે આવતા જ હાઈ કોર્ટ અત્યંત નારાજ થઈ હતી.

ડીએનએ રિપોર્ટના આધારે ગુનો સાબિત થતો હોવા છતાં સત્ય છુપાવવા બદલ કોર્ટે ફરિયાદી માતાની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી હતી. કોર્ટે અવલોકન કર્યું હતું કે, ખરેખર તો પોલીસે આ ફરિયાદી મહિલા સામે જ ગુનો દાખલ કરવાની જરૂર છે.

ગાંધીધામમાં વિવિધ બનાવમાં 4 મોત, અંતરજાળમાં માતા-દીકરીએ ફાંસો ખાઈ જીવન ટૂંકાવતાં અરેરાટી

મહિલાને છેલ્લા ચાર-પાંચ વર્ષથી માનસિક અસ્વસ્થતાની દવા ચાલતી હતી

ભુજ

દિવાળીના તહેવારો ટાંકણે ગાંધીધામ નજીકના અંતરજાળ તેમજ અંજાર પંથકમાં સર્જાયેલા અલગ-અલગ બનાવોમાં ચાર વ્યક્તિઓના અકાળ મોત નીપજતાં ભારે ગમગીની પ્રસરી ગઈ છે. અંતરજાળના રાજનગર વિસ્તારમાં રહેતા રેણુકાબેન રાણાભાઈ આહીર (ઉ.વ.૫૪) અને તેમની પુત્રી અંકિતા (ઉ.વ. ૨૨) ગત તા. ૦૭-૧૧-૨૦૨૬ ના રોજ સાંજના સમયે ઘરમાં એકલા હતા. પરિવારનો મહેશ રાણા આહીર નામનો યુવાન સાંજે ઘરે પરત ફર્યો ત્યારે તેની માતા અને બહેન બંને ઘરમાં લાકડાંની આડી સાથે કપડાં સૂકવવાની દોરી વડે ફાંસો ખાધેલી હાલતમાં લટકતાં મળી આવ્યાં હતાં.

રેણુકાબેનને છેલ્લા ચાર-પાંચ વર્ષથી માનસિક અસ્વસ્થતાની દવા ચાલતી હતી. જ્યારે અંકિતાબેનના લગ્ન થઈ ચૂક્યા હતા અને તેઓ છેલ્લા દોઢ વર્ષથી પિયરમાં રહેતા હતા. અગમ્ય કારણોસર આ બંને માતા-દીકરીએ એકસાથે આ આત્યંતિક પગલું ભરી લીધું હતું. બીજા બનાવમાં, નાગલપર ગામે રહેતો પારસ નવીન માલસતર (ઉ.વ.૨૪) નામનો યુવાન અંજાર જીઆઈડીસી વિસ્તારમાં ઈલેક્ટ્રિક પ્રેશર વોશર વડે કાર વોશ કરવાનું કામ કરી રહ્યો હતો. તે વેળાએ અચાનક વીજકરંટ લાગતાં તે ગંભીર હાલતમાં ઢળી પડ્યો હતો. તેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ફરજ પરના તબીબી અધિકારીએ તેને તપાસીને મૃત જાહેર કર્યો હતો. આ તરફ અંજારના મફતનગરમાં રહેતા જેન્તી નાનજી હોડ (ઉ.વ. ૬૪) નામના વૃદ્ધ પોતાના ઘરેથી શંકાસ્પદ હાલતમાં મૃત મળી આવ્યા હતા.

ભુજમાં વિદેશ મોકલવાના બહાને યુવાન સાથે 25 લાખની છેતરપિંડી

રૂપિયા પાછા આપવાનો સ્પષ્ટ ઇનકાર કરી દીધો

ભુજ

ભુજ તાલુકાના નારાણપર ગામે રહેતા રવીન્દ્ર રામજી ગાજીપરા નામના યુવાને નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ વિદેશ જવા ઇચ્છતા હોવાથી ભુજના હોસ્પિટલ રોડ પર, ભાદરકા હોસ્પિટલની બાજુમાં 'શ્રીજી ઈમિગ્રેશન' નામની ઓફિસ ધરાવતા કેતન સોલંકીનો સંપર્ક કર્યો હતો. કેતને તેમને વિદેશ મોકલવા માટે કાયદેસરના વિઝા બનાવી આપવાની ખાતરી આપી હતી. આ વિશ્વાસના આધારે આરોપીએ નવેમ્બર ૨૦૨૩થી આજદિન સુધીના સમયગાળા દરમિયાન અલગ-અલગ તારીખોએ ફરિયાદી પાસેથી ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૨૫ લાખ જેટલી માતબર રકમ પડાવી લીધી હતી. લાંબો સમય વીતવા છતાં આરોપીએ વિઝા કરાવી આપ્યા નહોતા. ફરિયાદીએ પોતાના નાણાં પરત માગતાં આરોપીએ રૂપિયા પાછા આપવાનો સ્પષ્ટ ઇનકાર કરી દીધો હતો અને ધાકધમકી આપી હતી. આખરે છેતરાયાનો અહેસાસ થતાં ભોગ બનનાર યુવાને ભુજ બી-ડિવિઝન પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે આ ફરિયાદના આધારે કેતન સોલંકી સામે છેતરપિંડી તેમજ વિશ્વાસઘાત સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

સુરતમાં સમાધાનના બહાને બોલાવી યુવકની છરીના ઘા ઝીંકી હત્યા

સુરત

સુરતના અશ્વિનીકુમાર વિસ્તારમાં 8 નવેમ્બરે રાત્રે સોસાયટીમાં ફટાકડા ફોડતી વખતે મોટરસાઈકલ કટ મારીને કાઢવા બાબતે બે યુવકો વચ્ચે બોલાચાલી થઈ હતી. તે સમયે મૃતકના ભાઈ અને અન્ય લોકોએ વચ્ચે પડીને ઝઘડો શાંત કરાવ્યો હતો. જોકે, આ બાબતની અદાવત રાખીને બીજા દિવસે આરોપીઓએ સમાધાન અને માફી મગાવવાના બહાને યુવકને ફોન કરીને બોલાવ્યો હતો. 10 નવેમ્બરની સાંજે આરોપીઓ યુવકને શનિદેવ મંદિર પાછળ લઈ ગયા હતા. ત્યાં યુવકે માફી પણ માગી લીધી હતી, પરંતુ બાદમાં આરોપીએ પોતાની પાસે રહેલી છરી કાઢીને યુવકના પીઠના ભાગે ઉપરાછાપરી 3-4 ઘા મારી દીધા હતા. જેથી યુવકનું મોત થયું હતું.

લોકસાહિત્યકાર માયાભાઈ આહીરના પુત્રની જમીન પચાવી પડાતા ફરિયાદ

જેતુ ધાખડા સામે પોલીસ મથકે ફરિયાદ

અમરેલી

લોકસાહિત્યકાર માયાભાઈ આહીરના પુત્રની જમીન પર ગેરકાયદે કબજો જમાવ્યાનો મામલો સામે આવ્યો હતો. આ અંગે તેમના પુત્ર ભરત ભંમરે રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ધુડીયા આગરીયા ગામ નજીક આવેલી આ જમીન ભરત ભંમરની માલિકીની છે. આ જમીન પર જેતુભાઈ વીરાભાઈ ધાખડાએ વર્ષ 2024થી ગેરકાયદે કબજો જમાવ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. કિંમતી જમીન પોતાના તાબામાં રાખવામાં આવતાં જમીન ખાલી કરાવવા માટે ભરત ભંમરે કાયદાકીય કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો હતો.

આખરે ભરત ભંમરે રાજુલા પોલીસનો સંપર્ક કરીને સમગ્ર મામલે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે જેતુભાઈ વીરાભાઈ ધાખડા સામે લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

PM મોદી ફરી આવશે ગુજરાત પ્રવાસે, અંબાજી મંદિરમાં કરશે ખાસ પૂજા


ગાંધીનગર

વડા પ્રધાન નરેન્દ્ર મોદી ફરી એક વાર બે દિવસના ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. મોદી 13 અને 14 નવેમ્બરે ગુજરાત આવશે. આ પ્રવાસ દરમિયાન મોદી શક્તિપીઠ અંબાજી મંદિરમાં વિશેષ પૂજા કરશે. અંબાજી મંદિરમાં મોદીની પૂજા અંગે ખાસ તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. અંબાજી ખાતે મોદીના આગમન માટે વ્યવસ્થાઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ગુજરાતમાં આવતા વરસે વિધાનસભાની ચૂંટણી છે ત્યારે વડા પ્રધાનના આ પ્રવાસને રાજકીય અને ધાર્મિક દ્રષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. અંબાજી મંદિરમાં દર્શન ઉપરાંત મોદી અન્ય કેટલાક કાર્યક્રમોમાં પણ ભાગ લે તેવી શક્યતા છે.

સ્વદેશ

09

FRIDAY, 13 NOVEMBER 2026



અમિતાભ બચ્ચનના 'જલસા' બંગલા પર કાર બોમ્બથી હુમલો કરવાની ધમકી

મુંબઈ મેયરની ઓફિસમાં ફરીથી અમિતાભ બચ્ચન ઘર જલસા અને પંજાબી ગાયક દિલજીત દોસાંજના કોન્સર્ટમાં બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો ઈમેલ મળ્યો છે. આ જ ઈમેલમાં ફરીથી એવો દાવો કરવામાં આવ્યો છે કે અમિતાભ બચ્ચનના 'જલસા' બંગલા પર કાર બોમ્બથી હુમલો કરવામાં આવશે. પંજાબી ગાયક દિલજીત દોસાંજના મુંબઈમાં યોજાનાર કોન્સર્ટને લઈને પણ એવી ધમકી આપવામાં આવી છે કે ત્યાં આઈફોન બોમ્બથી હુમલો કરવામાં આવશે. આ મામલે ઈમેલ મોકલનારની તપાસ કરવામાં આવી રહી છે.



SRHની માલિક કાવ્યા મારન અને અનિરુદ્ધ રવિચંદરે લીધા સાત ફેરા

મુંબઈ : જાણિતા મ્યુઝિક કમ્પોઝર અનિરુદ્ધ રવિચંદર અને સનરાઇઝર્સ હૈદરાબાદ (SRH)ની માલિક કાવ્યા મારને પોતાના જીવનની નવી ઇનિંગ્સ શરૂ કરી છે. બંનેના લગ્નની પહેલી તસવીર સોશિયલ મીડિયા પર સામે આવતા જ ફેન્સમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શેર કરેલી તસવીરમાં આ નવપરિણીત જોડી એકબીજા સાથે ખૂબ જ સુંદર અને રોયલ અંદાજમાં નજરે પડી રહી છે. સામે આવેલી તસવીરમાં અનિરુદ્ધ અને કાવ્યા એકબીજાનો હાથ પકડીને ફૂલોની વર્ષા વચ્ચે ચાલતા જોવા મળે છે. બેકગ્રાઉન્ડમાં સફેદ અને પીળા ફૂલોથી સજાવેલો ભવ્ય મંડપ આ ક્ષણને વધુ યાદગાર બનાવી રહ્યો છે. અનિરુદ્ધે પોતાના લગ્ન માટે ક્લાસિક લુક પસંદ કર્યો હતો. તેણે આઇવરી કલરનો કુર્તો અને મેચિંગ વેષ્ટી પહેરી છે, જેની ઉપર બારીક એમ્બ્રોઇડરી કરેલું લોંગ જેકેટ પહેરેલું છે. રિપોર્ટ્સ અનુસાર, આ ગોલ્ડ ડિટેઇલિંગવાળી ઓફ-વ્હાઇટ શેરવાની જેવો રોયલ લુક આપે છે. બીજી તરફ, કાવ્યા મારને આ ખાસ દિવસ માટે બ્લશ-પિંક કલરનો લહેંગો પસંદ કર્યો હતો, જેના પર ડિટેઇલ્ડ એમ્બ્રોઇડરી અને સિક્વિન વર્ક થયેલું છે. આ આઉટફિટ સાથે તેણે મેચિંગ બ્લાઉઝ, સ્ટેટમેન્ટ ચોકર નેકલેસ અને ભારે ઇયરરિંગ્સ પહેરીને પોતાનો લુક કમ્પ્લીટ કર્યો છે. ખુલ્લા વેવી હેરસ્ટાઇલે તેના આખા બ્રાઇડલ લુકને અત્યંત સોફ્ટ અને આકર્ષક બનાવ્યો છે. આ તસવીર સાથે લખેલી લાઇન 'My once in a lifetime, for a lifetime' ચાહકોને ખૂબ પસંદ આવી રહી છે, જેનો અર્થ જીવનભર સાથ નિભાવનારા ખાસ જીવનસાથી સાથે થાય છે.

તમન્ના ભાટિયા: મને સફળતા મળી ગઈ એ તો બરાબર છે, પણ...



મુંબઈ : ફિલ્મ 'ચાંદ સા રોશન ચહેરા'થી પોતાની અભિનય કારકિર્દી શરૂ કરનારી તમન્ના ભાટિયા પોતાના શરૂઆતના એ સમયગાળાને વાગોળતાં જણાવે છે કે બાળપણમાં તેનામાં અતિશય આત્મવિશ્વાસ હતો. તેને ઘણીવાર એ પણ ચોક્કસ ખ્યાલ નહોતો કે ભવિષ્યમાં આગળ શું કરવું છે, પરંતુ તેના અંતરમનમાં એવી અડગ શ્રદ્ધા જરૂર હતી કે તે ગમે તેવી વિપરીત પરિસ્થિતિનો સફળતાપૂર્વક સામનો કરી શકશે. કદાચ એ બાળસહજ અને દ્રઢ આંતરિક આત્મવિશ્વાસે જ તેને સિને જગતમાં એક સફળ કલાકાર તરીકે સ્થાપિત થવામાં સૌથી મોટી ભૂમિકા ભજવી છે. જોકે સામાન્યપણે વ્યક્તિ વીસ વર્ષની આસપાસની વયે પોતાની જાતને ઊંડાણપૂર્વક સમજવાનો પ્રયાસ શરૂ કરે છે. તમન્ના માને છે કે, 'આ વયે શરીર અનેક પ્રકારના જૈવિક ફેરફારોમાંથી પસાર થતું હોય છે, બાહ્ય દેખાવ બદલાતો હોય છે અને એક કલાકાર માટે સૌથી મોટો પડકાર એ હોય છે કે તેણે સતત કેમેરાની સામે રહેવાનું હોય છે. આવા સંજોગોમાં વ્યક્તિગત અસલામતી અને આંતરિક મનોમંથનો સામે પણ લડવું પડે છે. જીવનમાં કેટલાક દિવસો ખૂબ જ સારા અને ઉત્સાહવર્ધક હોય છે, તો કેટલાક દિવસો નકારાત્મકતા લઈને આવે છેત એક કલાકારે આ તમામ વિષમ પરિસ્થિતિઓ વચ્ચે સમતુલા જાળવતાં શીખવું પડે છે.' આટલી લાંબી અને સફળ સફર તરફ પાછળ વળીને જોતાં તમન્નાને સૌથી મોટો વસવસો એ વાતનો રહે છે કે તે પોતાના માટે પૂરતો સમય ફાળવી શકી નહીં. તે ઇચ્છે છે કે તેણે પોતાના જીવનનાં કેટલાંક વર્ષો અને થોડી વધુ પળો પોતાના અંગત આનંદ માટે પણ માણ્યાં હોત. તેની માતા પણ ઘણીવાર એ વાતથી નારાજ રહેતી કે તમન્ના ક્યારેય કામમાંથી લાંબો વિરામ લેતી નથી. તેને ઘણીવાર એવો વિચાર આવે છે કે કાશ તેણે થોડી વધુ રજાઓ ગાળી હોત, મિત્રો સાથે પાર્ટીઓમાં ગઈ હોત, તેમના જન્મદિવસની ઉજવણી કરી હોત કે પછી પરિવાર સાથે ક્વોલિટી ટાઈમ વિતાવ્યો હોત.



જેના ઓર્ટેગા : ટેલિવિઝનથી વિરામ અને નવા પ્રયોગો

લોનેટફ્લિક્સની ચચત સિરીઝ 'વેડનસડે' દ્વારા વૈશ્વિક ખ્યાતિ મેળવનાર હોલિવુડ અભિનેત્રી જેના ઓર્ટેગાએ આ શો પૂર્ણ થયા બાદ ટેલિવિઝન જગતમાંથી લાંબો વિરામ લેવાના સંકેત આપ્યા છે. પોડકાસ્ટ 'હેપી સેડ કન્ફ્યુઝ્ડ'માં તેણે જણાવ્યું કે તે હવે નવી ફ્રેન્ચાઈઝીઓથી દૂર રહીને પોતાનો સમય નવા સિનેમેટિક પ્રયોગો અને વિચારો પાછળ ફાળવવા માંગે છે. બાળ કલાકાર તરીકે 'જેન ધી વજન' અને 'સ્ટફ ઈન ધી મિડલ'થી કરીઅર શરૂ કરનાર જેનાએ સતત દોડધામ અને ભારે દબાણનો સામનો કર્યો હતો. જોકે સિરીઝ 'યુ'એ તેના કરિયરને નવો વળાંક આપ્યો. હવે તે આગામી વર્ષે રજૂ થનારી 'વેડનસડે'ની ત્રીજી સીઝનમાં કેથરિન ઝેટા-જોન્સ, લુઈસ ગુઝમેન, વિનોના રાઈડર અને ઈવા ગ્રીન સાથે જોવા મળશે, જેનું શૂટિંગ સપ્ટેમ્બરમાં જ પૂરું થયું છે. અભિનય ઉપરાંત જેના પોતાના સિદ્ધાંતો માટે પણ જાણીતી છે. 'સ્ક્રીમ' અને 'સ્ક્રીમ સિક્સ' પછી પેલેસ્ટાઈન મુદ્દે સહ-અભિનેત્રી મેલિસા બરેરાને હટાવાતાં તેણે આ હોરર ફ્રેન્ચાઈઝી સામેથી છોડી દીધી હતી. ૨૪ વર્ષની વયે ટીવી સ્ક્રીન પરથી લેવાતો આ બ્રેક કોઈ નિવૃત્તિ નથી, પરંતુ મોટા પડદા અને સ્વતંત્ર સિનેમા તરફ આગળ વધવાની તેની કલાત્મક પરિપક્વતા દર્શાવે છે..


'રામાયણ' ફિલ્મ ઓસ્કારની રેસમાં સામેલ, ભારતીય સંસ્કૃતિ પર આધારિત ફિલ્મે કરી મોટી કમાણી

ભારતીય સિનેમા માટે ૯૭મા ઓસ્કાર એવોર્ડ્સ અંગે એક ખૂબ જ મહત્વના સમાચાર સામે આવ્યા છે. રણબીર કપૂર, સાંઈ પલ્લવી અને યશ સ્ટારર ભવ્ય ફિલ્મ 'રામાયણ: પાર્ટ 1'ના નિર્માતાઓએ આ ફિલ્મને ઓસ્કાર એવોર્ડ્સની રેસમાં સામેલ કરવા માટે સત્તાવાર રીતે આવેદન કર્યું છે. નોંધનીય છે કે, મરાઠી ફિલ્મ 'ગોંધલ'ને ઓસ્કરની 'ઈન્ટરનેશનલ ફીચર ફિલ્મ' કેટેગરી માટે ભારતની અધિકૃત એન્ટ્રી તરીકે પસંદ કરવામાં આવી છે, તેમ છતાં 'રામાયણ'ના મેકર્સે તેને જનરલ કેટેગરીમાં મોકલવાનો સ્વતંત્ર નિર્ણય લીધો છે. 'રામાયણ' માત્ર એક પૌરાણિક કથા નથી, પરંતુ ભારતની સાંસ્કૃતિક વિરાસત અને ઓળખનું પ્રતીક છે. જેમ હોલીવુડે 'ધ લોર્ડ ઓફ ધ રિંગ્સ' જેવી ફિલ્મો દ્વારા પોતાની કાલ્પનિક કથાઓને વૈશ્વિક સ્તરે પહોંચાડી, તેમ આ ફિલ્મ ભારતીય પૌરાણિક કથાઓની ભવ્યતાનો જવાબ માનવામાં આવે છે.



ઓસ્કાર એવોર્ડ્સના નિયમો અનુસાર, કોઈપણ દેશની સત્તાવાર એન્ટ્રી સિવાય પણ અન્ય ફિલ્મો જો નક્કી કરેલી શરતો પૂરી કરતી હોય તો ઓસ્કારમાં પ્રવેશ મેળવી શકે છે. આ માટે ફિલ્મે અમેરિકાના કેટલાક નક્કી કરેલા સિટી (જેમ કે લોસ એન્જિલસ, ન્યૂયોર્ક, શિકાગો વગેરે)માં સતત સાત દિવસ સુધી થિયેટરોમાં દર્શાવવામાં આવેલી હોવી જરૂરી છે. આ ફિલ્મ સાથે જોડાયેલી વિઝ્યુઅલ ઈફેક્ટ્સ (VFX) કંપની હોલીવુડની મોટી ફિલ્મો માટે કામ કરી ચૂકી છે અને તેણે 8 ઓસ્કાર એવોર્ડ્સ પણ જીત્યા છે. આ આંતરરાષ્ટ્રીય અનુભવના આધારે જ નિર્માતાઓએ ભારતીય સિનેમાને વૈશ્વિક મંચ પર એક નવી ઓળખ અપાવવા માટે આ સાહસિક પગલું ભર્યું છે. નિતેશ તિવારીના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મે રિલીઝના પ્રથમ 6 દિવસમાં જ ભારતમાં રૂ. 403.95 કરોડ અને વિશ્વભરમાં રૂ. 673.90 કરોડથી વધુનું ગ્રોસ કલેક્શન કરી લીધું છે. બોક્સ ઓફિસ પર મેળવેલી આ ઐતિહાસિક સફળતા બાદ હવે 'રામાયણ' ઓસ્કરના મંચ પર ભારતનું નામ રોશન કરવા માટે તૈયાર છે.





હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news

એનવિડિયાના શેરબજારમાં માત્ર 30 મિનિટમાં 7.4 બિલિયન ડોલર 'સ્વાહા'

અફેર ભારે પડ્યું : ટોપ ટેન ધનિકોમાંથી હુઆંગ આઉટ



આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રની અગ્રણી કંપની 'એનવિડિયા'ના સહ-સંસ્થાપક અને સીઈઓ જેન્સન હુઆંગની સંપત્તિમાં સોમવારે શેરબજારમાં આવેલા ઘટાડા અને મહિલા સાથેના લફરાને કારણે તપાસ શરૂ થતાં ધરખમ ઘટાડો નોંધાયો હતો. શેરબજારમાં કંપનીના શેરો ગગડતાં માત્ર થોડી મિનિટોમાં જ તેમની સંપત્તિમાંથી અબજો ડોલર સ્વાહા થઈ ગયા હતા. આ ભારે નાણાકીય નુકસાન અને રેન્કિંગમાં થયેલા ફેરફારોને કારણે તેઓ અમીરોની વૈશ્વિક યાદીમાં પ્રભાવશાળી ટોચના સ્થાનોમાંથી સરકીને 10મા તેમજ ત્યારબાદ અન્ય ક્રમે પહોંચ્યા હતા. જો કે, વિવાદ એટલો વધ્યો કે, હુઆંગે કંપનીના પ્રેસિડેન્ટ, CEO અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સભ્ય પદેથી રાજીનામું આપવાની નોબત આવી. એક કથિત ચીની જાસૂસ સાથેના અફેર, કંપનીની મહિલા કર્મચારી સાથેના સંબંધો અને અબજો ડોલરના ચિપ કૌભાંડના વિવાદો વચ્ચે તેમનો આ નિર્ણય જાહેર થતાં જ ખળભળાટ મચી ગયો હતો.

એઆઈના બેફામ વિકાસ વચ્ચે એનવિડિયાના હાર્ડવેર અને ચિપ્સની વૈશ્વિક માંગ ખૂબ રહી છે, જેના કારણે જેન્સન હુઆંગ લાંબા સમય સુધી વિશ્વના ટોચના ધનિકોની યાદીમાં મોખરાના સ્થાને રહ્યા હતા. પરંતુ શેરબજારની વધઘટ અને તાજેતરની કોર્પોરેટ તથા વ્યક્તિગત અસ્થિરતાની સીધી અસર તેમની નેટવર્થ પર પડી છે. જેના પગલે વૈશ્વિક અબજોપતિઓની યાદીમાં તેમના સ્થાનમાં મોટો ઉતાર-ચઢાવ આવ્યો છે.

ફોર્બ્સના આંકડા અનુસાર ટ્રેડિંગ શરૂ થતાં પહેલાં 63 વર્ષીય જેન્સન હુઆંગની સંપત્તિ 162.2 અબજ ડોલર એટલે કે આશરે 15.41 લાખ કરોડ રૂપિયા હતી. જો કે, બજાર શરૂ થયાના પ્રથમ અડધા કલાકમાં તેમની સંપત્તિ ઘટીને 154.7 અબજ ડોલર એટલે કે આશરે 14.70 લાખ કરોડ રૂપિયા થઈ ગઈ હતી. સોમવારે Nvidiaના શેર 7 ટકાથી વધુના ઘટાડા સાથે ખુલ્યા હતા. ભારતીય સમય પ્રમાણે આ ઘટાડાની અસર કંપનીના શેરમાં જોવા મળી હતી. અમેરિકી સમય અનુસાર બપોરે 1:30 વાગ્યે પણ શેર 5.5 ટકા નીચે ટ્રેડ થઈ રહ્યા હતા.

આમ, માત્ર અડધા કલાકમાં તેમની સંપત્તિમાં આશરે 7.4 અબજ ડોલરનો ઘટાડો નોંધાયો હતો. આ ઘટાડાની સીધી અસર હુઆંગની અબજોપતિઓની રેન્કિંગ પર પડી હતી. તેઓ ફોર્બ્સની યાદીમાં આઠમા સ્થાનેથી 10મા સ્થાને સરકી ગયા હતા. જેન્સન હુઆંગની મોટાભાગની સંપત્તિ Nvidiaમાં તેમની માલિકીના શેર સાથે જોડાયેલી છે. આથી કંપનીના શેરના ભાવમાં ઘટાડો થાય ત્યારે તેમની વ્યક્તિગત સંપત્તિનું મૂલ્ય પણ ઘટે એ સ્વાભાવિક છે. તાજેતરમાં હુઆંગ અને એલિસ હુઆંગ નામની એક મહિલા સાથે જોડાયેલા અહેવાલો સામે આવ્યા છે. એલિસ હુઆંગ ચીનની નાગરિક છે અને અગાઉ સિંગાપોર સ્થિત ડેટા સેન્ટર કંપની Megaspeed Internationalમાં વરિષ્ઠ અધિકારી તરીકે કામ કરી ચૂકી છે.

પ્રાસંગિક
ધવલ શુક્લ

ધ ન્યૂયોર્ક ટાઇમ્સ'ના અહેવાલો અનુસાર અમેરિકાની ગુપ્તચર એજન્સીઓને શંકા હતી કે, એલિસ હુઆંગને ચીનની ગુપ્તચર એજન્સી દ્વારા જેન્સન હુઆંગ પાસેથી માહિતી મેળવવા માટે નિમવામાં આવી હતી. આ અહેવાલો બાદ Nvidiaના CEO વિદેશી ગુપ્તચર પ્રવૃત્તિનું નિશાન બન્યા હતા કે કેમ તે અંગે સવાલો ઊભા થયા છે. જો કે, એલિસ હુઆંગ સામેના જાસૂસીના આરોપો હજુ સાબિત થયા નથી. ચીને પણ આ આરોપોને ફગાવીને પાયાવિહોણા ગણાવ્યા છે.

આ વિવાદને ગંભીરતાથી લેતાં Nvidiaના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે 8 નવેમ્બરે સ્વતંત્ર તપાસ શરૂ કરવાની જાહેરાત કરી હતી. આ તપાસ માટે સ્વતંત્ર ડિરેક્ટર્સની એક સમિતિ બનાવવામાં આવી છે. આ સમિતિને બહારના સ્વતંત્ર કાયદાકીય નિષ્ણાતો પણ મદદ કરશે.

કંપનીના બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે, અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા અથવા Nvidiaની ગુપ્ત માહિતી સાથે ચેડાં થયાં છે તેવું માનવાને હાલ કોઈ કારણ નથી. જોકે, તપાસ દરમિયાન ઉપલબ્ધ તમામ માહિતીને ધ્યાનમાં લેવામાં આવશે.

જેન્સન હુઆંગે પણ તપાસને સંપૂર્ણ સહયોગ આપવાની સંમતિ આપી છે. સમગ્ર વિવાદ વચ્ચે 8 નવેમ્બરે જેન્સન હુઆંગે Nvidiaના કર્મચારીઓને એક સંદેશ મોકલ્યો હતો. આ સંદેશમાં તેમણે પોતાની પત્ની લોરી હુઆંગ સાથે બેવફાઈ કરી હોવાની કબૂલાત કરી હતી.

તેમણે લખ્યું હતું કે તેમણે પોતાની પત્નીને દગો આપ્યો છે અને તેમના આ પગલાથી પત્ની તથા બાળકોને દુઃખ પહોંચ્યું છે. પોતાની ભૂલ માટે કોઈ બહાનું ન હોવાનું જણાવી તેમણે પરિવારની માફી માગી હતી.

હુઆંગે કંપનીના કર્મચારીઓ, બોર્ડ, ભાગીદારો અને શેરધારકોની પણ માફી માગી હતી. તેમણે સ્વીકાર્યું હતું કે કંપનીના નેતા તરીકે કર્મચારીઓનો વિશ્વાસ જાળવવાની જવાબદારીમાં તેઓ ખામી કરી ચૂક્યા છે.

હુઆંગની કબૂલાત બાદ તેમના 41 વર્ષ જૂના લગ્નજીવન અને સંભવિત છૂટાછેડાને લઈને ચર્ચા શરૂ થઈ છે. જો જેન્સન હુઆંગ અને તેમની પત્ની લોરી હુઆંગ છૂટાછેડા લે તો કેલિફોર્નિયાના કાયદા હેઠળ વૈવાહિક સંયુક્ત સંપત્તિની વહેંચણીનો મુદ્દો મહત્ત્વનો બની શકે છે. જેન્સન હુઆંગની અંદાજિત કુલ સંપત્તિ આશરે 155 અબજ ડોલર એટલે કે લગભગ રૂ. 14.72 લાખ કરોડ હોવાનું કહેવાય છે. કેલિફોર્નિયાના કોમ્યુનિટી પ્રોપર્ટી કાયદા હેઠળ લગ્નજીવન દરમિયાન એકત્રિત કરવામાં આવેલી સંપત્તિને સામાન્ય રીતે પતિ-પત્નીની સંયુક્ત સંપત્તિ ગણવામાં આવે છે. છૂટાછેડાની સ્થિતિમાં આવી સંપત્તિ બંને વચ્ચે સરખે ભાગે વહેંચવાની જોગવાઈ છે. જોકે, લગ્ન પહેલાં થયેલો પ્રિનપ્શિયલ એગ્રીમેન્ટ એટલે કે લગ્નપૂર્વ કરાર હોય તો સંપત્તિની વહેંચણીની શરતો અલગ હોઈ શકે છે.

જેન્સન અને લોરી હુઆંગે વર્ષ 1985માં લગ્ન કર્યા હતા. તે સમયે બંને યુનિવર્સિટી ઓફ ઓરેગોનમાં અભ્યાસ કરતાં હતાં. લગ્નનાં આઠ વર્ષ બાદ એટલે કે 1993માં જેન્સને ક્રિસ માલાચોવસ્કી અને કર્ટિસ પ્રીમ સાથે મળીને કેલિફોર્નિયાના સનીવેલમાં Nvidiaની સ્થાપના કરી હતી. આ સમયગાળો સંપત્તિની વહેંચણીના કાયદાકીય પાસાંથી મહત્ત્વનો છે, કારણ કે કંપનીની સ્થાપના લગ્ન બાદ થઈ હતી. Nvidiaના વિકાસ સાથે જેન્સન હુઆંગની સંપત્તિમાં પણ મોટો વધારો થયો છે. જોકે, તેમની કુલ 155 અબજ ડોલરની સંપત્તિનો આખો હિસ્સો આપમેળે સંયુક્ત સંપત્તિ ગણાય તે જરૂરી નથી.

જેન્સન હુઆંગની સંપત્તિમાં Nvidiaના શેરનો મોટો હિસ્સો છે. તેથી સંભવિત છૂટાછેડાની સ્થિતિમાં માત્ર રોકડ રકમ જ નહીં, પરંતુ કંપનીના શેર અને અન્ય રોકાણોની માલિકી પણ મહત્ત્વની બનશે. આથી Nvidiaના શેર ક્યારે અને કેવી રીતે મેળવવામાં આવ્યા, તેના મૂલ્યમાં થયેલો વધારો કઈ શ્રેણીમાં આવે છે અને અન્ય રોકાણોની માલિકી કોની છે તે નક્કી કરવું પડશે. જેન્સન અને લોરી હુઆંગે લગ્ન પહેલાં પ્રિનપ્શિયલ એગ્રીમેન્ટ કર્યો હતો કે નહીં તેની કોઈ જાહેર પુષ્ટિ નથી. અગાઉના અહેવાલોમાં કેલિફોર્નિયાના કોમ્યુનિટી પ્રોપર્ટી કાયદાના આધારે અંદાજ લગાવવામાં આવ્યો હતો કે, જો બંનેના છૂટાછેડા થાય તો લોરી હુઆંગને 80 અબજ ડોલર એટલે કે આશરે રૂ. 7.6 લાખ કરોડ મળી શકે છે. અલબત હજી સુધી આ દંપતી છૂટાછેડા લેવાનું વિચારી રહ્યું હોવાના કોઈ જાહેર સંકેત નથી. જેન્સન હુઆંગ Nvidiaની સફળતા અને વૈશ્વિક AI ક્રાંતિનો મહત્ત્વનો ચહેરો રહ્યા હતા. તેમના નેતૃત્વમાં કંપની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માટે જરૂરી ચિપ્સના ક્ષેત્રમાં અગ્રણી બની છે. અલબત એક અફેરને કારણે તેમણે હવે CEO તરીકે અને કંપનીના અન્ય તમામ હોદ્દા પરથી રાજીનામા આપી દીધા છે. તેથી રોકાણકારોમાં ચિંતા વધી છે. આગામી દિવસોમાં કંપનીના શેરની કિંમતમાં તેની અસર વર્તાઈ શકે તેમ છે.

ચીનની ગુપ્તચર એજન્સી સાથે સંકળાયેલી મહિલા સાથેના કથિત સંબંધોના અહેવાલો જ એનવિડિયાના શેરના ભાવ ગગડી ગયા. જેને કારણે કંપનીને નુકસાન વેઠવું પડ્યું. એટલું જ નહીં, તેમણે પરિવારની માફી માંગવા સાથે કંપનીના હોદ્દા પરથી પણ રાજીનામું આપવું પડ્યું

ભક્તિ, સેવા અને માનવતાનો અનોખો મહોત્સવ સંત શિરોમણિ જલારામ બાપાની જન્મજયંતી

ભારતીય સંસ્કૃતિ અને સનાતન ધર્મનો ઇતિહાસ એવા મહાપુરુષો, સંતો અને મહાત્માઓથી સમૃદ્ધ છે, જેમણે પોતાના સમગ્ર જીવન દરમિયાન લોકકલ્યાણ, પરોપકાર અને ઈશ્વરભક્તિને જ સર્વોચ્ચ ધર્મ માન્યો છે. આ સંતોની શ્રેણીમાં ગુજરાતની પવિત્ર ભૂમિ પર અવતરેલા સંત શિરોમણિ બાપા જલારામનું નામ આદર અને શ્રદ્ધા સાથે લેવામાં આવે છે. જલારામ બાપા માત્ર એક સંત નહોતા, પરંતુ તેઓ માનવતાના જીવતાજાગતા પ્રતીક અને અન્નક્ષેત્રના સંસ્થાપક હતા. તેમનો સમગ્ર જીવનકાળ અતિ સાધારણ પરિસ્થિતિમાં વીત્યો હોવા છતાં, તેમણે અસાધારણ કાર્યો દ્વારા સમસ્ત માનવજાતને પ્રેમ, દયા અને સેવાનો માર્ગ બતાવ્યો છે. દર વર્ષે કારતક સુદ સાતમની પવિત્ર તિથિએ જલારામ જયંતી ખૂબ જ ધામધૂમથી અને શ્રદ્ધાપૂર્વક ઉજવવામાં આવે છે. આ દિવસ માત્ર એક ઉત્સવ નથી, પરંતુ બાપાના આદર્શોને પોતાના જીવનમાં ઉતારવાનો અને તેમની સેવાભાવનાને યાદ કરવાનો અવસર છે.



જન્મ અને પ્રારંભિક જીવન

પૂજ્ય જલારામ બાપાનો જન્મ વિક્રમ સંવત 1856 (ઈ.સ. 1799)ની કારતક સુદ સાતમના દિવસે સૌરાષ્ટ્રના પવિત્ર નગર વીરપુર ખાતે થયો હતો. તેમના પિતાનું નામ પ્રધાનજી ઠક્કર અને માતાનું નામ રાજબાઈ હતું. પ્રધાનજી ઠક્કર વેપારી હતા અને તેમનો પરિવાર લોહાણા જ્ઞાતિ સાથે સંબંધ ધરાવતો હતો.

નાનપણથી જ જલારામ બાપાના સ્વભાવમાં દયા, કરુણા અને પરોપકારના બીજ રોપાયેલા હતા. તેઓ હંમેશાં સાધુ-સંતો અને ગરીબોની સેવા કરવામાં વિશેષ રસ લેતા. તેમના જીવનમાં આધ્યાત્મિકતાનો પ્રભાવ એટલો ગાઢ હતો કે નાની વયે જ તેઓ ભક્તિભાવમાં લીન રહેતા. લગભગ 16 વર્ષની વયે તેમના લગ્ન વાંકાનેરના પ્રજ્ઞાવાન અને ધર્મપરાયણ શેઠ પ્રાગજી સોમૈયાની સુપુત્રી વીરબાઈ મા સાથે થયા હતા. વીરબાઈ મા પણ સ્વભાવે દયાળુ, પરોપકારી અને ધાર્મિક પ્રકૃતિના હતા. લગ્ન પછી વીરબાઈ માએ જલારામ બાપાના સેવાકાર્યોમાં પડખે ઊભા રહીને સદાય સાથ આપ્યો હતો.

આધ્યાત્મિક ગુરુ અને સદાવ્રતની શરૂઆત

જલારામ બાપાના જીવનમાં એક મોટું પરિવર્તન ત્યારે આવ્યું જ્યારે તેઓ ફતેહપુરના પ્રસિદ્ધ સંત શ્રી ભોજા ભગત (ભોજલરામ)ના સંપર્કમાં આવ્યા. ભોજા ભગતે જલારામ બાપાની ભક્તિ અને સેવાભાવના જોઈને તેમને પોતાના શિષ્ય બનાવ્યા અને ગુરુમંત્ર પ્રદાન કર્યો. ગુરુની કૃપાથી જલારામ બાપાની આધ્યાત્મિક સાધના વધુ પ્રબળ બની હતી.

ગુરુની પ્રેરણાથી જ બાપાએ વીરપુરમાં એક એવું કાર્ય શરૂ કર્યું જેણે ઇતિહાસ રચી દીધો. તેમણે સંવત 1877ની કારતક સુદ સાતમના દિવસે પોતાના ઘરે એક અનન્ય સદાવ્રત (અન્નક્ષેત્ર)ની શરૂઆત કરી.

સદાવ્રતનો અર્થ : સદાવ્રત એટલે એવું સ્થાન જ્યાં આવનાર દરેક ભૂખ્યા અતિથિ, સાધુ, સંત કે ગરીબને કોઈપણ જાતના ભેદભાવ વિના નિઃશુલ્ક ભોજન (પ્રસાદ) આપવામાં આવે છે.

નિયમ : શરૂઆતમાં આ સદાવ્રત નાના પાયે શરૂ થયું હતું, પરંતુ સમય જતાં તે એટલું વિશાળ બન્યું કે વીરપુરમાં આવનાર કોઈપણ વ્યક્તિ ક્યારેય ભૂખ્યા પેટ પાછી જતી નહીં.

બાપા જલારામ અને વીરબાઈ મા જાતે જ જંગલમાંથી લાકડાં કાપી લાવતા, અનાજ દળતા અને પોતાના હાથે રસોઈ બનાવીને અતિથિઓને જમાડતા. `ભૂખ્યાને અન્ન અને તરસ્યાને પાણી' આપવું એ જ તેમનો એકમાત્ર જીવનમંત્ર બની ગયો હતો.

જલારામ બાપા સાથે જોડાયેલી ચમત્કારી અને પ્રેરણાદાયી કથાઓ

બાપા જલારામના જીવન સાથે અનેક લોકવાર્તાઓ અને દિવ્ય ચમત્કારો જોડાયેલા છે, જે તેમની પ્રભુભક્તિ અને દ્રઢ વિશ્વાસની સાક્ષી પૂરે છે.

ભગવાન અક્ષરના નારાયણ અને સંત સ્વરૂપ અતિથિ

એકવાર એક વૃદ્ધ સાધુ બાપા જલારામના ઘરે આવ્યા. તે સાધુએ બાપા પાસે ભીક્ષામાં તેમની ધર્મપત્ની વીરબાઈ માની માંગણી કરી! આ અત્યંત પરીક્ષણભર્યો પ્રસંગ હતો, પરંતુ બાપા જલારામ અને વીરબાઈ માએ ક્ષણભરનો પણ વિચાર કર્યા વગર ભગવાન પર અટલ વિશ્વાસ રાખીને વીરબાઈ માને તે સાધુને સોંપી દીધા. વીરબાઈ મા તે સાધુની સાથે આગળ વધ્યા, પરંતુ થોડે દૂર જઈને તે સાધુ અદૃશ્ય થઈ ગયા અને આકાશવાણી થઈ કે, `હે જલારામ! આ તો તમારી પરીક્ષા હતી.' તે સાધુ બીજું કોઈ નહીં, પરંતુ સાક્ષાત્ ભગવાન સ્વરૂપ હતા. તે સમયે તે સાધુએ વીરબાઈ માને એક પવિત્ર દંડો અને ઝોળી ભેટમાં આપી, જે આજે પણ વીરપુરમાં અખંડ રૂપે પૂજાય છે.

લાઠીવાળા બાપા અને કાળિયા ઠાકોર

જલારામ બાપા પાસે આવનાર દરેક ભક્તની મુશ્કેલીઓ દૂર થતી. એકવાર એક ગરીબ બ્રાહ્મણ પોતાની પુત્રીના લગ્ન માટે સહાય મેળવવા બાપા પાસે આવ્યો. બાપા પાસે રોકડ રકમ નહોતી, પરંતુ તેમણે પ્રેમથી તે બ્રાહ્મણને પોતાની ઝોળીમાંથી જે જોઈતી વસ્તુઓ હતી તે લઈ જવા કહ્યું અને એક ચિઠ્ઠી લખી આપી. તે ચિઠ્ઠીમાં લખ્યું હતું કે, `ભગવાન પાસે માંગો.' જ્યારે બ્રાહ્મણ લગ્નમંડપમાં પહોંચ્યો ત્યારે એક ચમત્કાર થયો; સાક્ષાત્ ભગવાન (રણછોડરાય અથવા કાળિયા ઠાકોર) ત્યાં પ્રગટ થઈને બ્રાહ્મણની તમામ જરૂરિયાતો પૂરી કરી દીધી હતી.



MOTEL & HOTEL FOR SALE

NIRAJ PANCHOLI, REALTOR®

Mechanical Engineer (Ahmedabad, India)

Cell: 647-866-2790

Email: ncpancholi@gmail.com

Website: www.niraj-pancholi.c21.ca

Multiple Awards Winner Since 2011

Selling Motels, Hotels, Commercial and Residential Properties Since 2011

Visit my website for new and updated Exclusive and MLS listings



MOTEL KING: Specializing in Selling Motels, Proven Records of SOLD over 50 Motels & Hotels in ONTARIO

WINDSOR FRANCHISE HOTEL, 90+ROOM I $7.2M Fully Renovated Rooms, No PIP, 3.5 Arec Lot	COCHRANE MOTEL, 43 ROOM & RESTAURANT I $4.2M 6 Acre Lot Right on Hwy 11, Year-round profitable business Absentee Owner, Excellent NOI and Cap Rate, VTB available
GANANOQUE HOTEL, 54 ROOM, RESTAURANT & BAR I $4.9M Well-maintained Rooms, Profitable year-round operation. Close to Hwy 401, Casino and 1000 Island Cruise Line. Excellent Net Income, Great Investment.	HUNTSVILLE MOTEL, 17 ROOM - $2.3M In the downtown, Absentee Owner for last 4 years. Great opportunity for the Owner Operator to grow
GRAVENHURST MOTEL & RESTAURANT, 21 ROOM - $1.5M Rooms are on monthly basis on long-term. 3 Acre lot in Muskoka area, Selling AS IS – Ideal for Builders/Renovators	HUNTSVILLE FRANCHISE MOTEL, 36 ROOM – ASKING $3.9M Newer, well-maintained property comes with separate 2-bedroom detached house. Easy operation. Ideal for Owner operator
ALBERTA – FRANCHISE & NON-FRANCHISE MOTELS 1-2 hours from Calgary and Edmonton Price range: $800,000 to $3,500,000. Call for more info.	Motel Job: Front desk, housekeeping and general work in Ontario Partnership: Working Partner, Min $200,000 investment (PR or Citizen), good English and computer knowledge. Location: Ontario & Alberta

Century 21 People's Choice Realty Inc. 120 Matheson Blvd E #103, Mississauga, Ontario (cell; 647-866-2790 I email: ncpancholi@gmail.com)
Brilliant Realty, 1135 64 Ave SE #202, Calgary, T2H 2J7, Alberta (cell: 647-866-2790 I email: niraj.alberta@gmail.com)

MOTEL & HOTEL OWNERS: Thinking of Selling! Call ASAP, I have qualified BUYERS ready for Any Size, Any Price, Any Location

ગુજરાતમાં ઈ-કોમર્સની ફરિયાદોમાં 33 ટકાનો વધારો

લોકો ભ્રામક જાહેરાતોમાં ભેરવાયા : 3 વર્ષ અને ચાલુ વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં માત્ર ગુજરાતમાંથી કુલ 78,121 ફરિયાદો

ગાંધીનગર : ગુજરાતમાં ઓનલાઈન શોપિંગ અને ડિજિટલ ટ્રાન્ઝેકશનનો વ્યાપ જેટલી ઝડપથી વધી રહ્યો છે, તેટલી જ ઝડપથી ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર ગ્રાહકો સાથે થતી છેતરપિંડી અને ભ્રામક જાહેરાતોના કિસ્સા પણ વધી રહ્યા છે. નેશનલ કન્ઝ્યુમર હેલ્પલાઈન દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર આંકડાઓ અનુસાર, ગુજરાતમાં ઈ-કોમર્સ ક્ષેત્રે ગ્રાહકોની ફરિયાદોમાં ચિંતાજનક વધારો નોંધાયો છે. વર્ષ 2024ની સરખામણીએ વર્ષ 2025માં જ ગ્રાહક ફરિયાદોમાં સીધો 33 ટકાનો ઉછાળો આવ્યો છે, જે દર્શાવે છે કે ઓનલાઈન બજારમાં ગ્રાહકો છેતરપિંડીનો મોટા પાયે ભોગ બની રહ્યા છે.

છેલ્લા 3 વર્ષ અને ચાલુ વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળા (31 માર્ચ 2026 સુધી) સુધીમાં જ માત્ર ગુજરાતમાંથી કુલ 78,121 ફરિયાદો હેલ્પલાઈન પર નોંધાઈ ચૂકી છે. આ મામલે રાજધાની દિલ્હી પછી ગુજરાત સમગ્ર યાદીમાં દેશના મોખરાના સ્થાને છે.'દર વર્ષે ઓનલાઈન છેતરપિંડી, નબળી ગુણવત્તાની પ્રોડેક્ટ્સ અને ભ્રામક જાહેરાતોનો ભોગ બનનારા ગુજરાતીઓની સંખ્યા સતત વધી છે.

10 વર્ષમાં સાયબર ક્રાઈમના કેસ 362થી વધીને 1 લાખ થઈ ગયા



અમદાવાદ : ગુજરાતમાં જ વર્ષ 2016માં સાયબર ઠગાઈના 362 ગુના નોંધાયા હતા તે ચાલુ વર્ષ 2026માં એક લાખનો આંક વટાવી ચૂક્યાં છે. જાણકારો કહે છે કે, વર્ષ 2020થી કોરોનાના બે વર્ષના સમયગાળામાં ઓનલાઈન વ્યવહારો વધતાં સાયબર ગઢિયાઓને જાણે ફાવતું જીડી ગયું હતું. ઓનલાઈન અને મોબાઈલ ફોન ઉપર બેન્કિંગ કામગીરીનો પૂરતો અનુભવ ન ધરાવનારા નાગરિકો આજની તારીખે સાયબર ઠગાઈનો ભોગ બની રહ્યા છે. ગુજરાત પોલીસ છેતરપિંડીના સાયબર ક્રાઈમ સામે વર્ષ 21019થી સક્રિય છે પણ હજુ લોકજાગૃતતાનો અભાવ હોવાથી સાયબર ગઠિયાઓ ફાવી રહ્યા છે તે હકીકત છે.

સહકારક્ષેત્રે ભાજપની દખલગીરી સામે કચવાટ રાદડિયા અને સંઘાણીની બળવાની ફોર્મ્યૂલા હીટ

સાબર ડેરીની ચૂંટણી જ મૌકૂફ રાખવાની નોબત આવી, ભાજપની ફજેતી થઇ

ગાંધીનગર

રાજ્યમાં સહકાર ક્ષેત્રે મેન્ડેટ આપવાનો વિરોધ બરકરાર રહ્યો છે. આ જોતાં લાગે છે કે, જયેશ રાદડિયા અને દિલીપ સંઘાણીની બળવાની ફોર્મ્યુલા હવે ભાજપમાં હીટ થવા માંડી છે કેમકે, સહકારી ડેરી-બેંકોની ચૂંટણીમાં ભાજપની પ્રદેશની નેતાગીરીના ધમપછાડા પછી પણ સ્થાનિક નેતાઓ બગાવતના સૂર છેડી રહ્યા છે. જયેશ રાદડિયા ભલે અત્યારે મંત્રીમંડળમાં નથી, પણ તેઓ પોતે સૌરાષ્ટ્રના ખેડૂતોના મસીહા હોવાનું બિરુદ ગુમાવવા જરાય તૈયાર નથી. ભાજપના સત્તાવાર મેન્ડેટ સામે અનેકવાર પોતાના ઉમેદવારો ઊભા રાખી, તેમને જીતાડીને રાદડિયાએ સાબિત કરી દીધું છે કે સહકારમાં પક્ષ કરતાં વ્યક્તિગત પ્રભુત્વ મોટું છે. હવે આ જ 'બગાવતના રસ્તે ભાજપના નેતાઓ પણ દોડી રહ્યા છે.

આ આંતરિક યુદ્ધનું તાજું અને સૌથી મોટું ઉદાહરણ ઉત્તર ગુજરાતની પ્રતિષ્ઠિત સાબર ડેરીમાં જોવા મળ્યું હતું. ભાજપના પ્રદેશના મોટા ગજાના નેતાઓ એ ઉકેલ લાવવા માટે એડીચોટીનું જોર લગાવ્યું હતું. એટલું જ નહીં, અનેક ધમપછાડા કર્યા, પરંતુ સ્થાનિક નેતાઓ કમલમના આદેશ સામે ઝૂકવા તૈયાર ન થયા. આખરે ભાજપની સરેઆમ ફજેતી થાય તે પહેલાં જ સાબરડેરીની આખી ચૂંટણી જ મોકૂફ રાખવી પડી હતી. રાજકીય વિશ્લેષકોના મતે, ભાજપ જે રીતે વિધાનસભા કે લોકસભામાં દિલ્હી-ગાંધીનગરથી નામો નક્કી કરે છે, એ ફોર્મ્યુલા સહકાર ક્ષેત્રમાં સદંતર નિષ્ફળ ગઈ છે.

અમદાવાદમાં ફાયરિંગ, ફટાકડા ફોડવા મુદ્દે દિવાળીએ બે જૂથ આમને-સામને

પાંચ લોકોને ઈજા, ફટાકડા ફોડવા મનાઈ છતાં યુવકો ન અટક્યા

અમદાવાદ

અમદાવાદના સાયન્સ સિટી રોડ પર કોમર્શિયલ બિલ્ડિંગ અને નજીકની સોસાયટીના રહીશો વચ્ચે અચાનક બોલાચાલી થઈ હતી. કોમર્શિયલ બિલ્ડીંગના 3 યુવકો દ્વારા સોસાયટીની બહાર ફટાકડા ફોડી રહ્યા હતા ત્યારે રહીશોએ તેને ના પડવા છતા તેઓ અટક્યા ન હતી. આ પછી થોડીવારમાં ત્રણેય શખ્સો ફરીથી ત્યાં આવીને રોકેટ સળગાવતા તે સોસાયટીના સભ્યો પર પડી હતી. આ સમયે રહીશોએ વિરોધ કરીને ફટાકડા ફોડવાની મનાઈ કરતા આ યુવાનોએ ઉશ્કેરાઈને ધમકી આપતા જણાવ્યું કે, 'તેઓ અહીં જ ફટાકડા ફોડશે અને તેમનાથી જે થાય તે કરી લે. આ પછી આ યુવકોએ અન્ય લોકોને બોલાવ્યા, જે પછી 20-25 શખ્સોના ટોળાએ ધોકા અને હથિયારો સાથે સોસાયટીના સભ્યો જોડે ઝઘડો કરી મારામારી કરી હતી. આ હુમલામાં સોસાયટીના 4થી 5 સભ્યો ઈજાગ્રસ્ત થયા હતા. જેથી એક વ્યક્તિ દ્વારા હવામાં 3 રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું.

અમદાવાદ જિલ્લામાં ધર્મપરિવર્તન માટે 10 મહિનામાં 120 અરજી આવી

ધર્મપરિવર્તન કરનારાઓમાં 60 ટકા લોકો શહેરી વિસ્તારના

અમદાવાદ

ગુજરાતમાં ધર્મપરિવર્તનનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. અમદાવાદ જિલ્લામાં ધર્મપરિવર્તન માટે કરવામાં આવતી અરજીઓના ચોંકાવનારા આંકડા સામે આવ્યા હતા. છેલ્લા 10 મહિનામાં શહેરમાંથી ધર્મપરિવર્તન માટે કુલ 120 જેટલી અરજીઓ મળી હતી. એટલે કે દર મહિને સરેરાશ 12 લોકો ધર્મપરિવર્તન માટે અરજી કરતા હોવાનું સામે આવ્યું હતું. આ અરજીઓ પૈકી આશરે 95 ટકા લોકોએ બૌદ્ધ ધર્મ અપનાવવા માટે અરજી કરી હતી, જ્યારે બાકીના પાંચ ટકા લોકોએ અન્ય ધર્મ અપનાવવા માટે અરજી કરી હતી.

છેલ્લા અઢી વર્ષના આંકડા પર નજર કરીએ તો અમદાવાદમાં ધર્મપરિવર્તન માટે કુલ 545 અરજીઓ મળી હતી. ધર્મપરિવર્તન કરનારાઓમાં આશરે 60 ટકા લોકો શહેરી વિસ્તારના હોવાનું જાણવા મળ્યું હતું. પૂર્વ અમદાવાદના અમરાઈવાડી સહિતના વિસ્તારોમાંથી વધુ અરજીઓ મળી હતી.

દિવાળીના તહેવારમાં સાબરમતી નદીમાં પાંચ લોકોની મોતની છલાંગ, ચારના મૃતદેહ મળ્યાં

દધીચિ બ્રિજ નજીક નદીમાં કૂદેલા યુવકનો બચાવ, પતંગ હોટેલ નજીક નદીમાં તરતો મૃતદેહ મળ્યો

અમદાવાદ

દિવાળીથી લઈને ભાઈબીજ સુધીના તહેવારો દરમિયાન અમદાવાદની સાબરમતી નદીમાં કુલ પાંચ વ્યક્તિઓએ ઝંપલાવ્યું હતું. પ્રથમ ઘટના એલિસબ્રિજ અને અટલ બ્રિજ વચ્ચે બની હતી. જેમાં ફાયર વિભાગની રિવર રેસ્ક્યૂ ટીમે નદીમાં ગુમ વ્યક્તિની શોધખોળ શરૂ કરી હતી. લગભગ એક કલાકની જહેમત બાદ ફેનિલ નામના યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. બીજી ઘટનામાં રિવરફ્રન્ટ પર આવેલી પતંગ હોટેલ નજીક નદીના પાણીમાં એક અજાણ્યા પુરુષનો મૃતદેહ તરતો જોવા મળ્યો હતો. ત્રીજી ઘટના દિવાળીના બીજા દિવસે બપોરના સમયે બની હતી. એક વ્યક્તિએ દધીચિ બ્રિજ નજીક સાબરમતી નદીમાં છલાંગ લગાવી હતી. ઘટનાની જાણ થતાં જ રિવર રેસ્ક્યૂ ટીમે તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી હતી. ટીમની સમયસરની કામગીરીના કારણે યુવકને જીવિત બહાર કાઢવામાં આવ્યો હતો. .

તે જ દિવસે મોડી રાત્રે એક વ્યક્તિને નદીમાં કૂદતો જોઈને ત્યાં હાજર સુરક્ષાકર્મીએ તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરી હતી. જે બાદ લાંબી શોધખોળ બાદ સાજિદ પઠાણ નામના વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો હતો.

પાંચમી ઘટના ભાઈબીજની સવારે સામે આવી હતી. એલિસબ્રિજ નજીક ફરજ પર હાજર એક સુરક્ષાકર્મીને નદીમાં વધુ એક વ્યક્તિનો મૃતદેહ તરતો જોવા મળ્યો હતો.

પ્રાકૃતિક ખેતીની ગુલબાંગો વચ્ચે ગુજરાતમાં માત્ર 15.33 લાખ હેક્ટર જમીનમાં જ ખેતી

કૃષિ વિભાગને જ રસ નથી: માત્ર 17,836 ખેડૂતો જ ઓર્ગેનિક ખેતીની યોજનાનો લાભ

ગાંધીનગર

અન્ય મોટા રાજ્યોની સરખામણીએ ગુજરાતમાં ઓર્ગેનિક ખેતીનો વ્યાપ ઘણો સીમિત અને ચિંતાજનક સ્તરે ધીમો છે. હજુ પણ ખેતીમાં રાસાયણિક ખાતરનો જ ધૂમ ઉપયોગ થઈ રહ્યો છે. ઓર્ગેનિક ખેતીના અહેવાલમાં રાજસ્થાન 10,0557 ક્લસ્ટર્સ અને ઉત્તર પ્રદેશ 8,539 ક્લસ્ટર્સ સાથે દેશમાં મોખરે છે, તેની સામે ગુજરાતમાં માત્ર 759 ક્લસ્ટર્સ જ બની શક્યા છે. મધ્ય પ્રદેશ (6,037) અને મહારાષ્ટ્ર (2,978) જેવા પડોશી રાજ્યો પણ ગુજરાત કરતાં માઈલો આગળ છે. ઉલ્લેખનીય છે કે, વર્ષ 2024 અને 2025માં ઓર્ગેનિક ખેતી પાછળ રાજ્ય સરકારે રૂ. 2,096 લાખનો ખર્ચ કર્યો છે.

અનાજ અને કઠોળનું મોટું ઉત્પાદન કરતા રાજ્યોમાં લાખો ખેડૂતો ઓર્ગેનિક તરફ વળ્યા છે. દાખલા તરીકે, આંધ્ર પ્રદેશમાં 7,46,976 ખેડૂતો અને કેરળમાં 3,10,841 ખેડૂતો ઓર્ગેનિક ખેતી અપનાવી ચૂક્યા છે. તેની સરખામણીએ ગુજરાતમાં માત્ર 17,836 ખેડૂતો જ આ યોજનાનો લાભ લઈ રહ્યા છે, જે રાજ્યના કુલ ખેડૂતોની સંખ્યાના એક ટકા જેટલો પણ ભાગ નથી. ઓર્ગેનિક ખેતી હેઠળ આવરી લેવાયેલી જમીનની બાબતમાં પણ ગુજરાતની સ્થિતિ નબળી છે. રાજસ્થાનમાં 2,01,140 હેક્ટર અને ઉત્તર પ્રદેશમાં 1,71,184 હેક્ટર જમીન કેમિકલમુક્ત બની ચૂકી છે, જ્યારે ગુજરાત માત્ર 15,334,41 હેક્ટર પર જ અટકી ગયું છે.

ગુજરાતમાં 152 કર્મચારીએ 13 કરોડની લાંચ લીધી, સૌથી વધુ ગૃહ વિભાગના

સરકારી કચેરીમાં રૂપિયા લીધા વગર પ્રજાના કામો થતા નથી

ગાંધીનગર

ગુજરાતને ભ્રષ્ટાચારમુક્ત બનાવવાની વાતો વચ્ચે સરકારી કચેરીમાં રૂપિયા લીધા વગર પ્રજાના કામો થતા જ નથી. લોકોને ધક્કા ખાધા બાદ મજબૂરીવશ અને ના છૂટકે રૂપિયા આપી લાંચિયા અધિકારીઓ પાસે કામો કઢાવવા પડે છે. છેલ્લા એક વર્ષમાં ઉચ્ચ અધિકારીઓથી માંડીને વર્ગ-4ના કર્મચારીઓ અને વચ્ચેટીયા મળી કુલ રૂ. 13 કરોડની માતબર રકમની લાંચ લીધી હતી. જેમાં સૌથી વધારે ગૃહ વિભાગના 29 કર્મચારીએ રૂ. 2.64 કરોડની લાંચ લીધી હતી જ્યારે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના 16 કર્મચારીઓ દ્વારા રૂ. 2 કરોડની લાંચ લીધી હોવાનું ખુદ એન્ટીકરપ્શન બ્યુરો(એ.સી.બી.) ની સત્તાવાર વિગતોમાં બહાર આવ્યું છે. એસીબીએ છટકું ગોઠવીને એક વર્ષમાં કેન્દ્રના કર્મચારી અને ખાનગી સહિત કુલ 21 લોકો રૂ.4 કરોડની લાંચ લેતા પકડાયા હતા. તથા ગુજરાતમાં ઉચ્ચ અધિકારીઓ તથા વર્ગ-4 સહિતના કુલ 152 સરકારી કર્મચારીઓને 13 કરોડની માતબરની લાંચ લેતા રંગેહાથ પકડી પાડ્યા હતા.



તુલા (ર.ત.)

શનિનું ફળ : વર્ષના પ્રારંભથી શનિ મીન રાશિમાં આપણી રાશિથી છઠ્ઠા ભુવનમાં રહીને તા. ૨-૬-૨૦૨૭થી મેષ રાશિમાં સાતમા ભુવનમાં વર્ષાંત સુધી રહેશે. જે આપને આપના કોર્ટ-સહકાર્યકર્તાઓ અને હિતેચ્છુઓ થકી સહકાર રાખશે. કાર્યક્ષેત્રની પ્રવૃત્તિ-પ્રયાસો અનુકૂળતા આપનારા રહેશે. શનિ આપણા કાર્યક્ષેત્રમાં લાભપ્રદ સંજોગોનો ઊભા કરી શકશે. આર્થિક આવક અને આવકના સ્રોત અનુકૂળતાઓ વધશે. વર્ષ મધ્યથી તા. ૨-૬-૨૭થી શનિ મેષ રાશિમાં આવતા કેટલેક અંશે પ્રતિકૂળતા અને મોંઘવારી થતા અનુભવાશે. નાણાકીય આવક - નાણાકીય વ્યવહારો અને રોકાણોમાં આયોજન હિતાવહ રહી શકશે. આ વર્ષે દાંપત્ય જીવનમાં જીવનસાથીનું આરોગ્ય નબળું રહે, જે સાવચેતી રાખવી પડશે. આપને આપના રહેઠાણનું સ્થાન બદલાવવાના સંજોગો ઊભા થાય.

ગુરુનું ફળ : ગુરુ આપની રાશિથી લાભ ભુવનમાં વર્ષાંત સુધી રહેશે. જોકે તા. ૨૫-૧-૨૭થી તા. ૨૬-૬-૨૭ સુધી ગુરુ કર્ક રાશિમાં વક્રગતિમાં ભ્રમણ કરીને પુનઃ સિંહ રાશિમાં આવીને વર્ષાંત સુધી ભ્રમણ કરશે. વર્ષ દરમિયાન આપની નાણાકીય આવકને આગમન રહેલું જોવાશે. જો કે સમયે સમયે ખર્ચના સંજોગોમાં આયોજન થકી અનુકૂળતાને જાળવી શકશે. આપની સામાજિક કીર્તિ-પ્રતિષ્ઠામાં વધારો કરી શકે તેવા સંજોગોનો ઉદ્ભવ રહેશે. સામાજિક કાર્ય પ્રવૃત્તિ આકર્ષણ રાખશે. આ સમયમાં આપને કોઈ સખાવત, દાન- ધર્માદા કાર્યમાં આપનો ફાળો અદા કરવાની તક-સંજોગ ઉદ્ભવી શકે. આપને ઉચ્ચ અભ્યાસ કે અભ્યાસ થકી યશ-કીર્તિ પ્રાપ્ત થઈ શકશે. આરોગ્ય, જીવનસાથીની ફરિયાદો, સંતાનો તરફની જવાબદારી અને સ્થાવર સંપત્તિ વિષયક પ્રશ્નોનો ઉદ્ભવ માનસિક ભારણ રખાવી શકશે.

રાહુનું ફળ : વર્ષ દરમિયાન રાહુ આપની રાશિથી ચતુર્થ ભુવનમાં રહે છે. આપના મકાન-મિલકત -જમીન વિષયક પ્રશ્નો ઉપસ્થિત થયેલ જોવાય. જે માનસિક વ્યગ્રતા-વ્યથા રખાવી શકશે. મિલકત વિષયક ખર્ચ અને સહન કરવાનું થઈ શકે. વાહનની મુસાફરીમાં અકસ્માત વિષયક સાવચેતી દાખવવી. આપના માતૃશ્રીના આરોગ્યની પણ કાળજી લેવી પડે. આપને નિરંતર પ્રવૃત્તિમય રહેવું પડે, કારણ કે અનિદ્રા થકી આરોગ્ય નિર્બળ બનવાનું બની શકે. જાન્યુઆરી, ૨૭થી માર્ચ, ૨૭ નાણાં-મિલકત- આરોગ્યની કાળજી લેવાનું રાખશો. ઓક્ટોબર, ૨૭થી વર્ષાંત સુધી સમય પણ સાવધાની રાખશો.

માનસિક સુખાકારી : વર્ષ દરમિયાન માનસિક સુખાકારી વિષયે અનુકૂળતાઓ જાળવી રાખવા પ્રયત્નશીલ રહેવું પડશે. આપની કાર્ય પ્રવૃત્તિમાં સમયે સમયે ઉદભવતી ઘટનાઓ અને પ્રસંગો ચિંતામાં રાખશે. વ્યાપાર-વ્યવસાયના કાર્યો માનસિક વિચારો દ્વિધા અને આક્રોશનું આગમન રખાવશે. પારિવારિક સદસ્યની આરોગ્યને વડીલોની ફરિયાદ વિષયે પણ માનસિક વ્યસ્તતા રહે. આ સમયમાં નાણાકીય રોકાણો, મિલકત વિષયે લેવડદેવડની પ્રવૃત્તિ, શેર-સટ્ટા - વાયદા-વેપારમાં સાચવવું હિતાવહ છે.

આર્થિક સ્થિતિ : આપની આર્થિક સ્થિતિ વિષયે વર્ષ દરમિયાન નાણાં આવકોનું આગમન રહેલું જોવાશે. સાથોસાથ ખર્ચનું ભારણ વધતું જશે. આકસ્મિક ખર્ચ કે ગાફેલ રહેવા થકીનું નુકસાન સરભર કરવું શક્ય બને તેમ નથી. જેમાં સાવચેત રહીને નાણાં આયોજન રાખવું. આ સમયમાં આપને ફ્લેટ-ટેનામેન્ટ કે રહેઠાણ યોગ્ય સ્થળ વસાવવાનું થઈ શકે જે વિષયે નાણાકીય જોગવાઈ કરવાની ફરજ થઈ પડશે. વ્યાપાર-વ્યવસાયમાં પણ પ્રગતિ સાધવા નાણાંની આવશ્યકતા રહે. એકંદરે વર્ષના ઉત્તરાર્ધમાં નાણાકીય અનુકૂળતા રહે. અન્ય સમયમાં નાણાં પ્રાપ્ત કરવા પરિશ્રમ રાખવો પડશે.


નોકરી-વ્યવસાય- વ્યાપાર : નોકરીમાં અનુકૂળતા રહેશે. બઢતી-બદલી નિયમાનુસાર થશે. નવી નોકરીની ઈચ્છા હોય તો પુરુષાર્થથી ઈચ્છા સંતોષી શકાશે. વ્યાપાર વિષયે પ્રગતિ સાધવા અનુકૂળતાઓ રહે તેમ છતાં પરિશ્રમ રાખવો પડશે. નવા નાણાકીય રોકાણોની તજવીજ કરવી પડે. લોન-સહાય મળી શકશે. વ્યવસાયિકોને આ સમયમાં કામો-કોન્ટ્રાક્ટ મળશે. જો કે કાબેલિયત મુજબ લાભ પ્રાપ્ત જોવા પામશે. જાન્યુઆરીથી જૂન માસ નવા કાર્યો-અનુકૂળતાઓ - તકોનું આકર્ષણ રાખશે. એકંદર અનુકૂળતાઓ જળવાઈ રહેશે.

જમીન-મકાન- સંપત્તિ : જમીન-મકાન કે સંપત્તિ વિષયે વર્ષ દરમિયાન સાવચેતી પૂર્વકની પ્રવૃત્તિ રાખવી પડશે. લોભ-લાલચના આકર્ષણમાં પરિણામે નુકસાન થવાની શક્યતા છે. જૂની મિલકત વેચીને નાણાંકીય લાભ લેવાની ઈચ્છા હોય તો તે પણ શક્ય બની શકે. નવી મિલકત વસાવવા લોન-સહાય પ્રાપ્ત થઈ શકશે. સંયુક્ત માલિકીમાં રહેલ મિલકત સંપત્તિમાં હિતશત્રુઓથી સાવધ રહેવું.

દાંપત્યજીવન : દાંપત્ય જીવનની સુખાકારી વિષયે સમય અનુકૂળતા રાખશે. કોઈક નાની બાબતોને ધ્યાનમાં રાખશો અને વિવાદથી દૂર રહી શકશો. ગેરસમજણનું સત્વરે નિરાકરણ લાવશો. અપેક્ષા સમય સંજોગો અનુસાર સંતોષવાની મનોવૃત્તિ રાખશો તો સમય અનુકૂળતાઓ લાવીને આનંદમય જણાશે.

શત્રુ-કોર્ટ- કચેરી : આ વર્ષમાં સરકારી બાબતો વિષયે સંભાળવું. વિવાદ-વાદવિવાદ વાળા કાર્યોથી દૂર રહેવું. કાયદાની મર્યાદામાં વર્તન રાખવું. સરકારી કાર્યમાં પરિશ્રમ જશે. સરકારી દેવાની ચુકવણીમાં નિયમિતતા રાખવી. કોર્ટ-કચેરીના નિર્ણયમાં વિલંબ થાય. એકંદરે સરકારી બાબતોમાં પ્રવૃત્તિ સામાન્ય રહેશે.

આરોગ્ય- પ્રવાસ : આરોગ્ય વિષયે આ સમયમાં થાક- અશક્તિ કે માનસિક વ્યથા રહે. જન્મના ગ્રહો અને દશા સુધરતા હોય તો આ સમય અનુકૂળતા રાખશે. જૂના દર્દોમાં ચિકિત્સાથી લાભ થશે. અકસ્માત અને વાહનથી સંભાળવું.



વૃશ્ચિક (ન.ય.)

શનિનું ફળ : વિક્રમના આ વર્ષ દરમિયાન શનિ આપની રાશિથી પંચમ ભુવને અને તા. ૨-૬-૨૭થી મેષ રાશિમાં આવતાં આપના છઠ્ઠા ભુવનમાં ભ્રમણ કરશે. આ સમયમાં આપના સંતાનો વિષયક આરોગ્ય, વિદ્યાભ્યાસ, કારકિર્દી સંબંધી મુશ્કેલીભર્યો સમય સર્જાય. આપને માનસિક મુંઝવણો અનિર્ણાયકતા રહેશે. આપના પ્રયાસોમાં અવરોધો જોવાય. નાણાકીય અભાવ રહી જરૂરિયાત સમયે સહાય માંગવાના સંજોગો ઉદભવી શકે. આપની માનસિક અકળામણ અને આક્રોશથી અન્ય સાથે ઘર્ષણ-વિવાદ ઝઘડાનો સમય રાખી શકશે. જો કે તા. ૨-૬-૨૭થી શનિ મેષ રાશિમાં પ્રવેશ કરશે. જે કેટલેક અંશે રાહતનો સમય રખાવી શકશે. આ દરમિયાન આપના સંબંધી-મિત્રો અને સહયોગીઓ દ્વારા કેટલેક અંશે સહાય-સહકાર પ્રાપ્ત થવા પામશે. આપના કાર્યો અને પ્રયાસોની સફળતા આપનો ઉત્સાહ વધારી શકશે. આપની કીર્તિ વધશે. કાર્ય પ્રવૃત્તિમાં આવશ્યક સાધન-સગવડો અને સુવિધાઓ પ્રાપ્ત થઈ શકશે. વર્ષનો ઉત્તરાર્ધ સમય અનુકૂળતાઓ અને સહાયનો ઉદ્ભવ રખાવી આપના પ્રવૃત્તિ પ્રયાસને સાર્થક બનાવી શકશે.

ગુરુનું ફળ : વર્ષ દરમિયાન ગુરુ સિંહ રાશિમાં આપની રાશિથી કર્મ ભુવનમાં ભ્રમણ કરશે. તા. ૨૫-૧-૨૭થી તા. ૨૬-૬-૨૭ વક્ર માર્ગે કર્ક રાશિમાં રહેશે. જેથી આપની જરૂરિયાતો અને આવશ્યકતાની ચીજવસ્તુ-સુવિધાઓ મેળવવામાં અવરોધ રહી શકે. આરોગ્યની બાબતોમાં કોઈ જૂના દર્દ-રોગ હશે તો પુનઃ ઊથલો ન મારે તે સાવચેતી રાખવી. માનસિક આવેશ - ક્રોધ તેમજ ચિંતાની લાગણી સમયે સમયે ઉદભવશે. નોકરી-કાર્યક્ષેત્રમાં પણ સંભાળીને કાર્યપ્રવૃત્તિ રાખવી આવશ્યક. લોભ-આકર્ષણ કે આવેશ ઉત્સાહમાં લેવાયેલ નિર્ણય હાનિકર્તા બની રહેશે. તા. ૨૫-૧-૨૭થી તા. ૨૦-૬-૨૭ નાણાકીય બાબતો- વ્યાપાર- ધંધા-નોકરીમાં સાવધાની અને જાગરૂકતા રાખવી હિતાવહ રહેશે. સંતાનોના આરોગ્ય-અભ્યાસ બાબતોના પ્રશ્નો પણ આપને માનસિક ઉદ્વેગ- હતાશા રખાવી શકે. કાર્યપ્રવૃત્તિનું સ્થળ બદલવાના સંજોગો પણ પરેશાની રખાવી શકશે. સંપત્તિ, મિલકત વિષયે સાવધાનીપૂર્વકની પ્રવૃત્તિ રાખશો. એકંદર અવરોધો રહેતા પરિશ્રમથી કાર્ય થશે.

રાહુનું ફળ : વર્ષ દરમિયાન રાહુ આપની રાશિથી સુખ ભુવનમાં રહીને તૃતીય ભુવનમાં વર્ષાંત સુધી ભ્રમણ કરે છે. જે આપની પ્રવૃત્તિ-પ્રયાસોમાં ગતિશીલતા રાખવા માટે પ્રયત્નશીલ જોવાશે. આપના કાર્યક્ષેત્રના અવરોધોને હલ કરવાની માર્ગ સૂચવી શકશે. આ સમય દરમિયાન આપ પ્રતિકૂળ ઘટનાઓનો સામનો કરી શકવા સક્ષમ રહેવા પામશો. આપની નાણાકીય આવકનો પ્રવાહને ગતિમાં રાખી શકાશે. આપની સંપત્તિ-મિલકત વિષયના વિવાદોમાં પુરુષાર્થ થકી ધાર્યું પરિણામ મેળવી શકાશે. તા. ૧૦-૧૧-૨૬થી તા. ૩-૭-૨૭ સાવચેત મનોવૃત્તિ રાખીને કાર્યપ્રવૃત્તિ રાખશો. નાણાં વ્યવહારોમાં જાગરૂકતા રાખવી હિતાવહ રહેશે.

માનસિક સુખાકારી : આ સમય દરમિયાન આપને માનસિક અશાંતિ રહેતી અનુભવાશે. કાર્યક્ષેત્રની, કૌટુંબિક, અને સામાજિક બાબતોની ઘટના સમયે સમયે આપને અશાંત કરી જશે. પ્રતિકૂળ ઘટનાઓનો સામનો કરવા આપને પ્રવૃત્ત રહેવું પડશે જે ખર્ચ અને પરિશ્રમ કરાવી શકશે. વર્ષ દરમિયાન કોઈ નાણાકીય કે કૌટુંબિક ઘટના માનસિક અશાંતિ-વિહ્વળતા કરાવી શકશે. તા. ૨૫-૧-૨૭થી તા. ૩-૭-૨૭ સાવચેત માનસિક સ્થિતિ રાખવી હિતાવહ રહેશે. એકંદરે કાર્ય પ્રવૃત્તિમાં વ્યસ્તતા રહી શકશે.

આર્થિક સ્થિતિ : આર્થિક સુખાકારી વિષય આ સમયે આવકને ગતિ મળી શકશે. રહેઠાણ બાબતે ફેરફાર થશે, ઘટનાઓ અને સંજોગો થકી ખર્ચનો અનુભવ થયેલો જણાશે. કોઈ કાર્ય પ્રવૃત્તિ કે નાણાકીય વ્યવહારમાં ભૂલથી થયેલ અણસમજતી કોઈ ખોટ-નુકશાન કે વિવાદજનક સંજોગો લાવી શકશે. નોકરી-વ્યવસાયમાં નાણાકીય આવકો જળવાઈ રહેતી અનુભવાશે. વર્ષ મધ્યમાં કોઈ ધાર્મિક પ્રસંગ-યાત્રા વિષય ખર્ચ સંભવી શકે. આરોગ્ય વિષયે પણ ખર્ચની સંભાવના છે. આર્થિક આયોજન રાખવું હિતાવહ રહેશે.

નોકરી- વ્યવસાય- વ્યાપાર : નોકરી વિષયક બાબતોમાં બઢતી-બદલીના પ્રયાસો થઈ શકશે. વ્યવસાય વિષયક પ્રવાસ મુસાફરીમાં પરિશ્રમ અને રઝળપાટ અનુભવાશે. ઉપરી અધિકારીઓ તરફથી કનડગત રહી શકે. જોકે, સહકર્મચારીઓનો સહકાર કાર્ય પ્રવૃત્તિમાં સરળતા અપાવી શકશે. વ્યાપાર ક્ષેત્રે નવા કામ મેળવવામાં મુશ્કેલી વધી શકે. હરીફ ધંધાર્થીઓ તરફથી પ્રતિકૂળતા ઉભી થઈ શકે. વર્ષના ઉત્તરાર્ધમાં નોકરી વ્યવસાયમાં અનુકૂળ સફળતા મળી રહેશે.

જમીન- મકાન- સંપત્તિ : જમીન-મકાન વિષયક ખરીદવા માટે અનુકૂળતા મળશે.જૂની મિલકત વેચીને નાણાં મેળવી શકાશે. વડિલોપાર્જિત મિલકત સંપત્તિમાં અનુકૂળ નિર્ણય થયા હોય તેમ જણાશે. લાભ-વિવાદ થવાની સંભાવના રહેલી છે.

દાંપત્ય જીવન : દામ્પત્ય જીવનની સુખાકારી વિષયક આ વર્ષ સારું અને સામાન્ય રહેશે. દાંપત્ય જીવનમાં સહકાર, સ્નેહ અને સચ્ચાઈનો અનુભવ થશે. લગ્ન-વિવાહની ઈચ્છા રાખનાર યુવક-યુવતીઓ માટેના વિવાહ-લગ્નના પ્રસંગો ઉદભવે. કોર્ટ માર્ગમાં વિવાદમાં રહેલ સંબંધોમાં વડીલોની દરમિયાનગીરીથી વિવાદો ઉકેલાશે. ગેરસમજો અને અતિ વિશ્વાસમાં જાગરુકતા રાખશો.

શત્રુ- કોર્ટ-કચેરી : સરકારી કાર્યો વિષયમાં સમય એકંદરે સાનુકૂળ રહે છે. કોર્ટ કાનૂની વિષયોમાં પરિશ્રમ-પ્રયાસથી કાર્ય સિદ્ધ કરી શકાશે. આપના કરવેરા-ટેક્સ - દંડની જવાબદારીઓમાં નિયમિતતા જાળવશો. લોભ-લાલચની પ્રવૃત્તિ પ્રયાસથી દૂર રહેશો.

આરોગ્ય-પ્રવાસ : જૂના રોગ-દર્દમાં તબીબી સલાહ-સારવાર નિયમિત રાખશો. વડીલવર્ગથી તા. ૩૦/૬/૨૭ અકસ્માત, પડવા વાગવાથી બચવાનું રાખશો. એકંદરે આરોગ્ય જાળવી શકાશે.



ધન (ભ.ફ.ઢ.ધ.)

શનિનું ફળ : આ વર્ષ દરમિયાન શનિ આપની રાશિથી ચતુર્થ ભુવનમાં રહીને તા. ૨/૬/૨૭થી મેષ રાશિમાં પંચમ ભુવનમાં ભ્રમણ કરશે. જે પ્રતિકૂળતાઓ લાવી શકે. જોકે સમયે સમયે રાહત થશે. સરકારી બાબતો-કોર્ટ- મિલકત વિષયમાં સાવચેતીપૂર્વકની પ્રવૃત્તિ રાખવી. આપને વણમાગ્યા કે ન ધારેલ ખર્ચની જવાબદારી આવી શકે. નાણાકીય બચતો અહીં ખર્ચાતી લાગશે. નિવાસ સ્થાનથી દૂરના સ્થળે જવાનું બની શકે. દામ્પત્ય જીવનમાં સાવચેતી જાળવવી અન્યથા ઘર્ષણ, વિવાદ થઈ શકે. જીવનસાથીના આરોગ્યની કાળજી લેવી. સહધર્મિણી કે મિત્રવર્તુળમાં વિવાદ હોય તો સમજાવટથી ઉકેલ લાવવો. સંતાનોના આરોગ્ય સાચવવું પડશે. તેઓના વિદ્યાભ્યાસમાં કોઈ અવરોધ કે પ્રતિકૂળતા ઉદ્ભવી શકે. આપની માનસિક સ્થિતિ અસ્થિર અને મુંઝવણમાં રહેશે. અકસ્માત કે પડવા વાગવાથી સાવચેત રહેશો. તથા સ્વભાવ શાંત રાખવો અન્યથા સામાજિકમાં માન-મોભો મુશ્કેલ થશે. તા. ૧૩/૨/૨૭ થી તા. ૨૫/૪/૨૭ લાભદાયક કે સહાયતાના પ્રસંગ રહી શકે.

ગુરુનું ફળ : વર્ષના આરંભથી ગુરુ સિંહ રાશિમાં આપની રાશિથી નવમે ભ્રમણ કરે છે. જે તા. ૨૫/૧/૨૭ થી તા. ૨/૬/૨૭ વક્રગતિમાં કર્ક રાશિમાં રહેશે. આપને માંગલિક પ્રસંગો કે ધાર્મિક પ્રવૃત્તિમાં રાખશે. કુશળતા થકી સામાજિક ધોરણે યશ કીર્તિ સન્માન પ્રાપ્ત થવાની તક મળે. ધાર્મિક કાર્યોમાં લાભાન્વિત થવાની તક છે. વ્યાપાર- વ્યવસાયમાં પણ આપના નિર્ણયો અને પ્રયત્નોથી પ્રગતિ અને આર્થિક લાભ પ્રાપ્ત કરી શકશો. આરોગ્ય વિષયે જૂના કોઈ રોગ હશે તો આ સમયમાં તેના નિવારણનો માર્ગ મેળવી આપી શકશે. વડીલો-પિતાના આરોગ્યમાં સુધારો મળી રહી શકે. પ્રવાસ-મુસાફરી પ્રવાસની ઈચ્છા હોય તો તે સંતોષી શકશો. શૈક્ષણિક બાબતો વિષયે ફરિયાદ રહે. વાહન-મિલકત વસાવવાની ઈચ્છા પુરુષાર્થ અને પ્રયત્નથી સંતોષી શકશો. તા. ૧૩/૨/૨૭થી તા. ૧૫/૪/૨૭ વ્યાપાર પ્રવૃત્તિ - નોકરી - મિલકત વિષયે તક થકી લાભ પ્રાપ્ત કરાવી શકશે. મિત્રવર્તુળમાં કોઈ સહકાર કરે પણ આપે પરિશ્રમ અને ખર્ચ થકી કોઈ જવાબદારી નિભાવવાનું બની શકશે. તા. ૨૫-૧-૨૭થી ૩૧-૫-૨૭ નાણાં- આરોગ્ય-અવસ્થામાં કાળજીપૂર્વકનું વલણ-પ્રવૃત્તિ રાખશો. એકંદરે આ સમય અવરોધોમાં રાહત અપવશે.

રાહુનું ફળ : રાહુ વર્ષ દરમિયાન આપની રાશિથી તૃતીય તથા દ્વિતીય ભવનમાં ભ્રમણ કરશે જે આપની પ્રવૃત્તિમાં અસ્થિરતાનું માણસ રખાવી શકશે. આપની આર્થિક આવકો અને વ્યવહારો પણ નિયંત્રણ બહાર થશે. ભૂલભરેલા નિર્ણયોથી લાભની તક ગુમાવવાનું ન થાય તેની કાળજી લેવી. કોઈ વિષજન્ય ખોરાક લેવાઈ ન જાય તેની કાળજી લેવી. કોઈની કાવતરાવાળી યોજનાનો ભોગ ન બનવું પડે તેની કાળજી રાખવી. તા. ૧/૨/૨૭ થી તા. ૩૧/૭/૨૭ આરોગ્ય-નાણાકીય બાબતે સાચવવું. કૌટુંબિક સંબંધો જાળવવા પ્રયત્નશીલ રહેવું. એકંદરે સાવધાની રાખી કાર્ય કરવા.

માનસિક સુખાકારી : વર્ષ દરમિયાન આપની માનસિક સુખાકારી ચિંતાયુક્ત અને અનિશ્ચિત રહી શકશે. આપના કાર્યક્ષેત્રમાં સમયે સમયે ઉદભવી રહેલા સંજોગો આકસ્મિક ચિંતાનું વાતાવરણ લાવી શકશે. કોઈ કોઈ સંજોગોમાં લાભની તક પણ આવશે. નાણાકીય જવાબદારીઓ અને કાર્યપ્રવૃત્તિમાં વ્યસ્તતા અને શાંતિ રાખવી પડશે. સંતાનોની બાબત પણ માનસિક ચિંતા અપાવશે. તા. ૧૫-૧-૨૭થી ૧૫-૪-૨૭ માનસિક ભાર-ચિંતા રહી શકે.

આર્થિક સ્થિતિ : વર્ષ દરમિયાન સતત પુરુષાર્થ અને પ્રયાસ રાખવા પડશે. સમયે સમયે નાણાંની જરૂરિયાતને પહોંચી વળવા નવા નાણાકીય સ્ત્રોત શોધવા પડશે. જોકે લોન-સહાય- સહયોગ સાંપડી શકશે. નાણાકીય વ્યવહારમાં સાવધાની રાખવી પડશે. વ્યવસાય વ્યાપારમાં નાણાંકીય રોકાણનું આયોજન રાખવું પડશે. આ સમયે નવા સાહસ કે નવી યોજનાઓ હાથ ધરી શકોસ જે ભવિષ્યમાં લાભની જોગવાઈ કરનારું થઈ શકશે. તા. ૨૫-૧૧-૨૬ થી તા. ૧૫-૬-૨૭ આર્થિક પ્રવૃત્તિ-વ્યવહાર અનિયંત્રિત બની શકે, જેની કાળજી લેવાનું ભૂલશો નહીં.

નોકરી- વ્યવસાય- વ્યાપાર : નોકરીમાં સ્થળાંતર બદલીના પ્રશ્નો ઉદભવી શકશે. નવી નોકરીની ઈચ્છા હોય તો નોકરીની તક મળી શકશે. કાર્ય ગણતરી અને વિચાર પૂર્વકનો નિર્ણય રાખશો, તો મુશ્કેલીઓથી દૂર રહી શકાશે. વ્યવસાય વ્યાપારની પ્રગતિ અને વ્યાપાર વ્યવહાર વધવાના સંજોગો છે. કોઈ વિષયે પુરુષાર્થથી માર્ગ કરી શકાશે. નોકરીમાં સહકર્મીઓથી સુરક્ષા જાળવી શકાય તેવું ધ્યાન રાખશો. જૂન-૨૭ સુધીના સમયમાં સાવચેતી પૂર્વકનો નિર્ણય રાખશો. વર્ષ ઉત્તરાર્ધમાં લાભની તક ઉદભવતી રહી શકશે.

જમીન-મકાન- સંપત્તિ : રહેણાંક કે નિવાસ સ્થાનની પ્લોટ કે ખેતી જમીન લેવાની ઈચ્છા હોય તો પ્રયત્ન પૂર્વક પ્લોટ લઈ શકશો. ફ્લેટ દુકાનની ઈચ્છા હોય તો લોન-ઉછીના- સહાય મેળવી શકાશે. વડીલો પાર્જીત મિલકત સંપત્તિમાં લાભ પ્રાપ્ત થઈ શકશે. તા. ૧-૬-૨૭થી વર્ષાંત સમય અનુકૂળતાઓ રખાવી શકશે.

દાંપત્યજીવન : દાંપત્ય જીવનની સુખાકારી વિષયે વર્ષ અનુકૂળતાઓ રાખી રહેશે. વિવાહ લગ્ન ઉત્સુકતાના લગ્ન વિષયક સાનુકૂળ સંજોગોનું આગમન રહેશે. લગ્નેતર સંબંધોથી વિવાદ-ગેરસમજોને દૂર કરી શકાય એકંદરે દાંપત્ય સુખાકારી જળવાઈ ને પ્રોત્સાહન મળી શકે.

શત્રુ-કોર્ટ- કચેરી : વર્ષ દરમિયાન સરકારી કાર્યોમાં સરળતા રહેશે. કોર્ટ-માર્ગમાં રહેલી બાબતોને પુરુષાર્થથી હલ કરી શકશો. મિલકતો કે વંશ પરંપરાગત સંપત્તિની પ્રવૃત્તિ વ્યવહારમાં કુશળતા રાખશો. વધુ પડતો ખર્ચ અને ટેન્શન કે ઉઘરાણી ટાળવી હિતાવહ રહેશે.



મકર (ખ.જ.)

શનિનું ફળ : વર્ષના આરંભથી શનિ ત્રીજા ભુવનમાં મીન રાશિમાં રહીને તા. ૨/૬/૨૦૨૭થી મેષ રાશિમાં ભ્રમણ કરશે. આરોગ્યની ફરિયાદ હશે તો તેનો તબીબી ઉપચાર થકી હલ શક્ય બનશે. નોકરી, વ્યવસાય, વ્યાપારી પ્રવૃત્તિ અને કાર્ય પ્રયાસો સફળતા પ્રાપ્ત થશે. ઈચ્છિત મનોરથો સંતોષવામાં આપનો પુરુષાર્થ આ સમયમાં પરિણામ થકી ઉત્સાહ વધારશે. નાણાકીય આવક અનુકૂળ જણાશે. ભાઈ- બહેન કે મિત્રો અને સ્નેહીજનો આપને મદદરૂપ થવા તત્પર રહે. તા. ૨/૬/૨૦૨૭થી શનિ મેષ રાશિમાં પ્રવેશતા કેટલીક બાબતોમાં પ્રતિકૂળતા - અવરોધોનું આગમન થતું અનુભવાશે. આ સમયથી આપને નાની પનોતીની શરૂઆતની સંભવ છે. જે અણધાર્યા સંજોગોમાં ઉદ્વેગમય રાખીને ચિંતા-હતાશા રખાવી શકશે. નિર્ણયોમાં ગેરસમજની હાજરી હશે. મિલકત-સંપત્તિના વિવાદ માનસિક પરિતાપ અને સંબંધોમાં ઘર્ષણ લાવી શકશે. દાંપત્ય જીવનના પ્રશ્નોમાં સમજાવટથી નિવારણ થઈ શકશે. વર્ષારંભથી તા. ૩૦-૬-૨૭ સાવચેતી પૂર્વકની પ્રવૃત્તિ રાખશો. એકંદરે વર્ષ મધ્યથી માનસિક ચિંતા-અશાંતિ- પરિશ્રમ રહેવાનું બનશે.

ગુરુનું ફળ : વર્ષ આરંભથી ગુરુ આપની રાશિથી અષ્ટમ ભુવનમાં રહેશે. તા. ૨૫/૧/૨૦૨૭ થી તા. ૨૬/૬/૨૦૨૭ વક્ર માર્ગે રહીને દાંપત્ય ભુવનમાં રહેશે. જે પ્રતિકૂળતાઓ રખાવી શકશે. આપની નાણાં વિષયક પ્રવૃત્તિ અને વ્યવહારોમાં કાળજી લેજો. નાણાંની ખેંચતાણ વચ્ચે સાવચેતી રાખશો. વ્યવહારમાં કાળજી રાખવી. હાનિ-ગેરલાભના સંજોગો આવી શકે. આપના નિવાસ સ્થાનથી દૂર જવાના સંજોગો ઊભી થશે જે માનસિક પરિતાપ રાખશે. આપના દાંપત્ય જીવનમાં કોઈ સંજોગો વિખવાદ ના રખાવે તેનું ધ્યાન રાખવું પડે. ધંધા-વ્યાપારના સ્નેહીજનો કે સહયોગીઓની લાગણીઓનું ધ્યાન રાખશો. સંબંધોમાં મનદુઃખ ના ઉદભવે તેનું ધ્યાન રાખવું. આરોગ્યની કોઈ ફરિયાદ હોય તો તબીબી સારવાર લઈ લેવી. સામાજિક જીવનમાં વર્ચસ્વ વધારી શકશો. જીવનસાથી થકી કોઈ બાબતે તકરાર થઈ શકે. વિવાહ લગ્નની ઈચ્છા રાખનાર યુવક-યુવતીઓ યોગ્ય પાત્ર મળવાના સંજોગો બનશે.

રાહુનું ફળ : આ સમયમાં આપનું માનસિક મનોબળ, પાચન તંત્ર, પારિવારિક સંબંધોમાં સાવધાની પૂર્વક ચાલવું. નાણાકીય વ્યવહારોમાં લાલચ કે છેતરામણીથી બચવું અને વડીલોની માન-મર્યાદા જાળવવાનું ચૂકશો નહીં. પરદેશ મુસાફરીના પ્રસંગોમાં સાવધાન અને જાગરૂક રહીને નિર્ણય લેવો. સહયોગીઓ તેમજ હિતેચ્છુઓથી વિખૂટા થવાના સંજોગો ઉદભવી શકે છે. તા. ૨૦/૧/૨૭થી તા. ૧૦/૪/૨૭ કાળજીભરી સાવધાની રાખવી હિતાવહ રહેશે. તા. ૨૦-૮-૨૭થી ૧૦-૧૦-૨૭ સુધી આરોગ્યની કાળજી લેવી પડે.

માનસિક સુખાકારી : વર્ષ દરમિયાન આપની માનસિક સુખાકારી પ્રતિકૂળ સંજોગોમાં દુવિધા અને મૂંઝવણમાં રહી શકે છે. કાર્યક્ષેત્રમાં ધાર્યું કાર્ય પૂર્ણ કરવા પુરુષાર્થ કરવો પડશે. ખર્ચ અને જવાબદારી વધતા માનસિક તણાવના પ્રસંગોમાં - સંજોગોમાં ઉદ્વેગ રહેતો જણાશે. સંતાનોના ઉચ્ચ અભ્યાસ વિષયે સંજોગો દુવિધા લઈ આવે તેવા જણાશે. આ સમયે આકસ્મિક ઘટના પણ માનસને મૂંઝવણમાં મૂકી શકે. પ્રતિકૂળ સમય રહેતા માનસિક વ્યથા અશાંતિ રહી શકે.

આર્થિક સ્થિતિ : આકસ્મિક ખર્ચ ન થાય તેનું ધ્યાન રાખવું. આર્થિક વિષયે આયોજન રાખતા હળવાશ રહી શકે. વર્ષ મધ્યમાં કોઈ ઘટનાથી ભારણ રહી શકે અથવા આવક સામે જાવક વધતા નાણાંકીય સમસ્ય સર્જાઈ શકે. જોકે, પ્રયત્નપૂર્વક નિયંત્રણ રાખી શકાશે. તા. ૧૪/૪/૨૭ થી તા. ૧૫/૬/૨૭ રોકડ કે રોકાણ બાબતે સાવચેતી રાખવી. વર્ષારંભથી ૨૧મી માર્ચ બાદ સંજોગો હકારાત્મક રહેતા જવાબદારી પૂર્વક આર્થિક સ્થિતિ સંભાળી શકાશે.

નોકરી- વ્યવસાય- વ્યાપાર : નવી નોકરી માટેના સંજોગો ઉદભવી શકે. ઉપરી અધિકારીઓ કે સહકર્મચારીઓ સાથે વૈચારિક વિરોધાભાસ રહી શકે. વ્યવસાયમાં હરીફાઈ અને પ્રતિસ્પર્ધાનું પ્રમાણ વધુ રહેશે, છતાં પરિશ્રમથી સફળતા મળી શકશે. વ્યાપારમાં નવા ઓર્ડર સાધારણ વિલંબથી મળશે. રોકાણ વિષયે ચિંતા રહી શકે. વર્ષના ઉત્તરાર્ધમાં પરિશ્રમ વધારવો પડશે.

જમીન- મકાન સંપત્તિ : રહેઠાણ અને જમીન વિષયમાં નાણાં રોકાણમાં કાળજી લેવી પડશે. ખેતી વિષયક જમીનમાં મોસમી પાક-ઉપજથી લાભ થાય. મકાન, દુકાન કે ઓફિસમાં આર્થિક ખર્ચ રહે. વારસાગત મિલકત કે મકાન સુધારા વધારાનો ખર્ચ થઈ શકે. જૂની મિલકત વેચવાની કે નવી લેવાની ઉતાવળ ન કરવી. મિલકત બાબતે કાયદાકીય કાળજી રાખવી. તા. ૨/૬/૨૭થી વર્ષાંત સુધી પરિશ્રમ વધુ કરવો પડશે.

દાંપત્યજીવન : દામ્પત્ય જીવન વિષયે જીવનસાથી સાથે આનંદ જળવાઈ રહે. તા. ૨૦/૨/૨૭થી તા.૧૦/૬/૨૭ સાવચેતી રાખવી. વિવાહ-લગ્ન ઈચ્છુકો માટે પ્રસંગોની તક સાંપડી શકે. પુનર્લગ્નની ઈચ્છા રાખનારે વિશેષ પુરુષાર્થ કરવો પડશે.

શત્રુ- કોર્ટ-કચેરી : હિતશત્રુઓ કે પ્રતિસ્પર્ધીઓ તેમનાં કાવતરામાં ફાવશે નહીં. જો કે ગાફેલ ન રહેવું અને સામનો કરવા પુરુષાર્થ રાખવો પડશે. સરકારી બાબતો, કોર્ટ કે કચેરીની બાબતોમાં ખર્ચ અને કુનેહ રાખવા પડશે. ટેક્સ-કરવેરાની જવાબદારી નિપટાવી શકાશે. તા. ૧-૨-૨૭થી ૩૦-૪-૨૭ સરકારી બાબતોથી સાવધ રહીને પ્રવૃત્તિ રાખશો. એકંદર સ્થિતિ સચવાયેલી રહેશે.

આરોગ્ય-પ્રવાસ : આરોગ્ય વિષય આ સમય સાવચેત રહેવું. જૂના દર્દ કે ત્વચાની ફરિયાદમાં સાવધાની રાખવી પડશે. અકસ્માત પડવા, વાગવાથી, વીજળીથી તેમજ વિષમય ઝેરી પદાર્થ ખાવાથી વિષથી સાવધ રહેશો. ખાવા-પીવામાં સાવચેતી જાળવવી પડશે. વર્ષના ઉત્તરાર્ધ સમય પ્રતિકૂળ જણાય છે.



કુંભ (ગ.શ.સ.)

શનિનું ફળ : વિક્રમના આ વર્ષના આરંભથી શનિ આપની રાશિથી બીજા ભુવનમાં રહીને તા. ૨-૬-૨૭થી મેષ રાશિમાં તૃતીય ભુવનમાં ભ્રમણ કરે છે. આ વર્ષમાં શનિની નાની પનોતી પૂર્ણ થશે. વર્ષની શરૂઆત પ્રતિકૂળતાઓ રખાવી શકશે. માનસિક ચિંતા-આક્રોશમાં અને પરિતાપ રહેશે. ખર્ચનું ભારણ પણ રહે. કૌટુંબિક પ્રશ્નોથી ઘર્ષણ રહે. સામાજિક પ્રતિષ્ઠા સાચવવા પ્રયત્નશીલ રહેવું પડશે. તા. ૨-૬-૨૭થી શનિ મેષ રાશિમાં પ્રવેશ કરતા આપણી છેલ્લા અઢી વર્ષથી ચાલતી પનોતીનો સમય પૂર્ણ થશે અને અવરોધો-અશાંતિ- આપત્તિથી ધીમે ધીમે છુટકારો થતો અનુભવાશે. કાર્યક્ષેત્રમાં પ્રયત્નો પ્રવૃત્તિમાં સફળતા પ્રાપ્ત થાય. નોકરી-વ્યવસાયમાં અવરોધાયેલા કાર્યનો પુનઃ લાભ પ્રાપ્ત થશે. આપની સગવડો અને સુવિધા સચવાઈ રહેલા સંજોગો ઉદભવશે. નાણાકીય આવકોનો સ્રોત વધશે. નવી નાણાકીય આવકની પ્રાપ્તિ થાય. મિલકતના અટકેલ કાર્યો ઉકેલવાનો માર્ગ મોકળો થયેલ અનુભવાશે.

ગુરુનું ફળ : ગુરુ વર્ષારંભથી સિંહ રાશિમાં આપની રાશિથી સપ્તમ ભુવનમાં ભ્રમણ કરશે. તા. ૨૫-૧-૨૭થી તા. ૨૦-૬-૨૭ દરમિયાન વક્ર માર્ગમાં રહી કર્ક રાશિમાં રહે. આ સમયમાં નાણાકીય બાબતોમાં અનુકૂળતા અનુભવાશે. વ્યાપાર-વ્યવસાયની આવકો ગતિશીલ માર્ગમાં રહે. નાણાકીય બાબતો, બચતો કે રોકાણો વધવાના સંજોગો છે. આર્થિક વૃદ્ધિના સંજોગો થકી લાભ પ્રાપ્ત થશે. વિવાહ-લગ્ન વિષયની ઈચ્છાઓ પણ સુખદ રીતે સંતોષી શકાશે. વિદ્યાભ્યાસ કે અગ્રીમ અભ્યાસાર્થે પરદેશગમન-કારકિર્દી વિષયક બાબતો પણ સાનુકૂળતા છે. આપના સહયોગી, સહકાર્યકરો- વ્યવસાયિક ભાગીદારો થકી પણ યોગ્ય સહયોગ મળે. જીવનસાથી થકી પણ કોઈ લાભકર્તા તક ઉદભવીને આપને ઉત્સાહિત કરીને રહેશે. તા. ૨૫-૧-૨૭થી તા. ૨૦ જૂન કાર્યોમાં સાવચેતી રાખવી. ભૂલભુલામણીથી દૂર રહેવું. મિલકત-બચત સંચયો કાર્યક્ષેત્ર ઉત્સાહ વધારશે.

રાહુનું ફળ : રાહુ વર્ષ દરમિયાન મકર રાશિમાં આપની રાશિથી બારમા ભુવનમાં ભ્રમણ કરે છે. જે આપને આપની પ્રવૃત્તિ અને પ્રયાસોમાં પરિશ્રમ-મૂંઝવણ અને ખર્ચ રખાવશે. આપને આરોગ્યની કોઈ ફરિયાદ પણ રહી શકે. મિત્રો-સમાજ-કૌટુંબિકોમાં કોઈ અણબનાવના સંજોગો લાવી શકશે. આ સમય દરમિયાન આપને સતત મૂંઝવણ કે ભય-શંકા અને અસુરક્ષિત મનોવૃત્તિ રહેવા પામશે. આપની શંકાશીલ વૃત્તિથી કોઈ લાભમય તક લુપ્ત થઈ જતાં અફસોસ રહેવાનું પણ બની શકશે. તા. ૯-૧-૨૭થી તા. ૨૦-૩-૨૭ દરમિયાન નાણાં વ્યવહારો સાવધાનીપૂર્વક રાખવા.

માનસિક સ્થિતિ : માનસિક સ્થિતિ વિષયક બાબતો અનુકૂળતા જાળવી શકશે. જોકે સાવચેતીભરી મનોવૃત્તિ રાખવા ખાસ જરૂર છે. નાણાકીય રોકાણો અને વ્યાપાર પ્રવૃત્તિ વધારવા પ્રયત્નશીલ રહેવું પડશે, કે માનસિક વ્યસ્તતા રાખી શકશે. પારિવારિક પ્રસંગો વિષયે આયોજનથી માનસ પ્રવૃત્તિશીલ રહે. તા. ૧૦-૧૧-૨૬ થી તા. ૨૦-૪-૨૭ માનસિક વ્યગ્રતા-ભય રહી શકે.

આર્થિક સ્થિતિ : આર્થિક સ્થિતિ અનુકૂળતાભરી રહેશે. જવાબદારીઓ અને દેવામાંથી મુક્ત થઈ જશો. કોઈ પારિવારિક પ્રસંગે ઉત્સાહથી ખર્ચ થઈ શકશે. આ સમયમાં આપ આપની તથા કુટુંબની ભૌતિક સુવિધા સગવડ માટે નાણાકીય રોકાણ કે ખર્ચ કરી શકશો. આપને મકાન-દુકાન ખરીદવાં મિલકતની આવશ્યકતા હશે, તો નવી મિલકત બની શકશે. કોઈ ધાર્મિક ખર્ચ પણ સંભવી શકે. તા. ૧૫-૩-૨૭થી તા. ૧૦-૫-૨૭ નાણાકીય સંજોગો વ્યવહારનો ઉદભવ રહે. જે અંગે જાગૃતિ જાળવવી.

નોકરી-વ્યવસાય- વ્યાપાર : નોકરી બદલવાની ઈચ્છા હોય તો નવી નોકરીની તક મળે. બદલી-બઢતી પણ ઈચ્છા અનુસાર થઈ શકશે. પગાર વધારાથી આર્થિક રીતે નાણાકીય લાભ થવાની સંભવના. વ્યવસાયમાં નવી ઓળખાણ થઈ શકે. નવા કામની તક મળી શકશે. વેપાર વધવાની શક્યતા રહેશે. વિદેશ વ્યાપારની તક પ્રાપ્ત થાય. વર્ષના ઉત્તરાર્ધથી નાણાકીય વહીવટમાં અનુકૂળતા થશે.


જમીન- મકાન- સંપત્તિ : જમીન-મિલકત વિષયે સાનુકૂળ સમય રહેશે. જમીન, પ્લોટ, રહેઠાણ અથવા ફ્લેટ વગેરેમાં રોકાણ કરી શકશો. આપની કોઈ સંપત્તિ કોઈ કારણોસર અટવાયેલી હોય, તો તેમાં પણ લાભકર્તા સંજોગો જોવા મળશે. એકંદરે અનુકૂળતા રહેશે.

દાંપત્યજીવન : દાંપત્યજીવનમાં સુખાકારી વિષયે સાનુકૂળતા રહેશે. પ્રેમ, સ્નેહ અને લાગણીઓ જળવાઈ રહેશે. વિવાહ-લગ્નની ઈચ્છા રાખતા જાતકોના વિવાહ લગ્ન ઈચ્છા અનુસાર થઈ શકશે. લગ્નેતર સંબંધોમાં વિવાદ- અવરોધોને આ સમયમાં સુધારી શકશો, જે અનુકૂળતાથી લાભાન્વિત થશો.

શત્રુ-કોર્ટ- કચેરી : સરકારી કાર્યોમાં રહેલી અડચણો બાબચે આ સમયમાં પુરુષાર્થ અને હિંમત પૂર્વક આગળ વધી લાભ લઈ શકશો. લોન-સરકારી મંજૂરી પરવાનગી પત્ર સરળતાથી પ્રાપ્ત કરી શકાશે. કોર્ટ રાહમાં રહેલ વિવાદોમાં સમજાવટ અને ઉદાર મનોવૃત્તિથી હલ કરી શકાશે. દૂર-દેશાવરની જાણકારી/બહારથી પણ છૂટકારો મળી શકશે. એકંદરે સમય સાનુકૂળતા રહેશે.

આરોગ્ય- પ્રવાસ : આરોગ્યને સાચવી રાખવા કે જૂના દર્દોમાં જે સારવાર થકી સુધારામાં સમય સાનુકૂળતા આપશે. આપને તા. ૨૦-૨-૨૭થી તા. ૨૦-૬-૨૭ દરમિયાન સાવચેતી રાખવી. આપની જન્મદશા અને ગ્રહો નિર્દેશ કરતા હોય તો સાવચેતી હિતાવહ રહેશે. આ સમયમાં ધાર્મિક પ્રવાસ, પરદેશની મુસાફરીના સંજોગો ઉદભવી શકશે. આરોગ્ય વિષયે કાળજી રાખવી હિતાવહ.

સંતાન- વિદ્યાભ્યાસ : સંતાન જન્મનો હરખ સંતોષી શકાશે. સંતાનોના અગ્રિમ અભ્યાસ- કારકિર્દી વિષયે પ્રયત્ન અને મથામણ રાખવા પડશે. કુશળતા પ્રાપ્ત બાળકને લાભપ્રદ તકની સંભાવના. સંતાનોના આરોગ્ય વિષયે સાવધાન મનોવૃત્તિ રાખવી.



મીન (દ.ચ.ઝ.થ.)

શનિનું ફળ : વર્ષ દરમિયાન આપને શનિની સાડાસાતી મધ્ય તબક્કે પસાર થઈ રહી છે. તેથી આરોગ્યના પ્રશ્નો, ફરિયાદ ઉપસ્થિત થઈ શકે. કોઈ જૂના દર્દ હોય તો તબીબી સારવાર લેવાનું ચૂકશો નહીં. આ સમયે અણધાર્યા સંજોગોનો ઉપદ્રવ રહી શકે, જે માનસિક ચિંતા તેમજ વ્યથા સંભવ છે. આપની મૂંઝવણો વધશે. માનસિક ભયભીતિ અનુભવાશે. નાણાકીય બાબતોમાં ખર્ચનું ભારણ વધશે. અણધાર્યા આકસ્મિક ખર્ચ નાણાંની અછત વર્તાવી શકે. સંતાનોની જવાબદારી નિભાવવી પડશે. કાર્યોમાં પરિશ્રમ કરવા છતાં સફળતા ઓછી મળે. માનસિક ભાર વધારી શકશે. તા. ૧૫-૩-૨૭ થી તા. ૧૦-૫-૨૭ સુધી રાહત રહે, આકસ્મિક ખર્ચમાં સહાયનું સાધન પ્રાપ્ત કરાવી શકે. તા. ૧૬-૭-૨૭ થી તા. ૨૦-૯-૨૭ સાવચેતી રાખીને કાર્ય કરવા હિતાવહ રહેશે.

ગુરુનું ફળ : ગુરુ આપની રાશિ કુંડળીમાં આપના છઠ્ઠા ભુવનમાં સિંહ રાશિમાં ભ્રમણ કરે છે. તા. ૨૫-૧-૨૭ થી તા. ૨૦-૬-૨૭ વક્રી ગતિમાં કર્ક રાશિમાં રહેશે. ગુરુનું ભ્રમણ પણ આપને અનુકૂળતાઓ રખાવી શકશે નહીં. નાણાકીય પ્રવૃત્તિ અને વ્યવહારોમાં ખલેલ પહોંચી શકે છે. સામાજિક ક્ષેત્રે આપના વર્ચસ્વ અને પ્રતિષ્ઠા લુપ્ત થતાં અનુભવાશે. નાણાકીય અને કૌટુંબિક બાબતો થકી રઝળપાટ અને પરિશ્રમ રાખવો પડી શકે. સગવડો અને સુવિધાઓ પણ કોઈને કોઈ કારણોસર આપથી દૂર થતા લાગશે. જીવનસાથી અને સ્ત્રીઓનો પક્ષ આપના કોઈ વ્યવહાર થકી સહન કરવાનું બની શકે. વ્યાપાર-વ્યવસાયની બાબતોની અવ્યવસ્થાના સંજોગો ઉદભવી શકે. નોકરીમાં અવરોધ-અડચણ આપત્તિ રહે. ૨૦-૬-૨૭થી તા. ૩૦-૬-૨૭ નાણાકીય લાભની તકથી રાહત રહે. બાકીના તબક્કે ખર્ચ-આરોગ્ય કે કૌટુંબિક ફરિયાદનું નિરાકરણ થશે. એકંદરે આ સમય અનુકૂળતા નહીં હોય.

રાહુનું ફળ : વર્ષ દરમિયાન રાહુ આપની રાશિથી બારમે તથા લાભ ભુવન માં અગિયારમે ભ્રમણ કરે છે. જે આપને સમયે સમયે સહાયક બનીને આપના પ્રયાસોને ગતિશીલ રાખશે. નાણાકીય આવકો, આકસ્મિક અવરોધો દૂર થતાં લાભદાયી સમય રખાવી શકે. આપના કૌટુંબિક-મિત્રવર્તુળ થકી આપને આપની પ્રવૃત્તિમાં સહયોગ અને સહાય મળી શકે, જેથી આપનો પરિશ્રમ અને ખર્ચ નિષ્ફળ જતાં બચાવી શકશે. આપના રોગ-કષ્ટની સ્થિતિમાં પણ કોઈને કોઈ માર્ગે સહાયનું આગમન રહેતું અનુભવી શકાય.

માનસિક સુખાકારી : આ સમય દરમિયાન નોકરી-વ્યવસાય-વ્યાપારમાં નાણાકીય બાબતને જાળવી રાખવું કઠિન અને અગવડતાભર્યું અનુભવાશે. શારીરિક નિર્બળતા, થાકની ફરિયાદ રહે. કૌટુંબિક જવાબદારી અને આકસ્મિક ઘટના કે સંબંધોમાં મનમાં વ્યથા રાખશે. કાર્યક્ષમતાને જાળવી રાખવા સતત પરિશ્રમ કરવો પડશે. વર્ષારંભથી આકસ્મિક બનાવો- પ્રસંગો કે ઘટનાઓ દોડધામ રખાવી શકે. એકંદરે માનસિક શાંતિ લુપ્ત થયેલી જણાશે.

આર્થિક સ્થિતિ : આ સમયમાં આપની આર્થિક બાબતો વિષયે અનિર્ણાયકતા રહી શકે. અણધાર્યા ખર્ચના સંજોગો નાણાભીડ રખાવી શકશે. વ્યાપાર-વ્યવસાય- પરિવારના કાર્યક્રમો નાણાંની જરૂરિયાતો રખાવશે. સમયે સમયે અવરોધ અને નાણાભીડનો અહેસાસ થાય. તા. ૧-૭-૨૭થી વર્ષાંત સમયમાં નાણાકીય બાબતની તક કે જૂના અવરોધાયેલ નાણાંની પ્રાપ્તિ થકી નાણાં વ્યવહારો સાચવી લેવાશે.

નોકરી-વ્યવસાય- વ્યાપાર : નોકરી સંબંધી પ્રશ્નોમાં અનુકૂળતાઓ ઓછી રહે. કનડગત, મનદુઃખ, ઘર્ષણ રહી શકે. બઢતી-બદલીના સંજોગો દૂર થતાં જણાય. વ્યવસાયમાં આપના પ્રતિસ્પર્ધી, હરીફો થકી લાભની તકો લૂંટાઈ જતી જોવાશે. આવક ફસાઈ ગયેલ રહેવા પામી શકે, જે કાર્યપ્રવૃત્તિમાં અડચણ રાખી શકે. વર્ષ મધ્યમાં વિવાદ- ઘર્ષણથી સંભાળવું હિતાવહ છે. તા. ૨૦-૮-૨૭થી ૧૫-૧૦-૨૭ આકસ્મિક બાબતોથી કે ઘટનાથી સંભાળવું. કાર્ય પ્રયાસોથી હાનિ થવા સંભવશે.

જમીન-મકાન- સંપત્તિ : જમીન, પ્લોટ, ખેતીલાયક જમીનની ઈચ્છાઓ આ સમયમાં સંતોષી શકાશે નહીં. અગવડો, અવરોધો સામે માર્ગે રહેલા જોવાશે. મિલકત-ફ્લેટ- ટેનામેન્ટ વિષયે પણ પ્રતિકૂળતાઓનો સામનો કરવો પડે. કાનૂની કે સંપત્તિમાં ઘર્ષણના સંજોગો ખર્ચ કરાવશે. એકંદરે આ સમય નિરર્થક રહી શકે.

શત્રુ-કોર્ટ- કચેરી : હિતશત્રુઓ કાર્યપ્રવૃત્તિ ક્ષેત્રના હરીફો આ સમય દરમિયાન પ્રવૃત્ત જણાશે. સમયે સમયે આપત્તિ ઊભી કરશે. લાભો લૂંટાઈ જતા જણાય. સરકારી કાર્ય માટે ખર્ચ અને પરિશ્રમ વધુ જોઈશે. વેરા, ટેક્સ દંડની વસૂલાત રહી શકશે.

દાંપત્યજીવન : દાંપત્યજીવનની લાગણીઓ, સ્નેહ, પ્રેમ સાચવી શકાશે. જો કે માનસિક આક્રોશ કે ભારણ થકી વિવાદ-ઘર્ષણના સંજોગો ના ઊભા થાય તે સાવચેતી રાખવી. વિવાહ-લગ્ન ઈચ્છુકોને અડચણોનો સામનો કરવો પડી શકે. સંતાનોની ફરિયાદોને સંતોષવા પ્રયત્નો રાખવા પડશે. અનુકૂળતા જાળવવા પ્રયત્નશીલ રહેવું પડશે.

આરોગ્ય - પ્રવાસ : આ સમય દરમિયાન આરોગ્ય સાચવવાના પ્રયત્નો રાખવા. જૂના દર્દોમાં સારવાર ચૂકશો નહીં. પુનઃ ઊથલો મારી શકશે. શારીરિક ફરિયાદો રહે. મુસાફરીમાં અવરોધ રહે. પડવા-વાગવાથી બચવું. પરદેશ યાત્રામાં ગેરસમજો કે ઉતાવળથી ભરેલા પગલાંથી દૂર રહેવાય તેની સાવધાની રાખવી પડે.

સંતાન- વિદ્યાભ્યાસ : સંતાન જન્મની ઈચ્છા હોય તો કેટલીક અડચણોનો સામનો કરીને ઈચ્છાઓ સંતોષી શકાશે. સંતાનોના મોજશોખ, વિદ્યાભ્યાસ, કારકિર્દી માટે ખર્ચના સંજોગો રહેશે. સંતાનોના મિત્રો-સહયોગીઓની ગેરરીતિઓ થકી સંતાનની કારકિર્દી જોખમમાં ના મુકાય તેની ખાસ કાળજી લેવી પડશે. એકંદરે, આ સમયમાં અડચણોનો સામનો કરવો પડશે.

કુલગામમાં CRPF પર આતંકી હુમલો: 15 સેકન્ડમાં 30 રાઉન્ડ ફાયરિંગ

ઈજાગ્રસ્ત જવાનોને અનંતનાગની હોસ્પિટલમાં ખસેડાયા, આતંકી લતીફ ભટની સંડોવણી હોવાની શંકા

જમ્મુ

જમ્મુ-કાશ્મીરના કુલગામ જિલ્લામાં બુધવારે બપોરે અંદાજે 2:15 વાગ્યે સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF) ના નાકા પર તૈનાત જવાનો પર આતંકીઓએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. મીર બજાર નજીક અખરાન કેમ્પ ચોકી પર બાઇક પર આવેલા અજ્ઞાત હુમલાખોરોએ અચાનક ફાયરિંગ શરૂ કરી દીધું હતું. આ હુમલામાં CRPFની 46મી બટાલિયનના 3 જવાનો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. આતંકી હુમલાનું સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યું છે, જેમાં હુમલાખોરો માત્ર 15 સેકન્ડની અંદર અંદાજે 30 રાઉન્ડ ગોળીબાર કરતા જોવા મળે છે. ઈજાગ્રસ્ત જવાનોને અનંતનાગની હોસ્પિટલમાં ખસેડાયા હતા.



7 જવાનો પર હુમલાના આરોપી મોહમ્મદ શરીફની ફાયરિંગ કરી હત્યા

ઉત્તર પ્રદેશના રામપુરમાં વર્ષ 2007માં થયેલા CRPF કેમ્પ પરના આતંકી હુમલાના કેસમાં આરોપી રહેલા મોહમ્મદ શરીફની અજ્ઞાત હુમલાખોરોએ ગોળી મારીને હત્યા કરી દીધી છે. 10 નવેમ્બર 2026ના રોજ અજાણ્યા શખ્સોએ તેના પર તાબડતોબ ગોળીબાર કર્યો હતો. ગંભીર હાલતમાં તેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. રામપુરના રહેવાસી મોહમ્મદ શરીફનું નામ 31 ડિસેમ્બર 2007 અને 1 જાન્યુઆરી 2008ની રાત્રે રામપુર સ્થિત CRPF ગ્રુપ સેન્ટર પર થયેલા આતંકી હુમલામાં સામે આવ્યું હતું.

જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડના જંગલોમાંથી બે પોલીસ અધિકારીના ગોળીઓથી વીંધેલા મૃતદેહ મળ્યાં

જમ્મુ: જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડ જિલ્લામાં આતંકવાદીઓએ બે સ્પેશિયલ પોલીસ ઓફિસર (SPO)ની ગોળી મારીને હત્યા કરી હોવાની ઘટના સામે આવી છે. બુધવારથી ગુમ થયેલા બંને પોલીસકર્મીઓના મૃતદેહ ગુરુવારે દચ્છન વિસ્તારના જંગલમાંથી મળી આવ્યા હતા. બંનેના શરીર પર ગોળીઓનાં અનેક નિશાન જોવા મળ્યાં છે. કિશ્તવાડ જિલ્લાના દચ્છન વિસ્તારના કિયાર ગામમાં સ્થાનિક પોલીસના સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રૂપ (SOG)માં તૈનાત બાબી ચંદ (57) અને રશપાલ કુમાર (45) બુધવારથી ગુમ હતા. બંને પોતાના કેમ્પમાંથી ઘરના-મરવાહ સ્થિત સેનાની ચોકી તરફ જઈ રહ્યા હતા ત્યારે ગુમ થયા હતા.

ભારતમાં લગ્ન અને પછી વિદેશમાં છુટાછેડાં માન્ય નહીં ગણાય : SC

CPCની કલમ 13 અંતર્ગત કાયદાકીય શરતોનું ઉલ્લંઘન

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, ભારતમાં થયેલી લગ્નજીવનની બાબતોમાં, વિદેશના ઉદાર કાયદાઓનો દુરુપયોગ કે લાભ લઈને છૂટાછેડા મેળવી લેવાથી ભારતીય કાયદા હેઠળ લગ્ન આપમેળે રદ્દ થઈ જતા નથી. સુપ્રીમે છૂટાછેડાના એવા આધારોને વિદેશી અદાલતમાં ઉપયોગ કરવાને તદ્દન ગેરવ્યાજબી ઠેરવ્યો છે, જસ્ટિસ પ્રશાંત કુમાર મિશ્રા અને જસ્ટિસ શ્રી ચંદ્રશેખરની બેન્ચે એક વ્યક્તિ વિરુદ્ધ બીજી વાર લગ્ન કરવા બદલ ચાલતી ફોજદારી કાર્યવાહીને માન્ય રાખી છે અને તેની મંજૂરી આપી છે. સંબંધિત વ્યક્તિએ પોતાની પત્નીના ભારે વિરોધ છતાં, એક વિદેશી ન્યાયાલયમાંથી 'લગ્ન સંબંધ કાયમ માટે તૂટી જવા'ના પાયા પર છૂટાછેડાનો હુકમ મેળવી લીધો હતો અને ત્યારબાદ બીજી લગ્નગ્રંથિથી જોડાઈ ગયો હતો. અદાલતે આ અંગે સ્પષ્ટતા કરી કે આપણી દેશી ન્યાયપ્રણાલી કે ભારતીય કાયદામાં માત્ર 'લગ્નનું સંપૂર્ણ તૂટી જવું' એ છૂટાછેડા માટેનો માન્ય આધાર નથી, કોર્ટની ખંડપીઠે અવલોકન કરતા જણાવ્યું કે, આ પ્રકારનો નિર્ણય સિવિલ પ્રોસિજર કોડ (CPC) ની કલમ 13ની કાયદાકીય શરતોનું સ્પષ્ટ ઉલ્લંઘન કરે છે.

ભારતમાં વિદેશી નાગરિકો માટે વિઝા પ્રક્રિયા સરળ બની, મુખ્ય શ્રેણીઓ 13થી ઘટીને 9 થઈ

ફોર્મમાં જરૂરી માહિતી ભરવાના કોલમની સંખ્યામાં પણ 70 ટકા સુધીનો ઘટાડો કરાયો

નવી દિલ્હી

ભારત સરકાર દ્વારા વિદેશી નાગરિકો માટે વિઝા વ્યવસ્થાને વધુ સરળ, સ્પષ્ટ અને વ્યવસ્થિત બનાવવા માટે એક ક્રાંતિકારી ફેરફાર કરવામાં આવ્યો છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે વિઝાની મુખ્ય શ્રેણીઓની સંખ્યા 13 થી ઘટાડીને 9 અને ઉપ-શ્રેણીઓની સંખ્યા 49 થી ઘટાડીને 23 કરી દીધી છે. આ સાથે જ વિઝા અરજી ફોર્મમાં જરૂરી માહિતી ભરવાના કોલમની સંખ્યામાં પણ 65 થી 70 ટકા સુધીનો મોટો ઘટાડો કરવામાં આવ્યો છે, જેથી વિદેશી નાગરિકોનો સમય બચી શકે અને પ્રક્રિયા ઝડપી બને. હાલમાં વિશ્વના 172 દેશોના નાગરિકોને ભારતની ઈ-વિઝા સુવિધા ઉપલબ્ધ છે.

- વિઝિટર વિઝા (અગાઉનો ટૂરિસ્ટ વિઝા): પરંપરાગત પ્રવાસન ઉપરાંત અન્ય ગતિવિધિઓને આવરી લેવા માટે ટૂરિસ્ટ વિઝાનું નામ બદલીને 'વિઝિટર વિઝા' કરવામાં આવ્યું છે. તેને V-1 અને V-2 એમ બે ઉપ-શ્રેણીઓમાં વહેંચવામાં આવ્યો છે. V-1 વિઝા 30 દિવસ માટે મલ્ટિપલ એન્ટ્રી સાથે મળશે જેમાં બિઝનેસ મીટિંગ, મેડિકલ પરામર્શ, વેલનેસ અને ટૂંકા અભ્યાસક્રમો સામેલ છે. જ્યારે V-2 વિઝા લાંબા ગાળાની યાત્રાઓ, પર્વતારોહણ અને અન્ય શરતો સાથે 1 થી 10 વર્ષ સુધી મળી શકશે.

આધુનિક ચિકિત્સા માટે M-1 વિઝા અને આયુષ પદ્ધતિઓથી સારવાર માટે M-3 વિઝાની અલગ જોગવાઈ કરાઈ છે. દર્દીઓના સહાયકો માટે M-2 અને M-4 વિઝા મળશે, જેમાં ડિફોલ્ટ રૂપે એક વર્ષ અને મલ્ટિપલ એન્ટ્રીની સગવડ રહેશે. જેથી વારંવાર અરજી ન કરવી પડે.

નવી મુંબઈ દેશનું સૌથી સ્વચ્છ શહેર, સુરત બીજા ક્રમે અને વિજયવાડા ત્રીજા ક્રમે રહ્યું

'મેન્ટર સિટી' શ્રેણીમાં અમદાવાદ પ્રથમ સ્થાને, દેશભરના 4751થી વધુ શહેરોનું સર્વેક્ષણ થયું

નવી દિલ્હી : રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ બુધવારે વિજ્ઞાન ભવન ખાતે આયોજિત ભવ્ય સમારોહમાં 'સ્વચ્છ સર્વેક્ષણ 2025' પુરસ્કારો એનાયત કર્યા હતા. આ વર્ષની પ્રતિષ્ઠિત 'સુપર સ્વચ્છ લીગ'માં નવી મુંબઈએ પ્રથમ સ્થાન મેળવ્યું છે, જ્યારે સુરત બીજા ક્રમે અને આંધ્ર પ્રદેશનું વિજયવાડા ત્રીજા ક્રમે રહ્યું છે. ઉલ્લેખનીય છે કે પાછલા સર્વેક્ષણમાં આ કેટેગરીમાં ઈન્દોર ટોચ પર, સુરત બીજા ક્રમે અને નવી મુંબઈ ત્રીજા ક્રમે હતું. આ ઉપરાંત રાજસ્થાનનું જયપુર અને મધ્ય પ્રદેશનું ગ્વાલિયર સૌથી સ્વચ્છ શહેરો તરીકે માન્યતા પ્રાપ્ત કરવામાં સફળ રહ્યા છે.

'મેન્ટર સિટી' શ્રેણીમાં અમદાવાદે સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે, જ્યારે ઈન્દોર બીજા ક્રમે અને તિરુપતિ ત્રીજા ક્રમે રહ્યું છે. 'સ્વચ્છ સિટી પેર' પહેલ અંતર્ગત સાણંદ, દેપાલપુર અને કુપ્પમને અનુક્રમે અમદાવાદ, ઈન્દોર અને તિરુપતિ સાથે 'મેન્ટી સિટી' તરીકે જોડવામાં આવ્યા છે, જેથી આ શહેરો માર્ગદર્શન મેળવીને સ્વચ્છતાના ધોરણો સુધારી શકે.

નવી દિલ્હી મ્યુનિસિપલ કાઉન્સિલ (NDMC) એ સ્વચ્છ સર્વેક્ષણ 2025-26 માં પોતાની મજબૂત ઓળખ સ્થાપિત કરતાં 50,000 થી 3,00,000 સુધીની વસ્તી ધરાવતી શહેરી સ્થાનિક સંસ્થાઓની શ્રેણીમાં દેશભરમાં બીજું સ્થાન મેળવ્યું છે. NDMC ના અધ્યક્ષ મનોજ કુમાર દ્વિવેદી અને ઉપાધ્યક્ષ કુલજીત સિંહ ચહલે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે આ પુરસ્કાર સ્વીકાર્યો હતો.

INS બેતવા બનશે વધુ ઘાતક, સરકારે કરી ₹.500 કરોડની ઐતિહાસિક ડીલ

આત્મનિર્ભર અભિયાન અને નેવીની સજ્જતાને મળશે વેગ

નવી દિલ્હી : ભારતીય નૌકાદળના યુદ્ધ જહાજ INS બેતવાને વધુ આધુનિક અને શક્તિશાળી બનાવવા માટે સંરક્ષણ મંત્રાલયે એક મોટું પગલું ભર્યું છે. 11 નવેમ્બર 2026ના રોજ નવી દિલ્હી ખાતે રક્ષા સચિવ રાજેશ કુમાર સિંહની ઉપસ્થિતિમાં સંરક્ષણ મંત્રાલય અને કોચીન શિપયાર્ડ લિમિટેડ વચ્ચે 498.58 કરોડ રૂપિયાનો કરાર કરવામાં આવ્યો છે. આ ડીલ હેઠળ ભારતીય નૌકાદળના બ્રહ્મપુત્ર ક્લાસ ફ્રિગેટ INS બેતવાનું સામાન્ય રિફિટિંગ અને રી-પાવરિંગ કરવામાં આવશે, જેનાથી આ યુદ્ધ જહાજનો સંપૂર્ણ કાયાકલ્પ થશે.

આ આધુનિકીકરણ પ્રોજેક્ટ હેઠળ જહાજમાં રહેલી જૂની સ્ટીમ આધારિત પ્રોપલ્શન સિસ્ટમને સંપૂર્ણપણે હટાવીને તેની જગ્યાએ આધુનિક ડીઝલ એન્જિન સિસ્ટમ લગાવવામાં આવશે. આ સાથે જ તેની લડાયક ક્ષમતાઓને નવી ઊંચાઈએ લઈ જવા માટે અત્યાધુનિક હથિયાર સ્યુટ પણ ફીટ કરવામાં આવશે. આ ફેરફારોથી જહાજની ઓપરેશનલ કાર્યક્ષમતા અને ક્ષમતામાં મોટો સુધારો જોવા મળશે.

પ્રદૂષણ થયું તો આપમેળે શમી જશે, ચિંતા શેની?: દિવાળીમાં ફટાકડા મુદ્દે યોગી આદિત્યનાથનું નિવેદન


લખનઉ

દિવાળીના તહેવાર પછી પ્રદુષણ મામલે ચિંતાજનક માહોલ વચ્ચે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ સ્પષ્ટ કર્યું કે લોકોએ ઉત્સાહપૂર્વક ફટાકડા ફોડીને બિલકુલ બરોબર જ કર્યું છે અને તહેવારના કારણે જો થોડું પ્રદૂષણ વધ્યું હોય તો તે આપમેળે શમી પણ જશે. મુખ્યમંત્રીએ તહેવારો આવતાં જ પર્યાવરણની ચિંતા કરનારા વર્ગ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે, જે લોકોએ પોતાના ભ્રષ્ટ આચરણથી આખી સિસ્ટમને પ્રદૂષિત કરી દીધી છે તેમને કોઈ સવાલ પૂછતું નથી. પરંતુ જો જનતા માત્ર 1 દિવસ ફટાકડા ફોડીને આતશબાજી સાથે ઉત્સવ મનાવે, તો અચાનક તે પ્રદૂષણનો મોટો મુદ્દો બની જાય છે.

સોનિયા ગાંધીના પુસ્તકમાં ગુજરાત રમખાણોનો ઉલ્લેખ

રમખાણો સમયે ગુજરાતનું તંત્ર નક્કર પગલાં લેવામાં નિષ્ફળ રહ્યું, PM ન બનવા અંગે પણ ફોડ પડાયો

દિલ્હી : કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધીનું 'બિલોંગિંગ: અ જર્ની ઓફ લવ' નામનું આત્મકથાત્મક પુસ્તક હાલ ભારે ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. આ પુસ્તકમાં સોનિયા ગાંધીએ 2002માં ગુજરાતમાં થયેલા સાંપ્રદાયિક રમખાણોને યાદ કર્યા છે. સોનિયા ગાંધી લખે છે કે આગ લાગવાનું કારણ હજુ પણ વિવાદનો વિષય છે, પરંતુ આ ઘટના બાદ સમગ્ર રાજ્યમાં હિંસા ફાટી નીકળી હતી, જેમાં મુસ્લિમોએ સૌથી વધુ સહન કરવું પડ્યું હતું. આ પુસ્તકમાં તેમણે લખ્યું છે કે, રમખાણોના સમાચારો જાણીને તેમને સખત આઘાત લાગ્યો હતો. આ પુસ્તકમાં તેમણે



આક્ષેપ કર્યો છે કે, જ્યારે પરિસ્થિતિ વણસી રહી હતી અને રાજ્યભરમાં સાંપ્રદાયિક હિંસામાં લોકો જીવ ગુમાવી રહ્યા હતા, ત્યારે રાજ્ય વહીવટીતંત્ર નક્કર પગલાં લેવામાં નિષ્ફળ ગયું હતું.

બિલ ક્લિન્ટનની પોલ ખુલી

પુસ્તકમાં સોનિયાએ પોતાના જીવન સાથે જોડાયેલા અનેક રસપ્રદ પ્રસંગોનો ઉલ્લેખ કર્યો છે. તેમાં તત્કાલીન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ ક્લિન્ટનના સન્માનમાં સ્વાગત સમારોહનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન તેમણે ક્લિન્ટનને ત્યાં હાજર સુંદર મહિલાઓને છૂપી રીતે જોતા જોયા હતા.

2004ની ચૂંટણી પહેલા જ સોનિયાએ સંતાનોને કહ્યું, તેઓ પીએમ નહીં બને

દિલ્હી : 2004ની સામાન્ય ચૂંટણીના પરિણામો જાહેર થયા તે પહેલાં જ સોનિયા ગાંધીએ પોતાના સંતાનો રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી સમક્ષ સ્પષ્ટ કર્યું હતું કે ચૂંટણીમાં યુપીએ જીતી જાય તો પણ તેઓ ક્યારેય ભારતના વડાપ્રધાન નહીં બને.

યુદ્ધમાં પીઠ બતાવી નાસી જનારા 66 સૈનિકોને 'સજા એ મોત'

કોંગોમાં અત્યાર સુધી 381 દંડાઇ ચૂક્યા : કુલ 71 સૈનિકો પર કેસ ચાલ્યો, સેનામાં શિસ્તનો અભાવ હોવાના આક્ષેપો

કેપ્ટાઉન

આફ્રિકી દેશ ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોની એક સૈન્ય અદાલતે 66 સૈનિકોને કાયરતા, બળવો કરવા અને વરિષ્ઠ અધિકારીઓના આદેશો અનાદર કરવા બદલ ફાંસીની સજા સંભળાવી છે. એક અહેવાલ પ્રમાણે મિશન દરમિયાન શિસ્ત અને જવાબદારી સુનિશ્ચિત કરવાના હેતુથી યોજાયેલી આ સુનાવણીમાં કુલ 71 સૈનિકો પર કેસ ચલાવવામાં આવ્યો હતો. જેમાં કોર્ટે ચુકાદો આપતા 66 સૈનિકોને મૃત્યુદંડની સજા, 1 સૈનિકને 10 વર્ષની જેલની સજા અને 4 સૈનિકોને નિર્દોષ જાહેર કરી મુક્ત કરવામાં આવ્યા છે.

પૂર્વ ડીઆર કોંગોનો સમગ્ર વિસ્તાર છેલ્લા કેટલાક દાયકાઓથી સતત હિંસક સંઘર્ષોનો સામનો કરી રહ્યો છે. અહીં સરકારી સેના અને 'ફ્રન્ટ ફોર ધ રિફાઉન્ડેશન ઓફ ધ નેશન' (FRN) નામના વિગ્રહકારી ગઠબંધન વચ્ચે ઘર્ષણ ચાલુ રહ્યું છે, જેમાં કુખ્યાત M23



જૂથ પણ સામેલ છે.

અહેવાલો અનુસાર, 20 ઓક્ટોબરના રોજ વાલિકલે વિસ્તારમાંથી આ સૈનિકોની ધરપકડ કરવામાં આવી હતી. તેમના પર આરોપ હતો કે FRNના યોદ્ધાઓ સાથે જ્યારે હિંસક અથડામણ થઈ, ત્યારે તેઓ પોતપોતાની સુરક્ષા ચોકીઓ છોડીને રણમેદાનમાંથી ભાગી ગયા હતા. M23 સહિતના અન્ય વિદ્રોહી સંગઠનો સામે કોંગોની સેનાનું અભિયાન લાંબા સમયથી આંતરિક અરાજકતા અને ખરાબ શિસ્તના કારણે નબળું પડી રહ્યું છે. કોંગો સરકારે અવારનવાર પડોશી દેશ રવાન્ડા પર M23 જૂથને મદદ કરવાનો આરોપ લગાવ્યો છે. જોકે, પૂરતા પુરાવા હોવા છતાં રવાન્ડા સરકાર અને વિદ્રોહીઓ બંને આ આરોપોને નકારતા રહ્યા છે.

એક બાજુ સેનાને તેની ખરાબ કાર્યશૈલી અને અનુશાસન માટે ભારે ટીકાઓનો સામનો કરવો પડી રહ્યો છે, તો બીજી બાજુ સૈનિકોની ફરિયાદ છે કે તેમને ખૂબ જ ઓછું વેતન આપવામાં આવે છે અને યુદ્ધ લડવા માટે પૂરતા પ્રમાણમાં આધુનિક શસ્ત્રો કે લશ્કરી સાધનો પૂરા પાડવામાં આવતા નથી.

પાકિસ્તાનમાં પોલીસ કાફલા પર ફાયરિંગ, DSP સહિત 11ના મોત

ગોળીબાર બાદ પોલીસના 5 વાહનો સળગાવી દીધા

કોહાટ

પાકિસ્તાનના ઉત્તર-પશ્ચિમ વિસ્તારમાં બુધવારે પોલીસ ટીમ પર એક મોટો આતંકવાદી હુમલો થયો છે. ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના કોહાટ જિલ્લામાં હથિયારધારી આતંકીઓએ પોલીસ કાફલાને નિશાન બનાવીને અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. આ ભીષણ હુમલામાં એક ડીએસપી સહિત 11 પોલીસ કર્મચારીઓના મોત થયા છે, જ્યારે અન્ય 12 જવાનો ગંભીર રીતે ઘાયલ થયા છે. એક્સપ્રેસ ટ્રિબ્યુનના અહેવાલ અનુસાર, પોલીસની ટીમ ગેરકાયદે સોનાના ખનન સામે કાર્યવાહી કરવા માટે દરોડો પાડવા જઈ રહી હતી. તે દરમિયાન રસ્તામાં ઘાત લગાવીને બેઠેલા બંદૂકધારીઓએ પોલીસ ટીમ પર અચાનક ફાયરિંગ શરૂ કરી દીધું હતું. કોહાટ પોલીસના પ્રવક્તા મોહમ્મદ નૌમાન જેબે આ ઘટનાની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે હુમલામાં 11 પોલીસકર્મીઓ શહીદ થયા છે અને 12 ઘાયલ થયા છે. આ હુમલો કોહાટ અને કરક જિલ્લા વચ્ચે આવેલા દરબોકાચ જલંધર બાંદા વિસ્તારમાં થયો હતો. હુમલાખોરોએ પોલીસ ટીમ પર ગોળીબાર કર્યા બાદ તેમના 5 વાહનોને આગ ચાંપી દીધી હતી.

વાહનો અથડાતા 11ના મોત અને 50 ઘાયલ

બલ્ગેરિયા

પૂર્વીય બલ્ગેરિયામાં મંગળવારે ગાઢ ધુમ્મસના કારણે હાઈવે પર એક દર્દનાક માર્ગ અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં આશરે 50 વાહનો એકબીજા સાથે ધડાકાભેર અથડાયા હતા, જેમાં ઓછામાં ઓછા 11 લોકોએ જીવ ગુમાવ્યો છે અને લગભગ 50 લોકો ઘાયલ થયા છે. વડાપ્રધાન રુમેન રાદેવે આ ભયાવહ ઘટના અંગે માહિતી આપતા તેને એક અત્યંત મોટી દુર્ઘટના ગણાવી છે.

આ ભીષણ અકસ્માત રાજધાની સોફિયાને પૂર્વીય શહેર બર્ગાસ સાથે જોડતા મુખ્ય A1 હાઈવે



પર બન્યો હતો. ઘટનાની માહિતી મળતા જ પોલીસ, ફાયર બ્રિગેડ અને એમ્બ્યુલન્સની ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. સ્થાનિક મીડિયામાં સામે આવેલા દ્રશ્યો અનુસાર હાઈવેની છ લેન પર કાર અને ટ્રકોના ઢગલા જોવા મળ્યા હતા. અનેક વાહનો ગંભીર રીતે ક્ષતિગ્રસ્ત થઈ ગયા હતા, કેટલાક વાહનો પલટી ખાઈ ગયા હતા અને અમુક રોડની સાઈડમાં નીચે ઉતરી ગયા હતા. બલ્ગેરિયાના ગૃહ મંત્રાલયે આપેલી વિગતો અનુસાર અકસ્માતમાં ઘવાયેલા 50 લોકોને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. રાહત અને બચાવ દળના જવાનો ઘટનાસ્થળે ઈજાગ્રસ્તોને મદદ પહોંચાડવા અને પરિસ્થિતિ નિયંત્રણમાં લેવા માટે સતત કામે લાગ્યા હતા.

હુથી બળવાખોરો દ્વારા રિયાધ એરપોર્ટ ઉપર 3 ક્રૂઝ મિસાઈલથી હુમલો : શહેરોમાં એલર્ટ જાહેર

સાઉદી અને હુથીના સામે-સામે હુમલાના દાવા, માત્ર ગણતરીના ટર્મિનલ જ કાર્યરત

રિયાધ

સાઉદી અરેબિયા અને હુથી વિદ્રોહીઓ વચ્ચે દિવસેને દિવસે ઘર્ષણ વધુ ઉગ્ર બની રહ્યું છે. હુથી બળવાખોરોએ સાઉદીની રાજધાની રિયાધ સ્થિત કિંગ ખાલિદ આંતરરાષ્ટ્રીય હવાઈ મથક પર ત્રણ ક્રૂઝ મિસાઈલો વડે હુમલો કર્યો હોવાનો દાવો કર્યો છે. જોકે, આ હુમલાની હજુ સુધી સત્તાવાર પુષ્ટિ થઈ નથી અને હુમલાથી થયેલા નુકસાન અંગે પણ કોઈ ચોક્કસ વિગતો સામે આવી નથી.

અગાઉ હુથી બળવાખોરો દ્વારા કરવામાં આવેલા સતત હુમલાઓને પગલે આ એરપોર્ટ થોડા દિવસો માટે બંધ કરી દેવામાં આવ્યું હતું. થોડા દિવસો પહેલા જ ફરીથી શરૂ થયેલા આ એરપોર્ટના હાલમાં માત્ર ગણતરીના ટર્મિનલ જ કાર્યરત છે. બીજી તરફ, હુથી સંગઠનના પ્રવક્તાએ જણાવ્યું કે, લાલ સમુદ્રના કિનારે વસેલા યાનબુ શહેરના બંદર પર આવેલા ઓઈલ પમ્પિંગ સ્ટેશનને પણ નિશાન બનાવવામાં આવ્યું છે. આ ઉપરાંત, તેમણે પવિત્ર મક્કા શહેર પર હુમલો કરવાના પ્રયાસ અંગેના સાઉદી અરેબિયાના દાવાને પાયાવિહોણો ગણાવીને ફગાવી દીધો છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે, સાઉદી અરેબિયા યુદ્ધની શરૂઆતથી જ આવા ખોટા દાવાઓ કરી રહ્યું છે.

આ તણાવપૂર્ણ પરિસ્થિતિ વચ્ચે સાઉદી પ્રશાસને તાઈફ, યાનબુ અને ખામિસ મુશૈત શહેરો માટે જોખમનું એલર્ટ જાહેર કર્યું છે અને ત્યાં વસતા નાગરિકોને અત્યંત સાવચેતી રાખવા માટે સૂચના આપી છે.

ઈરાને ટારગેટ લોક કરતાં ઘર છોડીને બંકરમાં ભાગ્યા અમેરિકન નાણામંત્રી

વૉશિંગ્ટન

અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ અને હુમલા ભલે હાલ રોકાયેલા દેખાતા હોય, પરંતુ બંને દેશો વચ્ચેનો ખતરો અને તણાવ હજુ ટળ્યો નથી. ગુપ્તચર એજન્સીઓના અહેવાલો મુજબ ઈરાન દ્વારા અમેરિકન નાણા મંત્રી સ્કોટ બેસેન્ટને ટાર્ગેટ (નિશાન) બનાવવામાં આવ્યા છે. ઈરાન તરફથી મળી રહેલી ગંભીર અને જીવલેણ ધમકીઓને પગલે સ્કોટ બેસેન્ટે પોતાનું ઘર છોડવું પડ્યું છે અને સુરક્ષા એજન્સીઓએ તેમને અત્યંત સુરક્ષિત લશ્કરી મથકે (મિલિટ્રી બેઝ) ખસેડ્યા છે. આ ઘટનાક્રમથી માહિતગાર ગુપ્તચર સૂત્રોએ બેસેન્ટને સૈન્ય મથકે શિફ્ટ કરવામાં આવ્યા હોવાની પુષ્ટિ કરી છે.

અગાઉ પણ સંવેદનશીલ વિસ્તારમાં શંકાસ્પદ ડ્રોન ઊડતાં જોવા મળ્યા બાદ અમેરિકાના ઉપપ્રમુખ જે. ડી. વેન્સ અને વિદેશ મંત્રી માર્કો રૂબિયોને પણ તાત્કાલિક સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. અમેરિકન પ્રશાસનના વરિષ્ઠ ગુપ્તચર અધિકારીએ ગુપ્ત મેમોમાં ચેતવણી આપી હતી કે તેહરાન (ઈરાન) દ્વારા અમેરિકન નાગરિકો અને ટોચના અધિકારીઓ વિરુદ્ધ રચાઈ રહેલા જીવલેણ ષડયંત્રો ખૂબ જ આગળ વધી ચૂક્યા છે.

ઈઝરાયેલ નુકસાનીની ભરપાઈ કરે, મેં એને બચાવ્યું', ટ્રમ્પે એહસાન જતાવ્યું

વોશિંગ્ટન

મીડિયાના '60 મિનિટ્સ' કાર્યક્રમમાં ઈન્ટરવ્યુ આપતી વખતે ટ્રમ્પે ખુલ્લેઆમ પોતાનો એહસાન જતાવતા દાવો કર્યો હતો. કે જો અમેરિકા અને ખુદ તેમણે ઈરાન સામે સમયસર પગલાં ન લીધા હોત, તો ઈઝરાયલનો નાશ થઈ ગયો હોત અને તે નકશા પરથી પણ ભૂસાઈ ગયું હોત. એટલું જ નહીં, ટ્રમ્પે કડક શબ્દોમાં તાકીદ કરી છે કે ઈરાન સાથેના આ યુદ્ધમાં અમેરિકાને જે પણ આર્થિક અને લશ્કરી નુકસાન થયું છે, તેની ભરપાઈ એ દેશોએ કરવી પડશે જેમને અમેરિકાએ સુરક્ષા પૂરી પાડી છે, જેમાં ઈઝરાયલ પણ સામેલ છે.

અમેરિકન વહીવટીતંત્રે અગાઉ જૂન 2025 અને ત્યારબાદ 2026માં ઈરાનના પરમાણુ ઠેકાણાઓ પર હવાઈ હુમલા કરીને તેની ન્યુક્લિયર ક્ષમતાને મોટો ફટકો આપ્યો હતો. ટ્રમ્પે જણાવ્યું કે તેમની આ સચોટ લશ્કરી કાર્યવાહીના કારણે જ ઈઝરાયલ અને સમગ્ર મધ્ય પૂર્વ આજે સુરક્ષિત છે. જોકે, બીજી તરફ ઈરાને તેના પરમાણુ કાર્યક્રમનો બચાવ કરતા દાવો કર્યો છે કે તે માત્ર શાંતિપૂર્ણ અને વિકાસ કાર્યો માટે છે.

અમેરિકામાં ફેક યુનિવર્સિટીની જાળમાં ફસાયા ભારતીય વિદ્યાર્થીઓ, કોર્ટે પણ આપ્યો મોટો ઝટકો

ન્યુ યોર્ક

અમેરિકન સરકારના એક અંડરકવર સ્ટિંગ ઓપરેશન હેઠળ ચલાવવામાં આવતી નકલી 'યુનિવર્સિટી ઓફ ફાર્મિંગ્ટન'નો ભોગ બનેલા 5 ભારતીય વિદ્યાર્થીઓને અમેરિકી ફેડરલ કોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો છે. આ વિદ્યાર્થીઓએ પોતાની ટ્યુશન ફી પરત મેળવવા માટે કોર્ટમાં દાખલ કરેલી સામૂહિક અરજીને કોર્ટે ફગાવી દીધી છે. 5 ભારતીય વિદ્યાર્થીઓએ કોર્ટ સમક્ષ એવી દલીલ કરી હતી કે, તેમણે 'યુનિવર્સિટી ઓફ ફાર્મિંગ્ટન'ને એક અસલી અને માન્યતા પ્રાપ્ત શૈક્ષણિક સંસ્થા માનીને તેમાં પ્રવેશ મેળવ્યો હતો અને લાખો રૂપિયાની ટ્યુશન ફી ચૂકવી હતી. પરંતુ પાછળથી ખબર પડી કે આ યુનિવર્સિટી કોઈ શૈક્ષણિક સંસ્થા નહીં, પરંતુ અમેરિકી સરકાર દ્વારા વિઝા ફ્રોડ પકડવા માટે બિછાવવામાં આવેલી એક જાળ હતી. આથી, વિદ્યાર્થીઓએ પોતાની મહેનતની કમાણી એટલે કે ટ્યુશન ફી પરત અપાવવાની માગ કરી હતી. જોકે, કોર્ટે આ દલીલને નકારી કાઢતા સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, આ યુનિવર્સિટીમાં પ્રવેશ લેનારા દરેક વિદ્યાર્થીને નિર્દોષ પીડિત માની શકાય નહીં. કોર્ટના અવલોકન મુજબ, ઘણા વિદ્યાર્થીઓને એ વાતની સ્પષ્ટ જાણ હતી કે આ સંસ્થા માત્ર અમેરિકન સ્ટુડન્ટ વિઝા પર ગેરકાયદે રીતે દેશમાં રોકાઈ રહેવા માટેનું એક નકલી માધ્યમ છે. યુએસ કોર્ટ ઓફ ફેડરલ ક્લેમ્સના ન્યાયાધીશે ચુકાદો આપતા નોંધ્યું કે, આ મામલો 'ક્લાસ-એક્શન' (સામૂહિક) સુનાવણી માટે બિલકુલ યોગ્ય નથી.

હાર્દિક પંડ્યા પંજાબમાં અને અર્શદીપ સિંહ મુંબઈ ઇન્ડિયન્સમાં સામેલ

BCCIની સત્તાવાર જાહેરાત : બંને ખેલાડીઓને 18-18 કરોડ રૂપિયા મળશે : દિલ્હી કેપિટલ્સમાં હવે કોઈ ખેલાડી નહીં બદલાય

મુંબઈ : IPL 2027 પહેલા એક મેગા ડીલની જાહેરાત છે. મુંબઈના કેપ્ટન હાર્દિક પંડ્યાને પંજાબ કિંગ્સે ખરીદી લીધો છે. જેની સામે અર્શદીપ સિંહને મુંબઈ ઇન્ડિયન્સમાં સામેલ કરવામાં આવ્યો છે. આ ટ્રેડની સત્તાવાર જાહેરાત BCCI દ્વારા કરી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા ઘણા સમયથી આ ટ્રેડ ડીલની ચર્ચા ચાલી રહી હતી. હાર્દિક પંડ્યા અને અશર્દીપ સિંહની આ ટ્રેડ ડીલ વિશે જાહેરાત નહોતી થઈ પરંતુ હવે આ ડીલને બીસીસીઆઈને મંજૂરીની મોહર મારી છે. હાર્દિક પંડ્યાએ 16.55 કરોડ રૂપિયા આપીને મુંબઈએ ખરીદ્યો હતો પરંતુ 18 કરોડમાં પંજાબ કિંગ્સ ઈલેવને હવે તેને સ્વીકારી લીધો છે. તેની સામે અર્શદીપ સિંહને પણ 18 કરોડમાં મુંબઈ ઇન્ડિયન્સ દ્વારા ખરીદી લેવામાં આવ્યો છે.



આઈપીએલ 2027 પહેલાં ખેલાડીઓની અદલાબદલીને લઈને ચાલી રહેલી જોરદાર ચર્ચાઓ વચ્ચે દિલ્હી કેપિટલ્સે (DC) પોતાનું વલણ સ્પષ્ટ કરી દીધું છે. ભારતીય ઓલરાઉન્ડર અક્ષર પટેલ આગામી સિઝનમાં પણ દિલ્હી કેપિટલ્સની જર્સીમાં જ રમતો જોવા મળશે. તેમની સાથે મિડલ ઓર્ડરના વિસ્ફોટક બેટ્સમેન આશુતોષ શર્મા પણ ટીમનો હિસ્સો બની રહેશે. ફ્રેન્ચાઇઝી સાથે જોડાયેલા વિશ્વસનીય સૂત્રોએ આ બંને સ્ટાર ખેલાડીઓના ટ્રેડ થવાની તમામ અટકળોને સત્તાવાર રીતે ફગાવી દીધી છે. દિલ્હી કેપિટલ્સે પોતાની ટ્રેડિંગ વિન્ડો હવે સત્તાવાર રીતે બંધ કરી દીધી છે. ફ્રેન્ચાઇઝીના સૂત્રએ જણાવ્યું હતું કે, "દિલ્હી કેપિટલ્સ તરફથી હવે કોઈ પણ વધારાનો ટ્રેડ કરવામાં આવશે નહીં." ટીમના કેપ્ટન પદ અંગે ફ્રેન્ચાઇઝીએ હજી સુધી કોઈ આખરી નિર્ણય લીધો નથી. કેપ્ટનશીપના સંભવિત દાવેદારોમાં અક્ષર પટેલ ઉપરાંત રિષભ પંત અને કે.એલ. રાહુલના નામ પણ ચર્ચામાં સામેલ છે. હવે જોવાનું એ રહેશે કે મેનેજમેન્ટ આગામી સિઝનમાં પણ અક્ષર પટેલ પર જ ભરોસો કાયમ રાખે છે કે પછી ટીમની કમાન કોઈ નવા ચહેરાને સોંપવામાં આવે છે.

મુસ્તાફિઝુર સહિત સાત બાંગ્લાદેશી ખેલાડીઓ IPLના મિની ઓક્શનમાં ભાગ લે તેવી શક્યતા

નવીદિલ્હી : ભારત અને બાંગ્લાદેશના ક્રિકેટ સંબંધોમાં જામેલો બરફ હવે ધીમે-ધીમે પીગળતો જોવા મળી રહ્યો છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડએ આઈપીએલ 2027ના મિની ઓક્શનની પ્રક્રિયામાં બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડને પણ સામેલ કરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. આ સકારાત્મક પગલા બાદ બાંગ્લાદેશના કુલ 7 ક્રિકેટરોએ આગામી 16 ડિસેમ્બરે યોજાનાર મિની ઓક્શન માટે પોતાના નામ રજિસ્ટર કરાવવાનું નક્કી કર્યું છે. આ યાદીમાં સ્ટાર ફાસ્ટ બોલર મુસ્તાફિઝુર




રહમાનનું નામ પણ સામેલ છે, જેમને પાછલી સિઝન પહેલાં કોલકાતા નાઈટ રાઈડર્સ દ્વારા રિલીઝ કરી દેવામાં આવ્યો હતો.

અહેવાલો અનુસાર, 16 ડિસેમ્બરે યોજાનારા IPL 2027 મિની ઓક્શનમાં મુસ્તાફિઝુર રહમાન, નાહિદ રાણા, રિશાદ હુસૈન, હસન મહમૂદ, તૌહીદ હૃદોય, તસ્કીન અહેમદ, શોરિફુલ ઈસ્લામ, ખેલાડીઓ પર બોલી લાગશે. મુસ્તાફિઝુર રહમાનનું આઈપીએલમાંથી બહાર થવું અને ફરી વાપસી કરવી એ ઘટનાક્રમ ભારે ચર્ચાસ્પદ રહ્યો છે. ડિસેમ્બર 2025માં યોજાયેલી હરાજીમાં કોલકાતા નાઈટ રાઈડર્સએ મુસ્તાફિઝુર રહમાનને 9.20 કરોડની જંગી કિંમતે ખરીદ્યો હતો, જેનાથી તે IPL ઈતિહાસના સૌથી મોંઘો બાંગ્લાદેશી ખેલાડી બન્યો હતો.

ચોથી વનડે માટે ન્યૂઝી.ની ટીમમાં ઘૂરંધર બોલર બ્રેટ રેન્ડેલની એન્ટ્રી

ક્રાઈસ્ટચર્ચ : ભારત સામેની પાંચ મેચોની વનડે સીરિઝના અંતિમ બે મુકાબલા માટે ન્યૂઝીલેન્ડ ક્રિકેટ બોર્ડ (NZC) દ્વારા સ્ક્વોડમાં મોટા ફેરફાર કરવામાં આવ્યા છે. ઘરેલુ ક્રિકેટમાં પોતાના સતત શાનદાર પ્રદર્શનના આધારે 31 વર્ષીય ફાસ્ટ બોલર બ્રેટ રેન્ડેલને પ્રથમ વખત ન્યૂઝીલેન્ડની રાષ્ટ્રીય ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે. આ ઉપરાંત ઓલરાઉન્ડર જોશ ક્લાર્કસનની પણ પાંચમી વનડે માટે ટીમમાં વાપસી થઈ છે. આ પસંદગી સાથે જ બ્રેટ રેન્ડેલ પાસે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પદાર્પણ કરવાની



સુવર્ણ તક ઊભી થઈ છે. સીરિઝની અંતિમ બંને મેચો માઉન્ટ મૌંગાનુઈ ખાતે રમાવાની છે, જ્યાં ભારતીય ટીમ હાલમાં 2-0ની અજેય સરસાઈ ધરાવે છે. જમણા હાથના ફાસ્ટ બોલર બ્રેટ રેન્ડેલે સ્થાનિક સ્તરે અત્યંત પ્રભાવશાળી આંકડા નોંધાવ્યા છે. રેન્ડેલે અત્યાર સુધીમાં 46 ફર્સ્ટ ક્લાસ, 55 લિસ્ટ-એ અને 45 T20 મેચ રમીને કુલ 284 વિકેટો પોતાના નામે કરી છે. ચાલુ વર્ષે જ એક ફર્સ્ટ ક્લાસ મુકાબલા દરમિયાન તેણે એક જ ઈનિંગ્સમાં સતત 5 બોલ પર 5 વિકેટ ઝડપીને સમગ્ર ક્રિકેટ જગતને ચોંકાવી દીધું હતું.

અર્શદીપ સિંહે શરૂ કરી નવી ઈનિંગ્સ ગર્લફ્રેન્ડ સમરીન કૌર સાથે કરી સગાઈ

નવીદિલ્હી : ભારતીય ક્રિકેટ ટીમના ફાસ્ટ બોલર અર્શદીપ સિંહે પોતાની જિંદગીની નવી ઈનિંગ્સની શરૂઆત કરી છે. ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાઈ રહેલી 5 મેચોની વનડે સિરીઝ વચ્ચે અર્શદીપે સગાઈ કરી લીધી છે. તેણે પોતાની ગર્લફ્રેન્ડ સમરીન કૌરને પ્રપોઝ કરતા કેટલીક તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરીને ફેન્સને આ સરપ્રાઈઝ આપ્યું છે. સામે આવેલી તસવીરોમાં અર્શદીપ સિંહ ગર્લફ્રેન્ડ સમરીન કૌરને વીંટી પહેરાવતો નજરે પડે છે. સામે આવેલી તસવીરોમાં અર્શદીપ સિંહ ઘૂંટણિયે બેસીને સમરીનને પ્રપોઝ કરતો અને વીંટી



પહેરાવતો અત્યંત રોમેન્ટિક અંદાજમાં જોવા મળે છે. ખાસ વાત એ છે કે તેણે પોતાના જીવનની આ મહત્ત્વપૂર્ણ ક્ષણ માટે ન્યૂઝીલેન્ડની ધરતી પસંદ કરી છે. તસવીરો પોસ્ટ કરતા અર્શદીપ અને સમરીને કેપ્શનમાં લખ્યું છે કે, 'જિંદગી આપણને જે કંઈ આપી શકે તેમ હતી, તેમાં સૌથી વધુ ખુશી એ વાતની છે કે તેણે આપણને એકબીજાને સોંપ્યા.

અતીકા મીરે FIA વર્લ્ડ ચેમ્પિયનશિપમાં મચાવી ધૂમ : રેન્કમાં છઠ્ઠા સ્થાને પહોંચી

ત્રણ રેસમાં 30 સ્થાનનો સુધારો કરીને ભારતીય રેસિંગ પ્રતિભાએ દુનિયાનું ધ્યાન ખેંચ્યું

નવીદિલ્હી

ભારતની 11 વર્ષની રેસિંગ પ્રતિભા અતીકા મીરે FIA કાર્ટિંગ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. પોતાની પહેલી જ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં અતીકાએ મુશ્કેલ શરૂઆત બાદ જોરદાર વાપસી કરી હતી. ક્વોલિફાયિંગમાં 87 ડ્રાઇવરોમાંથી 83મા સ્થાને રહેવા છતાં તેણે પહેલી રેસમાં 16 સ્થાનનો કૂદકો લગાવી છઠ્ઠું સ્થાન મેળવ્યું હતું. શ્રીનગરની અતીકા કાર્ટ રિપબ્લિક ટીમનું



પ્રતિનિધિત્વ કરે છે. તે 12થી 14 વર્ષની વયજૂથમાં પોતાની કરતાં મોટી ઉંમરના અને વધુ અનુભવ ધરાવતા ડ્રાઇવરો સામે સ્પર્ધા કરે છે. તે ફોર્મ્યુલા 1 એકેડમીનું સમર્થન મેળવનારી પ્રથમ ભારતીય પણ છે. પ્રથમ રેસમાં અતીકાએ એક પછી એક હરીફોને પાછળ છોડીને 16 સ્થાનનો સુધારો કર્યો અને છઠ્ઠા સ્થાને પહોંચી. આ સમાહના અંતે ભારતીય ડ્રાઇવરનું પણ આ સર્વશ્રેષ્ઠ સ્થાન હતું. બીજી રેસમાં તેણે વધુ 10 સ્થાનનો અને ત્રીજી રેસમાં ચાર સ્થાનનો સુધારો કર્યો. આમ, ત્રણ રેસમાં તેણે કુલ 30 સ્થાન મેળવ્યાં. સમગ્ર સ્પર્ધામાં તેની પ્રગતિ 43 સ્થાનની રહી અને 87 ડ્રાઇવરોમાં તે 40મા ક્રમે રહી હતી.

સમાજ માટે હવે નવી ઈનિંગ રમશે સુનીલ છેત્રી, FIFAએ સોંપી મોટી જવાબદારી

સુનીલ છેત્રીનું લક્ષ્ય ફૂટબોલ દ્વારા સમાજમાં સકારાત્મક બદલાવ લાવવાનું છે

નવીદિલ્હી : ભારતીય ફૂટબોલના દિગ્ગજ સુનીલ છેત્રી હવે મેદાનની બહાર પણ પોતાની ઓળખ બનાવવાની તૈયારીમાં છે. FIFAના 'પ્લેયર ઈમ્પેક્ટ પ્રોગ્રામ'માં સામેલ થઈને તેઓ શિક્ષણ, માનસિક સ્વાસ્થ્ય અને રમતગમતમાં સમાન તક જેવા સામાજિક મુદ્દાઓ પર કામ કરશે. આ કાર્યક્રમમાં છેત્રી પ્રથમ પુરુષ ખેલાડી છે. જૂનમાં અમેરિકાના બોસ્ટનમાં યોજાયેલી ત્રણ દિવસની કાર્યશાળામાં તેમણે મહિલા ફૂટબોલરો



સાથે ભાગ લીધો હતો. હવે ડિસેમ્બરમાં લંડનમાં યોજાનારા આગામી તબક્કામાં તેઓ પોતાના પ્રોજેક્ટની રજૂઆત કરશે. FIFAનો 'પ્લેયર ઈમ્પેક્ટ પ્રોગ્રામ' એવા ખેલાડીઓને મદદ કરે છે, જેઓ પોતાની લોકપ્રિયતા, અનુભવ અને ઓળખનો ઉપયોગ કરીને સમાજમાં સકારાત્મક બદલાવ લાવવા માગે છે. આ કાર્યક્રમનો હેતુ ખેલાડીઓને માત્ર રમત પૂરતા મર્યાદિત ન રાખીને સામાજિક જવાબદારી નિભાવવાની તક આપવાનો છે. આ કાર્યક્રમની બીજી આવૃત્તિમાં કુલ 13 ખેલાડીઓ સામેલ છે. તેમાં સ્પેનની મહિલા વર્લ્ડ કપ વિજેતા એલેક્સિયા પુતેયાસ સહિત વિવિધ દેશોની મહિલા ફૂટબોલરોનો સમાવેશ થાય છે.

વિશ્વ ચેસમાં ભારતનો દબદબો વધશે આગામી 4 વર્ષમાં મળશે મોટી જવાબદારી

નવીદિલ્હી

ભારતની ચેસમાં વધતી તાકાતને હવે આંતરરાષ્ટ્રીય સ્તરે પણ માન્યતા મળી રહી છે. વિશ્વ ચેસની સંચાલક સંસ્થા FIDEના નવા પ્રમુખ તિમુર તુર્લોવે ભારતને વિશ્વ ચેસનો વિશ્વાસુ ભાગીદાર ગણાવ્યું છે. તેમણે ખાતરી આપી છે કે આગામી ચાર વર્ષ દરમિયાન ભારત મોટી આંતરરાષ્ટ્રીય ચેસ સ્પર્ધાઓનું યજમાન બનતું રહેશે. આ સાથે તેમણે એશિયન ચેસ ફેડરેશનમાં ભારતનો પ્રભાવ વધારવાની પણ તરફેણ કરી છે. તિમુર તુર્લોવે બુડાપેસ્ટમાં ટોટલ ચેસ વર્લ્ડ ચેમ્પિયનશિપ ટૂરના પાયલટ કાર્યક્રમ દરમિયાન ભારતની ભૂમિકા અંગે વાત કરી હતી. તેમને પૂછવામાં આવ્યું હતું કે તેમના કાર્યકાળમાં ભારતને વધુ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓની યજમાની મળશે કે નહીં. જવાબમાં તેમણે હકારાત્મક સંકેત આપતાં કહ્યું કે ભારત અને ભારતીય ચેસ ફેડરેશન સાથે FIDEના સંબંધો વિશ્વાસપૂર્ણ છે. ભારત આંતરરાષ્ટ્રીય ચેસ સ્પર્ધાઓ માટે વિશ્વસનીય ભાગીદાર છે અને આગામી ચાર વર્ષમાં પણ મોટી ચેમ્પિયનશિપનું આયોજન કરતું રહેશે. ભારતની ચેસમાં વધતી શક્તિ પાછળ યુવા ખેલાડીઓનું મોટું યોગદાન છે. વર્તમાન વિશ્વ ચેમ્પિયન ડી. ગુકેશ ઉપરાંત આર. પ્રજ્ઞાનાનંદ, અર્જુન એરીગૈસી અને આર. વૈશાલી જેવા ખેલાડીઓએ આંતરરાષ્ટ્રીય મંચ પર પોતાની ઓળખ બનાવી છે.

અંધકાર ઉપર પ્રકાશ, અનિષ્ટ પર સદાચાર, અજ્ઞાન પર જ્ઞાન અને નિરાશા પર આશાનો શાશ્વત સંદેશ

નવલ અને રાશિ બજાજના નિવાસસ્થાને દિપોત્સવની ઉજવણી













આચાર્ય ભગવાન શાસ્ત્રીજી અને મહેશજી ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ શુભ મુહૂર્તોમાં પ્રદોષ કાલ પૂજા, નિશિતા કાલ પૂજા અને લક્ષ્મી તથા સરસ્વતી માતાની પૂજા, આધ્યાત્મિક કલ્યાણ માટે પવિત્ર મંત્રોના ઉચ્ચારણ સાથે યજ્ઞ યોજાયો, આતશબાજી સાથે આનંદોત્સવ

બ્રામ્પ્ટન

કેનેડાના બ્રામ્પ્ટનમાં નવલ બજાજના નિવાસસ્થાને દિવાળીની ખૂબ જ ભક્તિભાવ, ઉત્સાહ અને ભવ્યતા સાથે ઉજવણી હતી. આ પ્રસંગે પરિવારના સભ્યો, મિત્રો, સમુદાયના અગ્રણીઓ અને પ્રતિષ્ઠિત મહેમાનો એકત્ર થયા હતા. જેમણે અંધકાર ઉપર પ્રકાશ, અનિષ્ટ પર સદાચાર, અજ્ઞાન પર જ્ઞાન અને નિરાશા પર આશાના વિજયના આ શાશ્વત સંદેશને ઉજવ્યો હતો.

આ વર્ષે વિશ્વભરના લાખો હિન્દુઓ, શીખો, જૈનો અને બૌદ્ધોએ પાંચ દિવસીય 'પ્રકાશના પર્વ'ની ઉજવણી કરી હતી. ભારતીય સાંસ્કૃતિક અને ધાર્મિક કેલેન્ડરમાં આ સૌથી મહત્વપૂર્ણ તહેવારોમાંનો એક છે. 'દીપાવલી' શબ્દનો અર્થ થાય છે "દીવાઓની હારમાળા". પ્રાચીન પરંપરાઓમાં મૂળ ધરાવતી દિવાળી, વિવિધ સમુદાયોમાં અલગ-અલગ ધાર્મિક અને ઐતિહાસિક કારણોસર ઉજવવામાં આવે છે. શીખ સમુદાય માટે આ તહેવાર ગુરુ હરગોવિંદ સાહિબજીની કારાવાસમાંથી મુક્તિની યાદ અપાવે છે. જૈન ધર્મના અનુયાયીઓ ભગવાન મહાવીરના મોક્ષ પ્રાપ્તિના પ્રસંગને ઉજવે છે, જે જન્મ-મરણના ચક્રમાંથી મુક્તિનું પ્રતીક છે. બજાજ નિવાસસ્થાને યોજાયેલા આ




ઉત્સવમાં, સુપ્રસિદ્ધ આચાર્ય ભગવાન શાસ્ત્રીજી અને ભારતથી પધારેલા વિદ્વાન શાસ્ત્રીજી મહેશજી ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ શુભ મુહૂર્તોમાં અનેક ધાર્મિક વિધિ સંપન્ન થઈ હતી.

આ ધાર્મિક વિધિઓમાં પ્રદોષ કાલ પૂજા, નિશિતા કાલ પૂજા અને મોડી રાત્રે કરવામાં આવતી વિશેષ લક્ષ્મી પૂજાનો સમાવેશ થતો હતો. જેમાં સમૃદ્ધિ, શાંતિ અને કલ્યાણ માટે દેવી લક્ષ્મીના આશીર્વાદ માંગવામાં આવ્યા હતા. આ ઉપરાંત નવગ્રહ પૂજા, કલશ પૂજા, ગણેશ પૂજા, લક્ષ્મી પૂજા, કુબેર પૂજા અને ચોપડા પૂજન જેવી અનેક પવિત્ર વિધિઓ કરાઈ હતી. ત્યારબાદ, શુદ્ધિકરણ અને આધ્યાત્મિક કલ્યાણ માટે પવિત્ર મંત્રોના ઉચ્ચારણ સાથે પરંપરાગત યજ્ઞનું આયોજન કરાયું હતું.

આ વર્ષના ઉત્સવનું સૌથી મહત્વપૂર્ણ પાસું બાળકો અને યુવાનોની સક્રિય ભાગીદારી હતી, જેમણે શાસ્ત્રીજીઓના માર્ગદર્શન હેઠળ મોટાભાગની ધાર્મિક વિધિઓ સંપન્ન કરી હતી.

લક્ષ્મી પૂજાની સાથે સરસ્વતી પૂજા પણ કરવામાં આવી હતી. ચોપડા પૂજન દ્વારા હિસાબ-કિતાબમાં સંતુલન રાખવા, જવાબદારીપૂર્વક વ્યવસાયિક પ્રવૃત્તિઓ કરવા, બચત કરવા અને આર્થિક સમૃદ્ધિ પ્રાપ્ત કરવાના મહત્વ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

સરસ્વતી પૂજન બાદ, પરિવારો અને મહેમાનોએ 'દીપ પૂજન' (દીવા પૂજન) માં ભાગ લીધો હતો. ઉત્સવમાં પરિવારજનો અને મિત્રોએ દિવાળીના ઉત્સવભર્યા ભોજનનો આનંદ માણ્યો હતો. ત્યારબાદ આતશબાજી સાથે ઉજવણી કરી હતી.

દરમિયાન કેનેડાના ભજન નિષ્ણાંત સચિન જોશી દ્વારા પ્રસ્તુત ભજનોએ સાંજને વધુ આનંદમય બની હતી. આ ઉપરાંત કેનેડાના જાણીતા ભજનીક અને ગરબા ગાયક પ્રમેશ નંદી પણ હાજર રહ્યા હતા. તેમણે પરમાત્માની ભક્તિ જગાડે તેવા કેટલાક મનોહર ભજનો રજૂ કર્યા હતા.ઉજવણીમાં બ્રામ્પ્ટનના મેયર પેટ્રિક બ્રાઉન તેમજ વિવિધ સામુદાયિક સંસ્થાઓના વડાઓ, મંદિરના પ્રતિનિધિઓ, સમુદાયના અગ્રણીઓ અને અન્ય પ્રતિષ્ઠિત મહેમાનોની ઉપસ્થિતિ રહી હતી. ઉજવણીના અંતે એક મહત્વપૂર્ણ સંદેશ આપવામાં આવ્યો કે, દિવાળી એટલે માત્ર દીવા પ્રગટાવવા કે ભેટોની આપ-લે કરવી એટલું જ નથી. તે આપણા જીવનને કરુણાથી ઉજ્જ્વળ બનાવવાની, ખુશીઓ ફેલાવવાની, જ્ઞાનને અપનાવવાની, પારિવારિક સંબંધોને મજબૂત કરવાની અને આપણા શાશ્વત સાંસ્કૃતિક મૂલ્યોને આવનારી પેઢીઓ સુધી પહોંચાડવાની એક તક છે.



મંદિરમાં આકર્ષક રંગોળી સાથે સજાવટ કરી દિવડા પ્રગટાવાયા : આતશબાજીથી ઝગમગાટ

ટોરોન્ટો BAPS મંદિરમાં દિવાળીની ઉજવણી અને નૂતન વર્ષના વધામણાં

૪૯ ફૂટ ઊંચી 'તપોમૂર્તિ'ના દર્શન બાદ ચોપડા પૂજન અને અન્નકૂટ ઉત્સવમાં અનેક પરિવારો ઉત્સાહભેર જોડાયા











ટોરોન્ટો : દિવાની જ્યોત નાની હોય છે, તેમ છતાં તે અંધકારમાં તેજસ્વી રીતે ઝળહળે છે. જેમ જેમ વધુ દીવા પ્રગટાવવામાં આવે છે, તેમ તેમ પ્રકાશ વધુ તેજસ્વી બનતો જાય છે. બિલકુલ દિવાળીના મૂલ્યોની જેમ, જે એક વ્યક્તિથી બીજી વ્યક્તિ સુધી પહોંચે છે અને એક પેઢીમાંથી બીજી પેઢીમાં આગળ વધે છે તેવી ભાવના

ટોરોન્ટો સ્થિત BAPS સ્વામિનારાયણ મંદિરમાં દિવાળીના પર્વે જોવા મળી હતી. જ્યાં દીવાઓ, સુંદર રંગોળીઓ વચ્ચે અનેક પરિવારોએ સાથે મળીને દિવાળીની ઉજવણી અને હિન્દુ નૂતન વર્ષની શરૂઆત કરી હતી.

મંદિરમાં, વિવિધ પેઢીઓના લોકોએ સાથે મળીને ઉત્સવ ઉજવ્યો હતો. ત્યારે એક અદભૂત વાતાવરણ સર્જાયું હતું. અહીં નવી યાદો કંડારવાની સાથે સાથે, પેઢી દર પેઢી ચાલી આવતી પરંપરાઓનું પણ જતન કરવામાં આવ્યું હતું. મંદિરમાં આવનારા ભક્તોનું સ્વાગત રંગબેરંગી રંગોળી, દીવા અને ઉત્સવને અનુરૂપ સજાવટ દ્વારા કરવામાં આવ્યું હતું. પરિવારો અહીં દર્શન કરવા, પ્રાર્થના કરવા અને એકબીજા સાથે સમય વિતાવવા માટે એકત્ર થયા હતા. કેટલાક લોકો માટે આ ઉજવણી પોતાના ઘર જેવી હતી, તો અન્ય લોકો માટે દિવાળીનો અનુભવ કરવાની અને હિન્દુ પરંપરાઓને પ્રથમ વખત જાણવાની એક તક હતી.

દિવાળીના દિવસે, ભક્તો અને શુભેચ્છકોએ 'ચોપડા પૂજન' (શારદા પૂજન)માં ભાગ લીધો હતો. જે બાદ સૌએ BAPS ના બાળકો દ્વારા રજૂ કરવામાં આવેલા સાંસ્કૃતિક કાર્યક્રમનો આનંદ માણ્યો હતો. ત્યારબાદ મહાઆરતીમાં અનેક પરિવારો અને ભક્તોએ ઉત્સાહભેર ભાગી લીધો હતો. દિવસભરની ઉજવણીનું સમાપન આતશબાજીના ભવ્ય પ્રદર્શન સાથે થયું હતુ. જેણે ઉત્સવના વાતાવરણમાં અનેરો આનંદ ઉમેર્યો અને આ દિવસને એક યાદગાર સાંજમાં ફેરવી દીધો હતો.

આ ઉપરાંત ઉપસ્થિત લોકોએ શ્રી નીલકંઠ વર્ણી મહારાજની ૪૯ ફૂટ ઊંચી, નવનિર્મિત 'તપોમૂર્તિ'ના દર્શન પણ કર્યા હતા. આ તકે સ્વયંસેવક ચિંતન ભાવસારે જણાવ્યું હતું કે, આ મૂર્તિ ભગવાન સ્વામિનારાયણના યુવા અને ત્યાગી સ્વરૂપને દર્શાવે છે, જે તેમણે આધ્યાત્મિક સત્યની શોધમાં અને માનવજાતના કલ્યાણ માટે સમગ્ર ભારતમાં કરેલી સાત વર્ષની અસાધારણ યાત્રા દરમિયાન ધારણ કર્યું હતું.

"દિવાળી આપણને આપણા જીવનમાં મળેલી આશીર્વાદરૂપ બાબતો માટે કૃતજ્ઞ રહેવાનું અને આપણી શ્રદ્ધાને વધુ દ્રઢ કરવાનું યાદ અપાવે છે. આ એવો સમય પણ છે જ્યારે આપણે વિચારી શકીએ કે અન્ય લોકોના જીવનમાં આપણે કેવી રીતે વધુ દયા, કરુણા અને આનંદ લાવી શકીએ.

પર્વના ભાગરૂપે ભારતના વિવિધ ભાગોમાં નવા વર્ષને લગતી અનેક પરંપરાઓનું પાલન કરાયું હતુ. જેમાં

'અન્નકૂટ' ઉત્સવ પણ ઉજવાયો હતો. આ સાથે પ્રદર્શનની થીમ, 'લાઇટ બિયોન્ડ લેમ્પ્સ' (દીવાઓથી પરનો પ્રકાશ)ને આકાર અપાયો હતો. આ પ્રદર્શને મુલાકાતીઓને દિવાળી સાથે સામાન્ય રીતે સંકળાયેલા પ્રકાશ અને રંગોથી આગળ વધીને એ જોવા માટે પ્રેરિત કર્યા કે, હિન્દુ સંસ્કૃતિ કેવી રીતે પરિવાર, શ્રદ્ધા, પરંપરાઓ, સામુદાયિક સેવા અને શાશ્વત મૂલ્યો દ્વારા રોજિંદા જીવનમાં જીવંત રહે છે.

દિવાળીના દિવસો અને અઠવાડિયાઓ પહેલાં, તમામ ઉમરના સ્વયંસેવકોએ અન્નકૂટ માટે વાનગીઓ તૈયાર કરવામાં, રંગોળી બનાવવામાં, મંદિરને શણગારવામાં અને મુલાકાતીઓનું સ્વાગત કરવામાં પોતાનો સમય અને કૌશલ્ય અર્પણ કર્યા હતા.

દિવાળીના દાન અને કરુણાના ભાવને અનુસરીને, BAPS ની માનવતાવાદી શાખા 'BAPS ચેરિટીઝ' (BAPS Charities) દ્વારા કેનેડાના ૧૯ શહેરોમાં 'BAPS ચેરિટીઝ ફૂડ ડ્રાઈવ'નું આયોજન કરવામાં આવ્યું છે. જેનો ઉદેશ્ય જરૂરિયાતમંદ વ્યક્તિઓ અને પરિવારોના જીવનમાં પ્રકાશ અને આશા લાવવાનો છે. ગત વર્ષે આ ફૂડ ડ્રાઈવ દ્વારા ૬૬,૦૦૦ પાઉન્ડથી વધુ એવી ખાદ્યસામગ્રી એકત્ર કરવામાં આવી હતી. જે કેનેડાભરની વિવિધ 'ફૂડ બેંકો'ને દાન કરવામાં આવી હતી.

CLUB CERAMIC

Porcelain Tiles : Premium Quality and Best Price

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

MONTREAL
225 Rue Ness, Saint-Laurent, QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 / +1-514-260-2242

OTTAWA
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

CAMBRIDGE
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-394-6030 / +1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com

HONEST - DEDICATED - TEAMWORK

Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.

PINNACLE REAL ESTATE GROUP

CENTURY 21 Innovative Pinnacle Real Estate Group

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience



- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!



Welcome to the stunning 5 bedroom 2 storey home in the Taunton neighbourhood of North Oshawa. 9 ft ceiling!!! Upstairs Features a Generous Area with Large primary bedroom with 5 pcs ensuite bathroom & huge walk in closet and 4 Spacious Bedrooms Each Offering a closet. Large kitchen with stainless steel appliances, gorgeous backsplash & quartz countertop. A breakfast area walks out to the garden in fully fenced. Backyard has nice a patio area. Upgraded Hardwood flooring throughout the main floor living, dining area and family room with gas fireplace. Main floor laundry with side door entrance and garage access. The basement is unfinished but it's a future in-law suite or big recreation space. Steps to Seneca Trails Public School and close to all amenities Including Shopping, Schools, Transit and Easy Access to Highway 407.



*EXCITING INVESTMENT & DEVELOPMENT OPPORTUNITY! Based on the lot frontage and area identified in the property survey, development of up to 12 dwelling units in the form of stacked townhouse dwellings or a low-rise multi-unit dwelling could be permitted, subject to the applicable Zoning By-law provisions. An exceptional opportunity for investors, builders, and developers to explore the property's future potential while benefiting from an existing home on a generous lot. A rare opportunity to own a half-acre property with a charming home today and possibilities for tomorrow! Discover all that 77 Progress has to offer.Nestled in the friendly community of West Park Village! *The existing home offers comfortable single-level living, a spacious foyer providing convenient access to the main living area, attached double-car garage, and basement. Large windows fill the home with natural light, while the open-concept kitchen, dining/living areas create a warm and welcoming space for everyday living and entertaining, with lovely views of the expansive backyard.The basement offers excellent additional space, featuring a laundry area, ample dry storage, and a finished bonus room ideal for a home office, gaming room etc.Step outside and discover the possibilities! The expansive backyard offers plenty of room to relax, entertain, garden, or enjoy your own private outdoor retreat. A private patio off the foyer is perfect for summer barbecues, complete with a natural gas hookup and BBQ included. Upgraded electrical (2019), and an insulated, heated double-car garage with excellent storage and a large built-in workbench.



Welcome to this beautifully laid-out family size Detached home, rarely offering generous living spaces, 2 Story Stunning Home On Premium Corner wide Lot In High Demand Area In Ajax. throughout Hardwood floor features and plenty of room. The main floor is designed for both everyday comfort and entertaining, with a spacious great room featuring hardwood flooring and a cozy gas fireplace overlooking the backyard. The open-concept dining room provides a welcoming space for family gatherings, while the well-appointed kitchen showcases granite countertops, stainless steel appliances. The bright breakfast area and a walkout to the large deck, creating a seamless connection between indoor and outdoor living. In between level offers large size 2nd family room, Built Huge Deck For All Your Entertaining! Oak Stair Case And Much More!

You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.

Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !

Shamim & Amin Kharodia

Broker of Record / Sales Representative

teamkharodia@gmail.com

300-2855 Markham Rd Toronto ON M1X 0C3

D: (647) 501-6786 I D: (647) 308-2941

F : (416) 298-8303 I P: (647) 666-8676

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.